## શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, ગુજરાત

સંલગ્ન

## શ્રીમતી રેવાબેન કરશનભાઈ દેવાભાઈ ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

NCTE Code 325049 College Code-280 NAAC Accredited- B Grade

# PROSPECTUS

## અભ્યાસક્રમ

## M.Ed. Course (SEM-I, II, III & IV)

## Batch 2024-26




**SHREE BANASKANTHA KADVA PATIDAR SANSKAR MANDAL, PALANPUR**

**Karnavat School campus, Gobari Road, Palanpur, Pin - 385001**

**Phone No: - 02742 258322, Contact: -9408057410**

**Website:-www.bkkpsm.org**

**E-Mail:- bkkadvapatidar@gmail.com, bkpsrkdmed@gmail.com**

राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान

NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL

*An Autonomous Institution of the University Grants Commission*

# Certificate of Accreditation

The Executive Committee of the

National Assessment and Accreditation Council

on the recommendation of the duly appointed

Peer Team is pleased to declare the

Matrushree S. S. Govinda and Shrimati

R. K. D. Khanushiya College of Education

Palanpur, Dist. Banaskantha,

affiliated to Hemchandracharya North Gujarat University, Gujarat as

Accredited

with CGPA of 2.16 on four point scale

at B grade

valid up to April 30, 2020

Date : May 01, 2015

Director



# આચાર્યશ્રીનો આવકાર

પ્રશિક્ષણાર્થી મિત્રો,

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત શ્રીમતી આર. કે. ડી. ખાણુંસિયા એમ.એડ્. કોલેજમાં આપ સૌનું સ્વાગત છે. ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું હોય ત્યારે વર્ગખંડોમાં કામ કરતાં શિક્ષકોના શિક્ષક તૈયાર કરવાનું કાર્ય આ સંસ્થા છેલ્લા ૧૪ વર્ષોથી હાથ ધરતી આવી છે. પ્રશિક્ષણાર્થીઓ વિવિધ શિક્ષણ કૌશલ્યોથી પારંગત બની સંશોધન સૂઝ કેળવે તે માટેના પ્રયત્નો સંસ્થા દ્વારા સતત કરવામાં આવે છે.

શિક્ષણના વર્તમાન પ્રવાહો, નવાં થતાં જતાં સંશોધનો અને ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવાના આશય સાથે જ્યારે નવી શિક્ષણનીતિ-૨૦૨૦માં અમલમાં આવી છે ત્યારે સમાજ માટે કુશળ શિક્ષક તૈયાર થાય, અભ્યાસક્રમની ઝાંખી મેળવી તેની મુંઝવણો દૂર કરી શકે તેવા આશયથી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલું છે.

આશા છે કે આ પુસ્તિકા આપ સર્વે પ્રશિક્ષણાર્થીઓને માર્ગદર્શન આપશે.

**ડૉ. પિનાક્ષીબેન પટેલ**

**પ્રો & હેડ**

**શ્રીમતી આર.કે.ડી.ખાણુસિયા**

**એમ.એડ્. કોલેજ, પાલનપુર**

# સુવર્ણજયંતી મહોત્સવની ઉજવણી

અમને જણાવતા આનંદ થાય છે, કે અમારી ઉપરોક્ત સંસ્થા આ વર્ષે ૨૦૨૪-૨૫ માં પચાસ વર્ષ પૂર્ણ કર્યા તેના ભાગરૂપે સુવર્ણજયંતીની ઉજવણી કરી રહ્યા છે. શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળની સ્થાપના ૩ ફેબ્રુઆરી ૧૯૭૧ ના રોજ શિક્ષણના એક ઉમદા વિચારથી ખેડૂત વર્ગ દ્વારા થઈ હતી. એક છાત્રાલયથી શરૂઆત કરેલ હતી અને આજે ગુજરાત રાજ્ય અને પાલનપુર શહેરની એક જાણીતી સંસ્થામાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. પાંચ દાયકાની આ સંસ્કાર અને શિસ્ત સાથેના શિક્ષણની વિકાસ યાત્રામાં આ સંસ્થામાં કુમાર અને કન્યા છાત્રાલય, બાલમંદિરથી ધોરણ-૧૨ સુધી ગુજરાતી માધ્યમ, બાલમંદિર થી ધોરણ ૧૨ સુધી અંગ્રેજી માધ્યમ, બી.એડ્. કોલેજ, એમ.એડ્. કોલેજ, બી.એસસી. કોલેજ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને એમ. એસ. સી. કોલેજ સાથે કુલ મળીને ૩૮૫૦ વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ લઇ રહ્યા છે. આ સંસ્થામાં ૧૭૫ કર્મચારી ગણ કામ કરી રહ્યા છે. વર્તમાન સમયને અનુરૂપ સેન્ટ્રલ ઈ.-લાયબ્રેરી નિર્માણ માટે ગતિવિધિ શરુ કરી દીધી છે. આ ૫૦ વર્ષમાં આ સંસ્થાએ સફળતાના મોટા શિખરો સર કર્યા છે.

આ કાર્યક્રમના ઉપલક્ષમાં નામકરણ દાતા રૂમના દાતા, શૈક્ષણિક સાધનોના દાતા તથા નાના-મોટા તમામ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ૫૦ વર્ષમાં સેવા આપેલ સંસ્થાના ભૂતપૂર્વ હોદ્દેદારો, ભૂતપૂર્વ કારોબારી સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ ગુરુજીઓ, ભૂતપૂર્વ કર્મચારીઓ અને સરકારના સારા હોદ્દા પર બિરાજમાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન કારોબારી સભ્યશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ૧૯૭૦ થી ૨૦૨૩ સુધીના તમામ ભૂતપૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું . સંસ્થાના વર્તમાન હોદ્દેદાર અને વર્તમાન કારોબારી દ્વારા સંસ્થામાં કાર્યરત તમામ શૈક્ષણિક, બિનશૈક્ષણિક અને સંસ્થાની સેવામાં કાર્યરત તમામ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉદાર હાથે દાન આપનાર તમામ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.





## શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્, કોલેજ, પાલનપુર

### લઘુશોધ નિબંધ ઓળખ યાદી

વિધાર્થીનું નામ : ........................................................................................................................................................

રોલ નંબર .................................... સેમેસ્ટર .................................. વર્ષ ................................................................

લઘુશોધ નિબંધ શીર્ષક - ગુજરાતી : ..............................................................................................................................

..............................................................................................................................................................................

અંગ્રેજી- ..................................................................................................................................................................

..............................................................................................................................................................................

માર્ગદર્શકનું નામ :......................................................................................................................................................

| ક્રમ | વિગત | મંજૂર/નામંજૂર | માર્ગદર્શકની સહી | રીમાર્ક |
|---|---|---|---|---|
| 1 | સમસ્યા શીર્ષક પસંદગી | | | |
| 2 | ઓનલાઈન રીવ્યુ (10 થી 15) | | | |
| 3 | સંશોધન દરખાસ્ત | | | |
| 4 | પ્રકરણ-1 | | | |
| 5 | પ્રકરણ-2 | | | |
| 6 | પ્રકરણ-3 | | | |
| 7 | પ્રકરણ-4 | | | |
| 8 | પ્રકરણ-5 | | | |
| 9 | ઉપકરણ નિર્માણ | | | |
| 10 | સ્પાઇરલ કોપી (બધાજ પ્રકરણ સાથે ) | | | |
| 11 | 5 નકલ (હાર્ડ) બાઈન્ડીંગ સાથે | | | |
| 12 | 2 CD- 1 Each in WORD, PDF | | | |
| 13 | સંશોધન સારાંશ 5 નકલ | | | |
| 14 | વાઈવા પ્રશ્નોના જવાબ | | | |

નોધ – ટાઈપિંગ ગુજરાતી ફોન્ટ શ્રુતિ જ રાખવું અન્ય ફોન્ટ ચાલશે નહિ.

## સંસ્થાનો દ્રષ્ટિકોણ

અમારી દ્રષ્ટિ એવા યુવાન લોકોના સમૂહની આવશ્યકતાની પૂર્તિ કરવાની છે, જે શિક્ષકના રૂપમાં સકારાત્મક વલણ, સંશોધન પ્રત્યે આદર અને નવીન પ્રયુક્તિઓ અપનાવવાની તૈયારીથી માંડીને વર્ગખંડ શિક્ષણને પ્રભાવશાળી અને આનંદદાયી બનાવે તથા શિક્ષણના ક્ષેત્રમાં આવનારી મુશ્કેલીઓનો હિંમતપૂર્વક સામનો કરે અને તેના પ્રત્યે સંપુર્ણ પ્રતિબધ્ધ રહે.

## સંસ્થાનું મિશન

* જીવનપર્યંત શીખવાની ભાવનાથી પ્રેરિત એવા સમર્પિત શિક્ષકો તૈયાર કરવા.
* વ્યાવસાયિક પ્રતિબધ્ધતા માટે ઊંચા પ્રતિમાન સ્થાપિત કરવા.
* અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાને વ્યાવસાયિક દ્રષ્ટિબિંદુથી સુધારવી.
* શિક્ષણક્ષેત્રે સંશોધન માટે કાર્ય કરવું.
* શાળા, સમાજ અને રાષ્ટ્ર માટે સાચા અર્થમાં નેતા અને પ્રશાસક બનવા માટેની પ્રેરણા આપવી.

## શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુરનો પરિચય

શિક્ષણની આવતીકાલ જીવનપર્યંત જીવન જીવવા માટેના શિક્ષણની છે. પ્રસ્તુત વિચારધારાને સાર્થક કરવાના ઉમદા હેતુથી શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર જેણે ૧૯૭૧ માં કેળવણીની જયોત પ્રગટાવી અને આજે આ મંડળ ૩૧ ગામડાઓના કડવા પાટીદાર સમાજનું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે. આશરે ૫૦૦૦ થી વધારે કાર્યરત સભ્યો ધરાવતું આ સાર્વજનિક મંડળ સતત સક્રિય રહી શિક્ષણ આપવા માટેની વિવિધ અનેક શાખાઓ શરૂ કરી છે. આ મંડળ વર્તમાન સમયમાં બાલમંદિરથી માંડીને ઉચ્ચ શિક્ષણની અનુસ્નાતક સંસ્થાઓ સાથે ભાવિ શિક્ષકો તૈયાર કરવા સુધીનું શિક્ષણ આપવાનું કાર્ય કરી રહ્યું છે. આ મંડળ દ્વારા હાલ નીચે પ્રમાણેની શૈક્ષણિક સંસ્થાઓ અસરકારક રીતે કાર્ય કરી રહી છે.

| ક્રમ | શૈક્ષણિક સંસ્થાનું નામ | સ્થાપના વર્ષ |
|---|---|---|
| 1 | શ્રી એન. આર. કરણાવત છાત્રાલય ( કડવા પાટીદાર છાત્રાલય ) | 1972 |
| 2 | શ્રી એમ.બી. કરણાવત હાઈસ્કૂલ, પાલનપુર | 1975 |
| 3 | શ્રી કે.બી. કરણાવત પ્રાથમિક શાળા, પાલનપુર | 1995 |
| 4 | શ્રી કે.એમ. ઈલાસરીયા બાલમંદિર, પાલનપુર | 1997 |
| 5 | માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુર | 2004 |
| 6 | માતૃશ્રી એ.જી. મેડાત પી.ટી.સી. કોલેજ, પાલનપુર | 2006 |
| 7 | માતૃશ્રી એમ.જે. જગાણીયા અંગ્રેજી બાલમંદિર, પાલનપુર | 2007 |
| 8 | શ્રી કે.વી.જગાણીયા અંગ્રેજી પ્રાથમિક શાળા, પાલનપુર | 2008 |
| 9 | શ્રી બ.કાં. કડવા પાટીદાર સંસ્કાર મંડળ લેડીઝ હોસ્ટેલ, પાલનપુર | 2008 |
| 10 | શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર | 2008 |
| 11 | શ્રી બ.કાં. કડવા પાટીદાર સંસ્કાર મંડળ અંગ્રેજી મા. અને ઉ. મા. શાળા, પાલનપુર | 2009 |
| 12 | શ્રી બ.કાં. કડવા પાટીદાર સંસ્કાર મંડળ બી.સી.એ. કોલેજ, પાલનપુર | 2010 |
| 13 | શ્રી પી. એન. કરપટીયા બી.એસસી. કોલેજ, પાલનપુર | 2014 |
| 14 | શ્રી બ.કાં. કડવા પાટીદાર સંસ્કાર મંડળ બી.એ. & બી.કોમ. કોલેજ, પાલનપુર | 2016 |
| 15 | શ્રી બ.કાં. કડવા પાટીદાર સંસ્કાર મંડળ પી.જી.(એમ.એસસી.). કોલેજ, પાલનપુર | 2020 |

માત્ર શિક્ષણ સુધી જ મર્યાદિત ન રહેતા આ સંસ્થાના કેન્દ્રમાં સમાજ પણ છે. જેમાં ૨૦૦૬ - ૨૦૦૭ થી શરૂ થયેલ મહિલા મંડળની પ્રવૃત્તિ મહિલા જાગૃતિ માટે ખૂબ જ આવકાર્ય બની છે અને સમગ્ર પરિવારની ઉત્સવપ્રિયતાની પ્રતીતિ કરાવતો ઉમંગોત્સવ પણ પરિવારનું આગવું આકર્ષણ છે. નિષ્ઠા અને નિ:સ્વાર્થ

સેવાથી જેમણે આ મંડળરૂપી ઈમારતનો પાયો નાખ્યો છે અને તેનો ઉત્કર્ષ જેના કેન્દ્રમાં છે. તેવા મંડળના સભ્યશ્રીઓ પોતાના પ્રયત્નોને સાર્થક ગણાવતા એટલું જ અનુબોધે છે કે કાર્ય સિદ્ધિને પણ સરસ લાગે છે અને તેને છીપાવવી એ જ છે અમારું લક્ષ્ય.

આ મંડળની કારોબારીમાં કુલ ૩૧ સભ્યો તથા સલાહકાર સમિતિમાં કુલ ૧૦ સભ્યો નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહ્યા છે. હાલ આ મંડળના નીચે મુજબના મુખ્ય હોદ્દેદારો કુનેહપૂર્વક તેમની સંનિષ્ઠ સેવાઓ આપી રહ્યા છે.

| ક્રમ | નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| 1 | શ્રી ઈશ્વરભાઈ અંબારામભાઈ કરણાવત | પ્રમુખ | **9426066323** |
| 2 | શ્રી નાથાભાઈ ભીખાભાઈ ઈલાસરીયા | ઉપપ્રમુખ | **9824668106** |
| 3 | શ્રી અમૃતભાઈ ભગવાનભાઈ ગોરાદરા | મંત્રી | **9426966474** |
| 4 | શ્રી યશવંતભાઈ પરસોત્તમભાઈ કરણાવત | ખજાનચી | **9426018843** |
| 5 | શ્રી નવીનભાઈ મગનભાઈ રોડ | સહમંત્રી | **7600030518** |
| 6 | શ્રી નાગરભાઈ વીરાભાઈ ગોવિંદા | વહીવટી અધિકારી | **9925097087** |

શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુરમાં એક વર્ષનો એમ.એડ્.નો ફુલટાઈમ અભ્યાસક્રમ જૂન-૨૦૦૮ થી શરૂ થયેલ છે અને વર્ષ ૨૦૧૦-૧૧ થી સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવેલ છે. આ કોલેજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સાથે સંલગ્ન છે. જૂન ૨૦૧૫ થી બે વર્ષના એમ.એડ્.ના ફુલટાઈમ અભ્યાસક્રમની શરૂઆત થઈ તેમજ પ્રવર્તમાન જૂન ૨૦૧૯ થી અમલમાં બે વર્ષના નવિન અભ્યાસક્રમ સાથે આ પુસ્તિકા તૈયાર કરવામાં આવેલ છે.

## વર્ષ 2023-24 દરમિયાન નીચે મુજબનો શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ કાર્યરત છે

### શૈક્ષણિક સ્ટાફ

| ક્રમ | અધ્યાપકનુ નામ | હોદ્દો | લાયકાત | સંસ્થા જોડાણ તારીખ |
|---|---|---|---|---|
| 1 | ડૉ.પી.બી.પટેલ | પ્રોફેસર & હેડ | M.A., M.ED. , M.PHIL., PH.D. | 02/09/2021 (9408057410) |
| 2 | શ્રી પી.કે.પંચોલી | આસિ. પ્રોફેસર | M.A., M.ED. | 02/09/2013 (6351060564) |
| 3 | ડૉ. જે.એલ.બારડ | આસિ. પ્રોફેસર | M.A. , M.ED , M.PHIL, PH.D. | 15/07/2019 (9924087910) |
| 4 | શ્રી સી.જે.રાવલ | આસિ. પ્રોફેસર | M.A., M. ED.,M.PHIL. | 10/06/2024 (9687402383) |
| 5 | શ્રી આર.જે.પટેલ | આસિ. પ્રોફેસર | M.COM., M.ED. | 10/06/2024 (8401867994) |
| 6 | ડૉ. સી.એમ.ત્રિવેદી | ગેસ્ટ ફેકલ્ટી | M.A., M. ED., M.PHIL, PH.D. | Since last 5 years (9428679177) |

### બિનશૈક્ષણિક સ્ટાફ

| ક્રમ | નામ | હોદ્દો | લાયકાત | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| 1 | શ્રી કાન્તીભાઈ જી. પટેલ | ગ્રંથપાલ | M.A.M.LIB | 9909058537 |
| 2 | શ્રી સૌરભભાઈ એસ.પંચાલ | જુનિ.ક્લાર્ક | B. COM | 9664825584 |
| 3 | શ્રી દિલીપભાઈ એલ. પટેલ | જુનિ.ક્લાર્ક | M. COM | 9998501360 |
| 4 | શ્રી દિનેશભાઈ બી. જગાણીયા | સેવક | STD.7 PASS | 9428370095 |
| 5 | શ્રી રમેશભાઈ આર.ગાંભવા | સેવક | STD.9 PASS | 9426237401 |

## એમ.એડ્.ના અભ્યાસ વર્ગો

સોમવારથી શુક્રવારના દિવસોમાં **સવારે** ૮:00 થી ૨:00 અને શનિવારના દિવસે બપોરે **૧૧:00 થી ૫:00** ના સમય દરમિયાન અભ્યાસ, અધ્યયન-અધ્યાપન કાર્ય થાય છે. પ્રત્યેક લેકચરમાં હાજરી પૂરાય છે.

## એમ.એડ્.કોલેજની વિશેષતા

## ગ્રંથાલય સુવિધા

સંસ્થા પાસે ભૌતિક તેમજ શૈક્ષણિક સુવિધાઓથી સુસજ્જ ગ્રંથાલય છે. જેમાં જરૂરી પુસ્તકો તેમજ સંશોધન અહેવાલો છે. આ ઉપરાંત શિક્ષણના અંગ્રેજી, હિન્દી તેમજ ગુજરાતીમાં વિવિધ જર્નલ્સ પણ નિયમિત રૂપે આવે છે. વિદ્યાર્થીઓને ત્યાં બેસીને અભ્યાસ કરવાની પણ પૂરેપૂરી સગવડ છે.

## કમ્પ્યૂટર લેબોરેટરી સુવિધા

જનરલ પ્રાયોગિક કાર્ય માટે ૩૦ કમ્પ્યૂટરની લેબોરેટરી તેમજ E-LIBRARY તરીકેની ઉપયોગિતા માટે ૧૦ કમ્પ્યૂટરની લેબ છે, જે ઈન્ટરનેટ અને LAN જોડાણથી સજ્જ છે. આ ઉપરાંત કોન્ફરન્સ હોલ કે જે LAN અને ઈન્ટરનેટ જોડાણ તેમજ L.C.D. પ્રોજેકટરથી સજ્જ છે.

## મનોવૈજ્ઞાનિક લેબોરેટરી સુવિધા

કોલેજમાં અલગ મનોવૈજ્ઞાનિક લેબોરેટરી છે. જે વિવિધ પ્રમાણિત મનોવૈજ્ઞાનિક કસોટીઓ અને પ્રયોગ માટેના સાધનોથી સુસજ્જ છે.

## શૈક્ષણિક પ્રવાસ

શૈક્ષણિક વર્ષ દરમિયાન એક પ્રવાસ કરવાનો હોય છે. આ સંદર્ભમાં પ્રવાસ-આયોજન કરવામાં આવે છે જેમાં પ્રત્યેક વિદ્યાર્થીએ જોડાવવાનું હોય છે. આ પ્રવાસનું સમગ્ર આયોજન વિદ્યાર્થીઓ સાથે મળીને કરે છે. પ્રવાસ દરમિયાન શૈક્ષણિક સંસ્થા દર્શન તથા ધાર્મિક સ્થળોથી વાકેફ થાય છે.

## એમ.એડ્. કોલેજની સિદ્ધિ

1. 2008-09 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા યુનિવર્સિટી કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. (વિદ્યાર્થીનું નામ : પંચાલ હેમાંગિની બી.)
2. 2008-09 વર્ષમાં સંશોધન ક્ષેત્રે મોડાસામાં યોજાયેલ લઘુશોધ નિબંધ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. (વિદ્યાર્થીનું નામ : પટેલ કલ્પના એ.)
3. 2009-10 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ (સુવર્ણ ચંદ્રક) સ્થાન પ્રાપ્ત કરેલ( વિદ્યાર્થીનું નામ : નાઈ મનીષાબેન આર.)
4. 2010-2011 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા યુનિવર્સિટી કક્ષાએ આઠમું સ્થાન પ્રાપ્ત કરેલ.(વિદ્યાર્થીનું નામ : વણકર તુષાર કે.)
5. 2011-2012 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા યુનિવર્સિટી કક્ષાએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ. (વિદ્યાર્થીનું નામ : પટેલ ઉન્નતિબેન કે.)
6. 2012-2013 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા યુનિવર્સિટી કક્ષાએ આઠમું સ્થાન પ્રાપ્ત કરેલ. (વિદ્યાર્થીનું નામ : રાઠોડ હિનાબેન એ.)

7. 2013-2014 વર્ષદરમિયાન કોલેજનું પરિણામ 100% તથા યુનિવર્સિટી કક્ષાએ 1 થી 10 માં સ્થાન પ્રાપ્ત કરેલ. (વિદ્યાર્થીનું નામ : સિંધી અંજુમન જે.)
8. 2014-2015 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા યુનિવર્સિટી કક્ષાએ 1 થી 10 માં સ્થાન પ્રાપ્ત કરેલ. (વિદ્યાર્થીનું નામ : ગાંભવા રજનીકાંત એસ.)
9. 2015-2017 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 85% તથા કૉલેજ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ (વિદ્યાર્થીનું નામ - સિંગલ મનુભાઈ એમ.)
10. 2016-2018 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 95.8% તથા કૉલેજ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ (વિદ્યાર્થીનું નામ –પરિહાર રેખા.એફ.)
11. 2017-2019 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા કૉલેજ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ (વિદ્યાર્થીનું નામ - મોદી હિરલબેન એન.)
12. 2018-2020 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા કૉલેજ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ (વિદ્યાર્થીનું નામ - પટેલ ટીનાબેન કે.)
13. 2019-2021 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 98% તથા કૉલેજ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ (વિદ્યાર્થીનું નામ - ઠક્કર કુંજન એ.)
14. 2020-2022 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા કૉલેજ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ (વિદ્યાર્થીનું નામ – દેસાઇ પલકબેન એન.)
15. 2021-2023 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 100% તથા કૉલેજ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ (વિદ્યાર્થીનું નામ – મહુડીયા મોતીભાઈ જે.)
16. 2022-2024 વર્ષ દરમિયાન કોલેજનું પરિણામ 98.11% તથા કૉલેજ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ (વિદ્યાર્થીનું નામ –પટેલ જીનલબેન બી.)

# Previous Years Result (One Year Course)

| Year | 2008 -09 | 2009-10 | 2010-11 | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 |
|---|---|---|---|---|---|---|---|
| Distinction | 15 | 19 | 23 | 27 | 16 | 17 | 16 |
| First Class | 08 | 06 | 09 | 01 | 00 | 16 | 18 |
| Second Class | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Fail | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| assed | 24 | 25 | 32 | 28 | 16 | 33 | 34 |
| Appeared | 24 | 25 | 32 | 28 | 16 | 33 | 34 |
| Absent | 00 | 00 | 03 | 00 | 00 | 00 | 00 |
| Strength | 24 | 25 | 35 | 28 | 16 | 33 | 34 |
| College Result | **100%** | **100%** | **100%** | **100%** | **100%** | **100%** | **100%** |

# Previous Years Result (Two Year Course)

| Year | 2015-17 | 2016-18 | 2017-19 | 2018-20 | 2019-21 | 2020-22 | 2021-23 | 2022-24 |
|---|---|---|---|---|---|---|---|---|
| **Distinction** | 07 | 07 | 28 | - | - | - | - | 52 |
| **First Class** | 10 | 10 | 00 | - | - | - | 55 | 52 |
| **Second Class** | 00 | 06 | 00 | - | - | - | - | - |
| **Fail** | 03 | 01 | 00 | 00 | 01 | 00 | 00 | 00 |
| **assed** | 20 | 24 | 28 | 32 | 48 | 55 | 55 | 53 |
| **Appeared** | 20 | 24 | 28 | 32 | 50 | 55 | 55 | 52 |
| **Absent** | 00 | 02 | 00 | 00 | 01 | 00 | 00 | 1 |
| **Strength** | 20 | 24 | 28 | 32 | 50 | 55 | 55 | 53 |
| **College Result** | **85%** | **95.8%** | **100%** | **100%** | **98%** | **100%** | **100%** | **98.11%** |

# Previous Years Result (Two Year Course)

| Year | 2023-25 | 2024-26 | 2025-27 | 2026-28 | 2027-29 | 2028-30 | 2029-31 | 2030-32 |
|---|---|---|---|---|---|---|---|---|
| **Distinction** | | | | | | | | |
| **First Class** | | | | | | | | |
| **Second Class** | | | | | | | | |
| **Fail** | | | | | | | | |
| **assed** | | | | | | | | |
| **Appeared** | | | | | | | | |
| **Absent** | | | | | | | | |
| **Strength** | | | | | | | | |
| **College Result** | | | | | | | | |

## એમ.એડ્. કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશ

1. પ્રશિક્ષણાર્થીઓને નાવિન્યતાપૂર્ણ શિક્ષકો બનવા માટે સક્ષમ કરવા.
2. પ્રશિક્ષણાર્થીઓને શિક્ષણમાં સંશોધન કાર્ય હાથ ધરવા માટે તેમજ તેમાં રસ લેવા સક્ષમ બનાવવા.

3. પ્રશિક્ષણાર્થીઓને જવાબદાર હોદ્દા માટે તૈયાર કરવા.

(અ) માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા (બ) D. El. Ed. કૉલેજ અને ડાયટ (DIET) (ક) શિક્ષણ વિભાગ

(ડ) શૈક્ષણિક સંશોધન, શિક્ષણ આયોજન, શૈક્ષણિક પ્રૌદ્યોગિકી અને શિક્ષણ વહીવટ સાથે સંકળાયેલ શિક્ષણની સંસ્થાઓ.

4.સંશોધન અભ્યાસ દ્વારા એક વિદ્યાશાખા તરીકે શિક્ષણના વિકાસમાં યોગદાન આપી શકે તેવા નેતાઓને (Leaders) તૈયાર કરવા.

5. સક્ષમ અને પ્રબુદ્ધ વહીવટકર્તાઓ અને સુપરવાઈઝરોને તાલીમ આપવી, જેઓ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ અને સુપરવાઈઝર સેવાઓમાં જવાબદારીના હોદ્દા પર બિરાજમાન હશે.

6. પ્રશિક્ષણાર્થીઓને વિવિધ મનોવૈજ્ઞાનિક સેવાઓ જેવી કે વ્યક્તિગત, શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન, વગેરે શૈક્ષણિક અભિગમો સાથે પૂરી પાડવી.

7. અભ્યાસક્રમના વિકાસ અને અનુંદેશન સામગ્રી તૈયાર કરવા માટે પ્રશિક્ષણાર્થીઓને તાલીમ આપવી.

8. પરીક્ષા સુધારણાના કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રશિક્ષણાર્થીઓને તાલીમ આપવી.

9. રાજ્યની શિક્ષણ પ્રણાલી સમક્ષ ઉપસ્થિત સમસ્યાઓના સ્વરૂપને સમજવા અને તેના ઉકેલ માટે કેટલાક નવિન ઉપાયો માટે પ્રયાસ કરવો.

10.દેશમાં ગુણવત્તાયુક્ત પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના ફેલાવા માટેની યોજનામાં કરવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણની નીતિઓ અને જોગવાઈઓની સરાહના કરવી અને તેના માટે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોને સજ્જ કરવાની રીતો અને માધ્યમોથી વાકેફ કરવા.

11.તાજેતરના વૈશ્વિક વિકાસના સંદર્ભમાં, શિક્ષણમાં નવો જોશ અને પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક, ભાવનાત્મક અને પ્રદર્શિત કૌશલ્યો કેળવવાના માર્ગ અને માધ્યમો સમજવા માટે આવતીકાલના વૈશ્વિક નાગરિકો તૈયાર કરવા.

12.આજ અને આવતીકાલના માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકી (ICT) થી પ્રભાવિત દુનિયા પર જીવનપર્યંત શીખતા રહે તેવા શીખનારાઓ માટે જરૂરી વલણ, કૌશલ્યો તેમનામાં આત્મસાત કરવા.

## એમ. એડ. કાર્યક્રમ અધ્યયન નિષ્પત્તિઓ

### 1. સંશોધન કુશળતા

વિવિધ સંશોધન પદ્ધતિઓ સમજશે, સંબંધિત સંશોધન સાધનો, ઉપકરણો અને તકનીકોથી વિદ્યાર્થીઓ સજ્જ થશે, આંકડાકીય માહિતીનો ઉપયોગ કરીને માહિતી સંગ્રહ અને વિશ્લેષણ કરી શકશે, વ્યવહારુ સંશોધન કાર્યમાં વિભાવનાત્મક સમજણનો ઉપયોગ કરી શકશે અને સંશોધન અહેવાલ લખી શકશે. શિક્ષણના ઐતિહાસિક, રાજકીય, સામાજિક અને આર્થિક પાસાઓને સમજશે, શૈક્ષણિક સંશોધન માટે વિવિધ સંશોધન પદ્ધતિઓ અને શૈક્ષણિક લેખનનો વિશિષ્ટ ઉપયોગ કરતા શીખશે.

### 2. વિશ્લેષણ અને અર્થઘટનની કુશળતા

માહિતીની વિશ્લેષણાત્મક અને અર્થઘટન કુશળતામાં વધારો કરી શકશે, પ્રશિક્ષણાર્થીઓ આંકડાકીય વિશ્લેષણ માટે, સોફ્ટવેર (SPSS, MS Excel) વગેરેનો ઉપયોગ કરવામાં સારી રીતે તાલીમબદ્ધ બનશે.

### 3. નિર્ણયાત્મકતા માટેની કુશળતા

પ્રશિક્ષણાર્થીઓ શાળા સંચાલન અને વર્ગખંડના સંચાલનની વિવિધ સમસ્યાઓ હલ કરવામાં સક્ષમ બનશે.

### 4. ટેક્નોલોજીનો ઉપયોગ

ICT ની નવીન ટેક્નોલોજી અને સાધનોનો શિક્ષણ પ્રશિક્ષણના વાતાવરણમાં ઉપયોગ સમજશે. ICT નો ઉપયોગ શિક્ષણના ઉદ્દેશો, શિક્ષણની વ્યૂહરચનાઓ, શિસ્ત, સંકલિત શિક્ષણ, સંસાધન વિકાસ, સંશોધન માહિતીના વિશ્લેષણ અને અર્થઘટન માટે કરશે.

**5. સામાજિક ઉત્થાન**

સામાજિક સંસ્થાઓ વિશે સમજશે અને જીવનની પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવા તથા સામાજિક શોષણ સામે પ્રતિકાર માટે સક્ષમ બનશે.

**6. અસરકારક નાગરિક નૈતિકતા**

વિવિધ મૂલ્યો, નૈતિકતા અને સમાજ સેવા વિષે સમજશે અને સમાજ માટે જવાબદારી સ્વીકારવા તૈયાર થશે. શિક્ષણ અને સંશોધનમાં કઠોરતા અને સુસંગતતા સાથે વિદ્વતાની અસરકારક મૌખિક અને લેખિત કુશળતા વિકસાવશે અને શિક્ષણ ક્ષેત્રે સંબંધિત નીતિઓ અને યોજનાઓને સમજવા માટે સક્ષમ બનશે.

**7. મૂલ્યાંકન કૌશલ્ય**

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના મૂલ્યાંકનના ક્ષેત્રોને અસરકારક મૂલ્યાંકન માટે ઓળખી શકશે.

**8. અભ્યાસક્રમ રચના**

પ્રાથમિક અને માધ્યમિક સ્તરે અભ્યાસક્રમ વિકાસના આધાર, સિદ્ધાંતો અને પ્રક્રિયાને સમજશે.

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી નિર્ધારિત શિક્ષણ અનુસ્નાતક (એમ.એડ) નિયમ

- **એમ.એડ્. નિયમ -1 પ્રવેશ માટેની લાયકાત**

  નીચેના કાર્યક્રમોમાં ઓછામાં ઓછા 50% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ મેળવનાર ઉમેદવારો એમ.એડ્.માં પ્રવેશ મેળવી શકે છે. (NCTE અધિનિયમ -2014 મુજબ). અ) બી.એડ્. બ) બી.એ. બી.એડ્./ બી.એસ.સી. બી.એડ્ ક) બી.એલ.એડ્/પી.ટી.સી (સ્નાતક ડીગ્રી સાથે પ્રત્યેકમાં 50% ગુણ સાથે. તેમજ સમયાનુસર સરકાર/UGC/NCTE/ યુનિવર્સિટીના ધોરણો મુજબ એમ.એડ્.ની પ્રવેશ લાયકાત રહેશે.

- **એમ.એડ્ નિયમ -2 અભ્યાસક્રમની સમયાવધિ અને સ્વરૂપ**

  એમ.એડ્.ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિધાર્થી પૂર્ણ સમયનો વિધાર્થી હોવો જોઈએ, જેણે શિક્ષણ વિભાગ અને માન્ય કૉલેજના નિયમિત અભ્યાસક્રમમાં ૪ સેમેસ્ટર (બે વર્ષ ) ના હેતુ માટે પ્રવેશ લીધેલ હોય.આએમ.એડ્. કાર્યક્રમ બે શૈક્ષણિક વર્ષનો રહેશે, જે પ્રવેશ તારીખથી વધુમાં વધુ ચાર વર્ષમાં પૂર્ણ કરી શકશે.

- **એમ.એડ્ નિયમ – 3 અભ્યાસક્રમની યોજના**

  એમ.એડ્. કાર્યક્રમ એ પૂર્ણ સમયનો અભ્યાસક્રમ છે જે કોષ્ટકમાં દર્શાવ્યાં મૂજબ ચાર સેમેસ્ટર માટે 16 અઠવાડીયો સુધીનો છે.

1. પ્રત્યેક સેમેસ્ટરમાં લઘુશોધ નિબંધ માટે માર્ગદર્શન આપવામાં આવશે. વિધાર્થીઓ ચોથા સેમેસ્ટરના અંતે લઘુશોધ નિબંધ કોલેજને સુપરત કરશે. એમ.એડ્. પરીક્ષા પાસ થવા માટે, વિધાર્થીએ અલગથી પ્રત્યેક મુખ્ય, વૈકલ્પિક, વિશેષ વૈકલ્પિક અભ્યાસક્રમ, લઘુશોધ નિબંધ, પ્રાયોગિક કાર્ય, પ્રોજેક્ટ અને એસાઈનમેન્ટ કાર્યોમાં પાસ થવાનું રહેશે.
2. જે વિધાર્થીઓ પ્રથમ/ દ્વિતીય /તૃતીય સેમેસ્ટરના અંતે પરીક્ષા આપી હોય અને એક અથવા વધુ વિષયોમાં નાપાસ થયા હોય તેઓને ટર્મ ગ્રાન્ટ કરવામાં આવશે અને આવા વિદ્યાર્થીઓ અનુગામી સેમેસ્ટરમાં દ્વિતીય /તૃતીય/ચતુર્થ સેમેસ્ટરના અભ્યાસક્રમો અને લઘુશોધ નિબંધની પરીક્ષા માટે હાજર રહી શકશે
3. સેમેસ્ટર -2 માં પસંદ કરેલ વૈકલ્પિક અભ્યાસક્રમ જૂથ, સેમેસ્ટર -4 સુધી ચાલુ રાખવાનું રહેશે
4. .વિદ્યાર્થીઓએ પ્રાથમિક શિક્ષણ વિશેષ મુખ્ય અભ્યાસક્રમ અથવા માધ્યમિક શિક્ષણ વિશેષ મુખ્ય અભ્યાસક્રમ બંનેમાંથી કોઈ એક અભ્યાસક્રમ પસંદ કરવાનો રહેશે.

- **એમ.એડ્ નિયમ -4 સંશોધન દરખાસ્ત મંજૂરી**

સેમેસ્ટર -2 ના અંત પહેલા યુનિવર્સીટી દ્વારા મંજૂર કરાયેલ શૈક્ષણિક વિષય પરના મુદ્દા પર લઘુશોધ નિબંધ પર કાર્ય કરવાનું રહેશે. આ માટે વિદ્યાર્થીએ સંશોધન દરખાસ્ત જે-તે કોલેજની સંશોધન દરખાસ્ત સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે. સમિતિ આ દરખાસ્ત પર ચર્ચા કરશે અને પછી મંજૂરી આપશે. સબંધિત સંસ્થા આ હેતુ માટે એક સેમીનારનું આયોજન કરશે અને વિદ્યાર્થીઓના માન્ય સંશોધન વિષય યુનિવર્સિટી ખાતે સુપરત કરશે.

• **એમ.એડ્ નિયમ -5 લઘુશોધ નિબંધ માર્ગદર્શન**

યુનિવર્સિટીના શિક્ષક, માન્ય અનુસ્નાતક શિક્ષક અથવા H.N.G.U, પાટણ સંલગ્ન શિક્ષકશિક્ષણ કૉલેજ / વિભાગમાં કામ કરતા મદદનિશ અનુસ્નાતક શિક્ષક, એમ.એડ્. માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકશે. સંશોધન માર્ગદર્શન સમયગાળો અધ્યયનના સમયગાળા સમકક્ષ ગણાશે.

• **એમ.એડ્ નિયમ -6 લઘુશોધ નિબંધ સુપરતકાર્ય**

એમ.એડ્ પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીએ સેમેસ્ટર 4 માં 10 માર્ચ અથવા તે પહેલા તેમનો લઘુશોધ નિબંધ સુપરત કરવાનો રહેશે.

• **એમ.એડ્ નિયમ -7 લઘુશોધ નિબંધ સુપરત માટે જરૂરીયાતો**

લઘુશોધ નિબંધની બાઈન્ડીંગ સાથે લખેલ મુદ્રિત સ્વરૂપમાં નિબંધની 2 નકલો વપરાયેલ ફોન્ટના પ્રકાર સાથે (CD) સીડી (PDF & WORD સંક્રમણ સાથેની સોફ્ટ કોપી ) માં સુપરત કરવાના રહેશે.

**એમ.એડ્. નિયમ-8 એમ.એડ્ ના 4 સેમેસ્ટરનો વિગતવાર અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.**

| Sr. No. | Paper Title | Core/SpI Core/Sec Core;Ele Specl/Sec Spcl | Credit (s)/ Total | Class Teaching (Credit & Hours) | Weightage for External Examination (Marks) | Practicum/ Hands on/Students Activity/ Seminar/ Workshop/ etc | Weightage for Internal Examination (Marks) | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Cc 101 Psychology of Learning and Development | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 2 | CC 102 Historical, Political & Economic Prospective of Education | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 3 | CC 103 Education studies | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 4 | CC 104 Introduction to Research Methods | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 5 | Communication and Expository Writing | ISB 1 | 1 | 0 | 0 | 1 (32 Hrs) | 30 | 30 |
| 6 | Dissertation | ISB 1 | 1 | 1 | 0 | 1 (32 Hrs) | 35 | 35 |
| 7 | Internship (12-15 Days) | ISB 1 | 2 | 0 | 0 | 2 (64 Hrs) | 60 | 60 |
| | Total | | 20 | 12 | 280 | 8 | 245 | 525 |

**SEMESTER-II**

| Sr. No. | Paper Title | Core/SpI Core/Sec Core;Ele Specl/Sec Spcl | Credit (s)/ Total | Class Teaching (Credit & Hours) | Weightage for External Examination (Marks) | Practicum/ Hands on/Students Activity/ Seminar/ Workshop/ etc | Weightage for Internal Examination (Marks) | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | CC 201 Philosophy Perspective of Education | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | CC 202 Sociology of Education | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 3 | CC 203 Curriculum Studies | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 4 | CC 204 Teacher Education-I | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 5 | Dissertation Related Work | ISB II | 2 | 0 | 0 | 2 (32 Hrs) Progress Report | 70 | 70 |
| 6 | Internship in TEIs(12-15 Days) | ISB 1+I | 2 | 0 | 0 | 2 (64 Hrs) 2 Weeks | 30+25 | 55 |
| | Total | | 20 | 12 | 280 | 8 | 245 | 525 |

## SEMESTER-III

| Sr. No. | Paper Title | Core/SpI Core/Sec Core;Ele Specl/Sec Spcl | Credit (s)/ Total | Class Teaching (Credit & Hours) | Weightage for External Examination (Marks) | Practicum / Hands on/Students Activity/ Seminar/ Workshop / etc | Weightage for Internal Examination (Marks) | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | CC 301 Research Methods Advanced | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 2 | CC 302 Teacher Education-II | Core | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 3 | CS 303 Spl. in Elementary / Secondary & Higher Sec. Education-I | Spl.Core (A) | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 4 | CS 304 Spl. in Elementary/Secondary & Higher Sec. Education-II | Spl.Core (B) | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 5 | Dissertation Work+ Progress Report | ISB III | 1 | 0 | 0 | 1 (32 Hrs) Progress Report | 35 | 35 |
| 6 | Internship in TEIs (21 Days) | ISB III | 3 | 0 | 0 | 3 (96 Hrs) 2 +1 (3Weeks) | 90 | 90 |
| | Total | | 20 | 09 | 280 | 8 | 245 | 525 |

## SEMESTER-IV

| Sr. No. | Paper Title | Core/SpI Core/Sec Core;Ele Specl/Sec Spcl | Credit (s)/ Total | Class Teaching (Credit & Hours) | Weightage for External Examination (Marks) | Practicum/ Hands on/Students Activity/ Seminar/ Workshop/ etc | Weightage for Internal Examination (Marks) | Total |
|---|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ES 401 Curriculum and Assessment in Secondary Education | Specialisation | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 2 | ES 402 Guidance & Counselling | Specialisation | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) | 30 | 100 |
| 3 | ES 403 Statistical Methods for Analysis of Data/ES 403 Environmental Education | Specialisation | 4 | 3(48 Hrs) | 70 | 1 (32 Hrs) Research | 30 | 100 |
| 4 | Dissertation | Specialisation | 3 | 3 | - | 3 (96 Hrs) | 90 | 90 |
| 5 | Dissertation Viva | Specialisation | 1 | - | - | 1 (32 Hrs) | 30 | 30 |
| 6 | Academic Writing | Specialisation | 1 | - | - | 1 (32 Hrs) | 25 | 25 |
| 7 | Internship | Specialisation | 1 | - | - | 1 (32 Hrs) | 30 | 30 |
| 8 | Self Development | Specialisation | 1 | - | - | 1 (32 Hrs) | 25 | 25 |
| 9 | Seminar Attending | Specialisation | 1 | - | - | 1 (32 Hrs) | 25 | 25 |
| | Total | | 20 | | 210 | | 315 | 525 |
| | Shrimad Bhagwat Gita | Elective | 2 | 2hrs per week | 50 | - | - | - |

## એમ.એડ્. નિયમ ૭ પાસિંગ અને ગ્રેડ વિતરણનું ધોરણ

1. એમ.એડ્. પાસ કરવા માટે દરેક સેમેસ્ટરની પરીક્ષામાં ઉમેદવારે દરેક વિષયમાં ઓછામાં ઓછા 40 ટકા મેળવવા આવશ્યક છે. દરેક કોર્સમાં માર્ક્સ અને ચાર થીયરી કોર્સના મળી કુલ સરેરાશ 50 ટકા મેળવવાના હોય છે. ઉમેદવારે પ્રેક્ટિકલ અને પ્રોજેક્ટ વર્ક (આંતરિક) માં પણ 50 ટકા મેળવવાના રહેશે.

2. ઉમેદવારે લઘુશોધ નિબંધમાં 50 ટકા અને તેની મૌખિક પરીક્ષામાં પણ અલગથી 50 ટકા મેળવવાના રહેશે.

3. સફળતાપૂર્વક પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થી માટે વર્ગ(Class ) મેળવવા માટેના માપદંડ આ પ્રમાણે છે

**નોંધ:** ગુણની ટકાવારી પૂર્ણ સંખ્યામાં રૂપાંતરિત થશે. જ્યારે ટકાવારી અપૂર્ણાંકમાં હોય, 0.50 કરતાં મોટી અથવા તેની બરાબર હોય ત્યારે તેને 1 (એક) તરીકે ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે જો ટકાવારી 69.49 છે, તો તે 69 ગણવામાં આવશે, જો ટકાવારી 69.50 થી 69.99 છે, તો 70 ગણવામાં આવશે.

**સેમેસ્ટર ગ્રેડ પોઈન્ટ એવરેજ** (SGPA) આપેલ સેમેસ્ટરમાં વિદ્યાર્થીનું પ્રદર્શન દર્શાવે છે. SGPA એ તમામ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થી દ્વારા મેળવેલા કુલ ક્રેડિટ પોઈન્ટ અને સેમેસ્ટરમાં દરેક કોર્સને સોંપેલ કુલ ક્રેડિટની સંખ્યા પર આધારિત છે. કોર્સ માટે ક્રેડિટ પોઈન્ટ = કોર્સને સોંપેલ ક્રેડિટ્સની સંખ્યા × કોર્સ માટે સુરક્ષિત ગ્રેડ પોઈન્ટ. SGPA = એક સેમેસ્ટરમાં વિદ્યાર્થી દ્વારા મેળવેલ કુલ ક્રેડિટ પોઈન્ટ/તે સેમેસ્ટર માટે કુલ ક્રેડિટ. સંગ્રહિત ગ્રેડ પોઈન્ટ એવરેજ (CGPA) કુલ ચાર સેમેસ્ટરમાં મેળવેલ ક્રેડિટ પોઈન્ટ્સની સંખ્યાઓને વિભાજિત કરીને મેળવવામાં આવે છે. ચાર સેમેસ્ટરમાં ક્રેડિટની કુલ સંખ્યા દ્વારા ચાર સેમેસ્ટરમાં મેળવેલ ક્રેડિટ પોઈન્ટ્સ.

દાખલા તરીકે : **CGPA=789/100=7.89** ગ્રેડ **B.** ડિસ્ટિંક્શન સાથે પ્રથમ  વર્ગ/વિભાગને **CGPA** (સંગ્રહિત ગ્રેડ પોઈન્ટ એવરેજ) ના આધારે એનાયત કરવામાં આવશે.

**Summary of M. Ed. (Two Year) CBCS Programme**

| Semester | Credits | | | No. of Hours | | | Marks | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Teaching | Teaching | Practicum | Total | Teaching | Practicum | Total | External | Internal | Total |
| Semester I | 12 | 8 | 20 | 192 | 256 | 448 | 280 | 245 | 525 |
| Semester II | 12 | 8 | 20 | 192 | 224 | 416 | 280 | 245 | 525 |
| SemesterIII | 12 | 8 | 20 | 192 | 224 | 416 | 280 | 245 | 525 |
| SemesterIV | 12 | 8 | 20 | 192 | 352 | 544 | 210 | 315 | 525 |
| Total | 48 | 32 | 80 | 768 | 1056 | 1824 | 1050 | 1050 | 2100 |

## એમ.એડ્. નિયમ 10 પાસિંગ અને ગ્રેડ વિતરણનું ધોરણ

1.જો ઉમેદવાર અભ્યાસક્રમોમાં સરેરાશના ધોરણે નાપાસ થતો હશે અને કોઈ અભ્યાસક્રમ/અભ્યાસક્રમોમાં ઓછામાં ઓછા 50 ટકા મેળવેલ હશે તો તેને જેતે અભ્યાસક્રમની પરીક્ષા ફરીથી આપવામાંથી મુક્તિ મળશે.

2. જો ઉમેદવાર કુલ અભ્યાસક્રમોમાં પાસ થાય અને માત્ર નિબંધમાં નિષ્ફળ જાય, તો તે નિબંધમાં સુધારો કરવા અને ફરીથી સબમિટ કરવા અથવા નવો નિબંધ સબમિટ કરવા માટે સ્વતંત્રતા રહેશે વાયવા વોઈસ અને નિબંધમાં અલગથી 50 ટકા માર્ક્સ મેળવવાના રહેશે.

3. આ નિયમ (ગ્રેસિંગ) હેઠળ જે ઉમેદવારોના માર્ક્સ ગણત્રીમાં લેવામાં આવ્યા હોયે તેઓને પરીક્ષા પાસ કરી છે તેમ જાહેર કરવામાં આવશે પરંતુ યુનિવર્સિટીના કોઈપણ પુરસ્કારો માટે પાત્ર નથી.

4. ઉમેદવાર યુનિવર્સિટી પુરસ્કારો, રેન્ક અને પ્રદાન કરેલ સુવર્ણ ચંદ્રક માટે પાત્ર હશે જો તે/તેણી નિયમિત અભ્યાસક્રમમાં અને પ્રથમ પ્રયાસે સેમેસ્ટર પાસ કરે છે.

**Description Of Internal Marks For Each Semester**

| | Internal | **Marks** |
|---|---|---|
| Internal Marks for each theory course | Seminar/Workshop/Quiz/Group Discussion | 05 |
| | Term Paper (Library Work) | 05 |
| | Field Immersion | 07 |
| | Test | 10 |
| | Attendance **(<80%=0, 80-85%=1, 85-90%=2, >90%=3)** | 03 |
| | **Total** | **30** |

## એમ.એડ્. નિયમ 11

1. પ્રથમ/બીજા/ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા પાસ ન કરી શકનાર ઉમેદવાર બીજા/ત્રીજા/ચોથા સેમેસ્ટરમાં જોડાવા માટે લાયક ગણાશે અને બીજા/ત્રીજા/ચોથા સેમેસ્ટરની સાથે પ્રથમ/બીજા/ત્રીજા સેમેસ્ટરને પાસ કરવાના રહેશે.

2. બાહ્ય ગુણ પર ઉમેદવારને યુનિવર્સિટી રેન્ક અને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. માત્ર  નિબંધ, પ્રેક્ટિકલ અને પ્રોજેક્ટ વર્ક સિવાય.

## એમ.એડ્. નિયમ 12 હાજરી

દરેક વિદ્યાર્થી માટે 80% હાજરી વિભાગ/કેન્દ્રમાં અને 90% ફીલ્ડ એટેચમેન્ટ (ઇન્ટર્નશિપ)માં રાખવી ફરજિયાત છે. હેડ/પ્રિન્સિપાલ કોઈપણ વિદ્યાર્થીની હાજરીને માફ કરી શકે છે જે કુલ હાજરીના 10% કરતા વધુ ન હોય

## એમ.એડ્. નિયમ 13 મુદત આપવા માટે

જો વિદ્યાર્થીએ 80% હાજરી રાખી હોય તો તે અંતિમ પરીક્ષામાં બેસવા માટે હકદાર છે. સતત આંતરિક મૂલ્યાંકન (CIE) માં લઘુત્તમ ગુણ મેળવ્યા હોય તે જે તે સેમેસ્ટર પછીના સેમેસ્ટરમાં પ્રવેશ સુરક્ષિત કરી શકે છે.

## એમ.એડ્. નિયમ 14 સતત મૂલ્યાંકન

**CBCS** ના ભાગરૂપે આંતરિક ગુણ કોષ્ટકના વર્ણનમાં દર્શાવ્યા મુજબ વિભાગ/કોલેજો દ્વારા સતત આંતરિક મૂલ્યાંકન **(CIE)** કરવું જોઈએ. દરેક કસોટી, ટર્મ પેપર, ફિલ્ડવર્ક અને હાજરીના આંતરિક ગુણ તે પ્રવૃત્તિઓ પૂર્ણ થયાના એક સપ્તાહની અંદર નોટિસ બોર્ડ પર જાહેર કરવા જોઈએ. વિભાગ/કોલેજે અભ્યાસક્રમમાં દર્શાવેલ દરેક પ્રેક્ટિકલ પ્રવૃતિઓ હાથ ધરવી પડશે અને પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકનનો રેકોર્ડ જાળવવો પડશે.

# <u>વિગતવાર સંપૂર્ણ અભ્યાસક્રમ માહિતી</u>

## સેમેસ્ટર -1

## <u>એમ.એડ્. CC-101- અધ્યયન અને વિકાસનું મનોવિજ્ઞાન</u>

### <u>યુનિટ-1. મનોવિજ્ઞાનના વાદ અને મનોવિજ્ઞાનના વાદ અંતર્ગત વ્યક્તિત્વ ઘટકો (પરિબળો)</u>

**મનોવિજ્ઞાનના વાદ**

(1) રચનાવાદ (2) વર્તનવાદ (3) સંરચનાવાદ

**વ્યક્તિત્વના ઘટકો (પરિબળો)**

(1) બહિમૂર્ખતા (2) સંમતિ (સામંજસ્ય) (3) પ્રામાણિકતા (ઈમાનદારી) - સભાનતા પૂર્વકની (4) ઉન્માદક્તા (ચિતભ્રમ, સનેપાત, જ્ઞાનતંતુ ના રોગની અસર) (5) નિખાલસતા

**<u>ફિલ્ડવર્ક (ક્ષેત્ર સાથે વિનિયોગ)</u>**

(1) મનોવિજ્ઞાનની શાખાઓ (વાડ) પર સેમિનારનું આયોજન કરો. (2) મનોવિજ્ઞાનની શાખાનું શિક્ષણમાં પ્રદાન વિષય પર જૂથ ચર્ચા કરો. (3) પુસ્તકાલય કાર્ય: વિવિધ મનોવૈજ્ઞાનિકો અને તેમના પ્રદાન પર અહેવાલ તૈયાર કરો.

### <u>યુનિટ-2. અધ્યયન તેના સિદ્ધાંતો અને અધ્યયનનું સંક્રમણ</u>

(1) અર્થ અને સંકલ્પના (2) અધ્યયનના સિદ્ધાંતો (બાંડુરા અને આસુબેલ) (3) અધ્યયન સંક્રમણ ( અધ્યયન / અધ્યાપનનું) (i) અર્થ (ii) સંક્રમણના પ્રકાર (iii) સંક્રમણના સિદ્ધાંતો, માનસિક સિદ્ધાંત, પ્રશંશા સિદ્ધાંત, સમરૂપતા (સમાન ઘટક) સિદ્ધાંત, સામાન્યીકરણનો સિદ્ધાંત, ક્રમ - પરિવર્તન સિદ્ધાંત, આદર્શરૂપ સિદ્ધાંત (iv) અધ્યયન સંક્રમણના શૈક્ષણિક સૂચિતાર્થ (v) સંક્રમણ સરળતાની શરતો.

**<u>ફિલ્ડવર્ક (ક્ષેત્ર સાથે વિનિયોગ)</u>**

(1) તમારા પાઠ્યક્રમની વિષયવસ્તુ માટે એડવાન્સ ઓર્ગેનાઈઝર તૈયાર કરો. (2) અધ્યનના સિદ્ધાંતોના સૂચિતાર્થ પર જૂથ ચર્ચા કરો. **(3)** પાંચ વિદ્યાર્થીઓ પર વ્યક્તિ અભ્યાસ હાથ ધરીને તેમના અધ્યયન પર અસર કરતા પરિબળો 'હલ'ના સિદ્ધાંત મુજબ તૈયાર કરો. **( 4)** મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળાની મુલાકાત લઇ ત્યાંના સાધનો અને ઉપયોજન અંગેનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરો.

### <u>યુનિટ- 3. માહિતી સંસ્કરણ તંત્ર અને શિક્ષણના પ્રતિમાનો</u>

(1) માહિતી સંસ્કરણ તંત્ર (i) સ્મૃતિ ,અર્થ ,પ્રકાર (ii) માહિતી સંસ્કરણ પ્રતિમાનોની સંકલ્પના અને તેના શૈક્ષણિક સૂચિતાર્થ (iii) માહિતી સંસ્કરણ અને પુન પ્રાપ્તિના ઉપકરણો અને પ્રયુક્તિઓ

(2) (અધ્યાપનના) શિક્ષણના પ્રતિમાનો (i) શિક્ષણના પ્રતિમાનોની સંકલ્પના, લક્ષણો, વર્ગીકરણ અને ઉપયોગ **(ii)** શિક્ષણના પ્રતિમાનોનો પરિચય (સંકલ્પના, સોપાનો અને શૈક્ષણિક સૂચિતાર્થોના સંદર્ભમાં) જ્ઞાનાત્મક વિકાસ પ્રતિમાન – જીન પિયાજે ; સ્વ - નિયંત્રણ પ્રતિમાન - બી. એફ. સ્કીનર; સ્વ – સંકલ્પના પ્રતિમાન - એ. મેસ્લો

**<u>ફિલ્ડવર્ક (ક્ષેત્ર સાથે વિનિયોગ )</u>**

(1) કોઈ એક પ્રતિમાન આધારિત પાઠ આયોજન તૈયાર કરો અને તેનો ઉપયોગ કરો. **(2)** માહિતી સંસ્કરણ પ્રતિમાન પર PPT તૈયાર કરો. **(3)** સ્મૃતિ સુધાર પ્રયુક્તિઓ પર સેમિનાર ગોઠવો. **(4)** યુનિટ-૩ ના આધારે 'ક્વીઝ' સ્પર્ધા કરો.

## યુનિટ- 4.બુદ્ધિ અને સર્જનાત્મક્તા

(1) બુદ્ધિ – (i). અર્થ,સંકલ્પના, વારસો અને પર્યાવરણની ભૂમિકા (ii) I.Q.ની સંકલ્પના (iii) બુદ્ધિના સિદ્ધાંતો, (iv) બહુવિધ બુદ્ધિ સિદ્ધાંત (2) સર્જનાત્મકતા – (i) સર્જનાત્મકતાનો અર્થ, સ્વરૂપ અને લક્ષણો, (ii) સર્જનાત્મકતાના સિદ્ધાંતો, (iii) શૈક્ષણિક ફલિતાર્થો

**ફિલ્ડવર્ક( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) વિદ્યાર્થીઓની વિવિધ શક્તિઓ અને બુદ્ધિ આધારિત વિદ્યાર્થીઓનો પાર્શ્વચિત્ર (પ્રોફાઈલ) તૈયાર કરો. **(2)** કોઈ એક પ્રમાણિત કસોટીની અજમાયશ કરી માહિતીનું અર્થઘટન કરો. **(3)** બહુ- આયામી બુદ્ધિ અને તેના સૂચીતાર્થો પર પ્રકલ્પ તૈયાર કરો. ( 4) બુદ્ધિ માનાંક પર પ્રસ્તુતિ (રજૂઆત) કરો.

## M.Ed. CC- 101 Psychology Of Learning And Development

**Unit- I Schools Of Psychology And Personality Factors Of Schools Of Psychology**

**Schools Of Psychology**

1. Structuralism 2. Behaviorism 3. Constructivism

**Personality Factors**

1. Extroversion 2. Agreeableness 3. Openness 4. Neuroticism 5. Conscientiousness

**UNIT- I - Field Engagement**

1. Organize Seminar on the schools of psychology. 2. Group discussion on the contributions of the Schools of psychology to education. 3. Library work: Prepare a report on the introduction to the various psychologists and their contributions.

**Unit- II - Learning, Its Theories And Transfer Of Learning**

1. Meaning And Concept
2. Theories Of Learning : (Bandura And Ansubel)
3. Transfer Of Leaning / Training **A.**Meaning **B**.Types Of Transfer **C**. Theories Of Transfer (Theory Of Mental Discipline, Apperception Theory, Theory Of Identical Elements Theory Of Generalization, Transposition Theory, Theory Of Ideals) **D.** Educational Implications Of The Transfer Of Learning **E.** Conditions Facilitating Transfer

**Field Engagement**

1. Prepare an advanced organizer for the content of your syllabus. 2. Group discussion in theimplications of the theories of learning. 3. Conduct a case study of five sudents and prepare a report on 'factors influencing their learning according to Hull' 4. Visit a Psychological lab and prepare a detailed report of its equipments and their use.

**Unit- III - Information Processing System And Models Of Teaching**

1. Information Processing System - A. Memory: Its Meaning, Types Of Memory B. Information Processing Model: Concept And Its Educational Implications C. Tools And Techniques Of Information Processing And Retrieval
2. Models of Teaching - a. Concept, Characteristics, Classifications And Use Of Models Of Teaching

   b. Introduction of The Following Models Of Teaching With Reference To Concept, Steps And Their Educational Implications. - Cognitive Growth Model- Jean Piaget , Self-Control Model: B.F. Skinner and Self-Concept Model: A. Maslow

**Field Engagement**

1. Prepare the lesson planning based on any one model of teaching and apply it. 2. Prepare PPT on the Information Processing model 3. Organize the seminar on the memory improvement techniques. 4. Conduct a quiz competition based on the Unit – III

**Unit- IV - Intelligence And Creativity**

1. **Intelligence** - **a.** Meaning, Concept, Role Of Heredity And Environment **b**. Concepts Of I.Q. **c**. Theories Of Intelligence **d.** Theory Of Multiple Intelligence
2. **Creativity** - **a.** Concept, Nature And Characteristics Of Creativity **b.** Theories Of Creativity **c.** Educational Implications

**Field Engagement**

1. Prepare a profile of the students based on their various abilities and intelligence 2. Administer any one standardized test and interpret the data. 3. Prepare a project Multiple Intelligences and its implications. 4. Prepare presentation on I.Q.

## એમ. એડ. CC- 102 શિક્ષણની ઐતિહાસિક, રાજકીય અને આર્થિક સંભવિતતાઓ

## યુનિટ -1. ભારતમાં શિક્ષણનો ઈતિહાસ

(1) શિક્ષણના ઈતિહાસની જરૂરિયાત અને મહત્વ **(2)** પ્રાચીન ભારતમાં શિક્ષણ: વૈદિક, બૌધ્ધ, જૈન, ઈસ્લામિક **(3)** મધ્યકાલીન ભારતમાં શિક્ષણ: મેકોલેનું ઘોષણાપત્ર, વુડનો ખરીતો, સાર્જન્ટ કમિશન **(4)** શિક્ષણના પાશ્ચયાતી કરણ સામેનો અસંતોષ

**ફિલ્ડવર્ક ( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) ભારતમાં શિક્ષણના ઈતિહાસ પર એસાઈનમેન્ટ (સુપરત કાર્ય) લખો. **( 2)** બ્રિટીશ ભારતની શિક્ષણ નીતિઓની આલોચનાત્મક સમીક્ષા કરો. **( 3)** પશ્ચિમી શિક્ષણના વિરોધમાં સ્વાતંત્ર્ય સૈનિકોના મત પર સમીક્ષા લખો.

## યુનિટ- 2. રાષ્ટ્રીય શૈક્ષણિક ચળવળો

1948 યુનિવર્સિટી શિક્ષણ પંચ, 1952-53 માધ્યમિક શિક્ષણ પંચ, 1965-66 ભારતીય શિક્ષણ પંચ, શિક્ષણની રાષ્ટ્રીય નીતિ– 1986 અને ક્રિયાન્વયન, (POA) કાર્યક્રમ 1992, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું -2005 અને 2023, રાષ્ટ્રીય જ્ઞાન પંચ અહેવાલ - 2007, યશપાલ સમિતિનો ભારતીય ઉચ્ચશિક્ષણ સમિતિનો રીપોર્ટ - 2009, રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમ માળખું 2009 અને માહિતી અધિકાર કાયદો 2009, શિક્ષણના સાર્વત્રીકરણ માટેના કાર્યક્રમો, સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષા અભિયાન.

**ફિલ્ડવર્ક ( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) આઝાદી પછીના કોઈ એક શિક્ષણ અહેવાલની આલોચનાત્મક સમીક્ષા કરો. (2) NCF -2005, NCF 2023 અને NCFTE -2009 ની મુખ્ય ભલામણ પર એસાઈનમેન્ટ લખો. (3) SSA, RMSA અને RUSA ના હેતુઓની તુલના કરો.

## યુનિટ- 3. રાજકારણ અને શિક્ષણ

(1) શિક્ષણ અને રાજકીય પ્રણાલી, શિક્ષણ અને લોકશાહી અને શિક્ષણ અને સામ્યવાદ વચ્ચેનો સંબધ **(2).** સ્થાનિક વ્યવસ્થાપન, અભ્યાસનુ માધ્યમ અને સંલગ્ન સંસ્થઓના સંદર્ભમાં ઉત્કૃષ્ટ શિક્ષણ અને સંશોધનની સંસ્થાઓ **(3)** શિક્ષક સ્વાયતતા અને સંસ્થાકીય સ્વાયતતા **(4)** શૈક્ષણિક ધારાકીય જોગવાઈઓ, શિક્ષણ નીતિ - રચના – શૈક્ષણિક સુધારણાઓ. **(5)** શિક્ષણનું રાજકીયકરણ, અભ્યાસક્રમની સ્થિરતા, શૈક્ષણિક કાર્ય, શિક્ષણના વિવિધ કાર્યક્રમનુ આયોજન અને ઉજવણી.

**ફિલ્ડવર્ક( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) ઈ-ગવર્નન્સ અને શિક્ષણની શૈક્ષણિક પ્રણાલી પર રાજકારણની તુલના કરો. (2) અભ્યાસક્રમની સ્થિરતા, શૈક્ષણિક કાર્ય, વિવિધ કાર્યક્રમોની ઉજવણી, પરીક્ષા, ભરતી પર ચર્ચાસભા ગોઠવો. (3) શૈક્ષણિક નીતિ અને શિક્ષણની સુધારણાઓની અસર પર સેમિનાર ગોઠવો (4) શિક્ષણ અને રાજકારણ પ્રણાલી તેમજ અવલોકન (નિરીક્ષણ) વચ્ચેના સબંધો પર અહેવાલ તૈયાર કરો.

**યુનિટ- 4. શિક્ષણ અને અર્થશાસ્ત્ર**

(1) આર્થિક વિકાસમાં શિક્ષણની ભુમિકા (2) મુડીવાદી, સમાજવાદી અને મિશ્ર અર્થતંત્રમાં શિક્ષણ (3) કુદરતી અને માનવીય સંશાધનો (4) માનવ મુડી પ્રતિમાન, શિક્ષણ એક માનવીય મુડી રોકાણ તરીકે, તેનાપર અસર કરતા પરિબળો (5) શિક્ષણમાં મુડી સર્જન (નિર્માણ): એક મુખ્ય ઉધોગ, શિક્ષણના આર્થિક વિકાસકીય લાભ (6) શિક્ષણ અને ખર્ચ- ગુણવતા સંબંધ

**ફિલ્ડવર્ક( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) મૂડીવાદી, સમાજવાદી અને મિશ્ર અર્થતંત્રમાં શિક્ષણ પ્રણાલીની તુલના કરો. (2) નૈસર્ગિક અને માનવ સંસાધનોની તુલના કરો. (3) શિક્ષણ અને અર્થતંત્ર પર સીમ્પોજીયમ ગોઠવો.

## M.Ed. CC – 102 Historical Political & Economic Prospective Of Education

**Unit- I History Of Education In India**

1. Need And Improtance Of History Of Education. 2. Education In Ancient India; Vedic, Buddhist, Jain, Islamic 3. Education In Medieval India; Macauly, Minite, Wood, Dispatch, Sargent Commission. 4. Discontentment Against Western System Of India.

**Field Engagement**

1. Write assignment on History of education in India. 2. Critically review the education policies of Britsh India. 3. Write review on the views of fighter freedom aginst the western of education.

**Unit- II National Education Movement**

1.University Education Commission, 2. Secondary Education Commission, 3. Indian Education Commission, 4. National Policy of Education, 1986 And Poa1925 NEP 2020. NCF 2005 & 2023, NKC Report – 2007 6. Yashpal Committee Report On Indian Higher Education 2009 7. NCFTE 2009 And RTI Act, 2009 8. Programmes For Universalization Of Education- SSA, RMSA, RUSA

**Field Engagement**

1. Critically review the one education commission of post independence. 2. Write assignment on major recommendation of NCF-2005 & 2023 and NCFTE- 2009 3. Compare the objective of SSA, RMSA and RUSA.

**Unit- III Politics And Education**

1. Relationship Between Education And Political Systems, Education And Stateeducationin Democracy & Communism 2. Excellent Education And Research Institution With Reference To Locale Management, Medium Of Instruction And Affiliating Body 3. Teacher Autonomy And Institutional Autonomy 4. .Educational Legislations, Educational Policy-Making, Educational Reforms 5. Politicization Of Education: Stability Of Curriculum, Academic Work, Celebratingand Organizing Different Programmer And Education

**Field Engagement**

1. Compare the educational system politics of e-governnance and education. 2. Debate on the stability of curriculum, Academic work, celebrating and 3. Orgnaning different Programme, examination recruitment. 3. Seminar on impact of educational policy & reforms on education. 4. Write a report on the observation on relationship between education and political system.

**Unit- IV Education And Economics**

1. Role Of Education In Economic Develepment 2. Education In Capitalist, Socialist And Mixed Economics 3. Natural And Human Resources 4. Human Capital Model, Education As A Human Capital, Factor nfluencing 5. Creation Of Wealth In Edcuationan Important Industry, Stimulus Stimulus Economic, Growth Economic Benefit Of Education 6.Cost-Quality Relationship To Education

**Field Engagement**

1. Compare the educatoinal system in capitalist, socialist and mixed economics. 2. Compare the natural and human resources. 3. Symposium on education and economics.

## એમ. એડ્. CC-103- શિક્ષણ વિદ્યાઅભ્યાસ

### યુનિટ -1. શિક્ષણ વિદ્યાઅભ્યાસ

(1) શિક્ષણ વિદ્યાઅભ્યાસનો અર્થ અને સંકલ્પના (2) શૈક્ષણિક અભ્યાસનો આધુનિક ઈતિહાસ (3) પરંપરાવાદી શાખાઓ અને શૈક્ષણિક અભ્યાસ (4) શિક્ષણ વિદ્યાઅભ્યાસનું વર્તમાન સ્વરૂપ (5) શિક્ષણનું આંતરવિદ્યાશાખાકીય સ્વરૂપ - તત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશસ્ત્ર, અર્થશાસ્ત્ર ,નૃવંશશાસ્ત્ર વગેરે શાખા / વિષયો સાથે સંબંધ.

**ફિલ્ડવર્ક( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) શિક્ષણકારોના યોગદાન અને ચિત્રોનું પ્રદર્શન (2) ઐતિહાસિક શિક્ષણ સંસ્થાની મુલાકાત લઇ તેનો અહેવાલ તૈયાર કરો. (3) શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે સેમિનાર/ જૂથ ચર્ચા કરો. (4) આધુનિક અને પરંપરાગત વિદ્યાઅભ્યાસ તથા શિક્ષણ વિધા અભ્યાસ અને સમોવડિયા શિક્ષણ પર અસાઇમેંટ તૈયાર કરો (5) કોઈ શિક્ષણકારની જીવન ઝરમર પર અભ્યાસ અહેવાલ તૈયાર કરો. (6) સમુદાયની ઐતિહાસિક શિક્ષણ સંસ્થાનો અભ્યાસ ટૂર (પ્રવાસ) ગોઠવો અને ત્યાં ચાલતી મુખ્ય પ્રવૃતિઓ, શિક્ષણ અને સામાજિક અગત્યતા પર અહેવાલ તૈયાર કરો.

### યુનિટ-2. શિક્ષણના સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્યો

(1) શિક્ષણ વિદ્યાઅભ્યાસમાટે શૈક્ષણિક વિચારધારાઓ (2) અર્થ લક્ષણો અને મહત્વ - (i) શાળા શિક્ષણ,મુલ્યો (ii) અધ્યયન અધ્યાપન જ્ઞાન સંરચના (iii) ટકાઉ શિક્ષણ, સંકલિત/સમાવેશી શિક્ષણ (iv) બાળ અધ્યાપનશસ્ત્ર અને વ્યસ્ક અધ્યયન શાસ્ત્ર (3) સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક, સામાજિક અને તક્નીકિ પરિબળો દ્વારા પ્રભાવિત એક સામાજિકરૂપથી કાલ્પનિક પ્રણાલી તરીકેનુ શિક્ષણ (4) સમતાવાદી, લોક્શાહી, બિનસાંપ્રદાયીક અને માનવ સમાજના સંદર્ભમાં ભારતીય શિક્ષણ હેતુઓની પ્રાથમિક્તા નક્કી કરવી. (5) જોડાણની પ્રક્રિયા (i) વિષયવસ્તુ જ્ઞાન સાથે શિક્ષણનાશાસ્ત્રનું જ્ઞાન (ii) શાળા બહારના જીવનસાથે શાળાકીયજ્ઞાન (iii) સમુદાયના જ્ઞાન સાથે શાળાકીય જ્ઞાન (iv) અનુભવ આધારિત જ્ઞાન સાથે પ્રયોગશીલ જ્ઞાન (v) ક્રિયા પરનું જ્ઞાન અને પ્રક્રિયા પરના ચિંતન પરનું જ્ઞાન (vi) સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહારુ જ્ઞાન (vii) સાર્વત્રિક જ્ઞાન અને સંદર્ભિત જ્ઞાન

**ફિલ્ડવર્ક( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) અનુભવી શિક્ષક/ખ્યાતનામ શિક્ષણવિદની મુલાકાત ગોઠવો. (2) અભ્યાસક્રમ, તેનું સંક્રમણ પર વિદ્યાર્થીઓ સાથે વાર્તા સંવાદ ગોઠવી તેના પર તેમના વિચારોનો ચિંતનાત્મક અહેવાલ તૈયાર કરો. (3) શિક્ષણ અભ્યાસના સામાજિક /સાંસ્કૃતિક /ટેકનીકલ આયામો પર PPT પ્રેઝન્ટેશન તૈયાર કરો. (4) શિક્ષણ અભ્યાસ સંદર્ભે સમસ્યાઓ આધારિત એક વ્યક્તિ અભ્યાસ હાથ ધરો. (5) સામાજિક/સંસ્કૃતિક/ટેકનીકલ આયામો પર જૂથ ચર્ચા/ સંવાદ ગોઠવો.

### યુનિટ-3. શાળા શિક્ષણની દુરદ્રષ્ટિ

(1) બાળક અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ, શાળા બહારના જીવન સાથે શાળાની પ્રવૃત્તિઓ, ICT અને અધ્યયન – અધ્યાપન (2) શિક્ષકની ભુમિકા એક આદર્શ સુવિધા આપનાર અને સહઅભ્યાસું તરીકે (3) શાંતિશિક્ષણના ઉદેશોની પ્રાપ્તી માટે મૂલ્યો, કૌશલ્યો અને વલણો (4) શિક્ષણમાં ગુણવતા અને ઉત્કૃષ્ટતા તથા ગુણવતા સાથે સંબંધ (5) શાળા શિક્ષણમાં સમકાલીન પડકારો

**ફિલ્ડવર્ક( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) નવી શિક્ષણ નીતિ જેવા મુદ્દા આધારિત સ્વ-અભ્યાસ એસાઈમેન્ટ તૈયાર કરો જેમાં તમારા રાજ્યના સામાજિક-આર્થિક વંચિત બાળકોની શૈક્ષણિક પરિસ્થિતિ, બાળકના સામાજીકીકરણની પ્રક્રિયા, શાળા શિક્ષણની નવી ઉભરતી સમસ્યાઓ અને સામાજીક ગુણવત્તા માટે પ્રદાન રહે તેવું સેમિનાર પ્રેઝન્ટેશન કરો.(કોઈ એક) (2) કોઈ એક શિક્ષકની વિવિધ વર્ગખંડ તેમજ અન્ય (સમોવડીયા અને શિક્ષકો સાથેની) પ્રવૃતિઓના સંદર્ભમાં અવલોકન કરો.

**યુનિટ-4. શિક્ષક તરીકે સ્વ અને આકાંક્ષાઓનો વિકાસ**

(1) માનવીય વ્યક્તિત્વનો બહુમુખી વિકાસ બૌદ્ધિક, શારીરિક, સાંવેગિક, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક (2) વ્યક્તિગત અને સામજિક  વલણમાં ભય અને વિશ્વાસની લાગણીનો પ્રભાવ (3) સ્પર્ધા અને સહકાર તરફ વલણ અને તેની વ્યક્તિગત સામાજિક જીવનમાં અસર (4) સક્ષમ વ્યવસાયિક શિક્ષક અને તેની નિષ્પક્ષ, લોક્શાહી,સમાનતા અને સામાજિક ન્યાય પ્રત્યે સંવેદનશીલતા

**ફિલ્ડવર્ક( ક્ષેત્ર સાથે વિનિયોગ )**

(1) નાટ્યીકરણ કલા સંગીતના કાર્ય શિબિર દ્વારા સામાજિક સંઘર્ષના મુદ્દા પર અભિપ્રાય એકઠા કરો (2) શિક્ષણની નીતિ અને રાજકારણ પર સેમીનાર/ક્વીઝ (3) શિક્ષણના હક સમાનતા અને ન્યાય પર આલોચનાત્મક અહેવાલ સમુદાય અને સંશોધનોની મદદથી તૈયાર કરો. (4) શિક્ષણમાં વૈશ્વિક સમસ્યાઓ આધારિત પ્રવૃતિઓ પર કાર્યશિબિર ગોઠવો  (5) વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં શિક્ષણ અભ્યાસમાં શિક્ષકની ભૂમિકા પર કોઈ મુલાકાતની નોધ કરો.

## M.Ed. CC – 103  Educaiton Studies

**Unit- I Education Study**

1. Meaning, Concept Of Education Studies 2. Modern History Of Educational Study 3. Tranditional Disciplines And Educational Studies 4. Present Seenario Of Education Study 5. Interdisciplinary Nature Of Education; Relationship With Disciplines/ Subjects Such As Philosophy, Psychology, Sociology, Managmenet, Economics, Anthropology Etc. Connecting Knowledge Across Disciplinary Boundaries To Provide Board Framework For Insightful Consturction Of Knowledge.

**Field Engagement**

1. Exhibition of picture and contributions of Educators (Exhibition) 2. Visit the Historical Educational Institiution and prepare a report on it (Field Visit) 3. Organize an seminar / Group Discussion on Present scenario of education. [Seminar Group Discussion] 4. Assignment / Peer tutoring on Modern and Traditional disciplines and educational studies. 5. Prepare a study report on bibliography of any Educationalist. 6. Organize a study tour of a commUnity Historical Educational Institution center and subit your study reprot mentioning major activites, educational and social importance. [Social Engagement ' Community Engagement]

**Unit- II Theoretical Perspectives Of Education**

1. Educational Ideologies For Education Study 2. Meaning, Characteristics And Importance Of- A. Scholling B. Teaching-Learning C. Sustainable Education D. Morality E. Values F. Knowledge Construction G. Inclusive Education H. Pedagogy & Andragogy 3.Edcuation As A Socially Contrived System Influenced By Social, Cultural,Political, Economic And Teacnological Factors. 4.Priopitizing The Aims Of Indian Education In Context Of A Democratic, Secular, Egalitarian And A Human Society. 5.Procedure Of Linking: A. Content Knowledge With Pedagogy Knowledge B. School Knowledge With Life Outside The School C. School Knowledge With CommUnity Knowledge. D. Experimential Knowledge With Empirical Knowledge E. Knowledge On Action And Reflection On Outcome Of Action F. Theoretical Knowledge And Practical Knowledge. G. Universal Knowledge And Contextural Knowledge.

**Field Engagement**

1. Interview with Eminent Educationlist or Experinced Educationlist teacher (Interview) 2. Talk to the students and find out heir opinion about various ideologies in curriculum, transaction. Prepare a reflactive report [Research] 3. Preparation of Power-point presentation with reference to Sociological / cultural/Technological prespectives on purpose of Education study. (Presentation) 4. Conduct a case study on Problems related to Educational study (Case study) 5.

Group Discussion/debate on the topic of Sociological/Cultural/ Technological prespectives [Research /Library]

**Unit- III Vision Of School Education**

1.Development Of Relationship Between Child And The Environment: School Practices With Life Outside The School: Ict And Teaching-Learning. 2.Role Perception: Teacher As Role Model, As A Facilitator And As A Co-Learner. 3.Values, Skills And Attitude For Attainment Of Goal Of Education For Peace. 4.Quality And Excellence In Education And.Its Relation To Quality. 5.Contemporary Challenges To School Education

**Field Engagement**

**પ્રશ્ન – 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. શૈક્ષણિક સમાજશાસ્ત્રનો અર્થ અને તેની સંકલ્પના જણાવી તેના કાર્યક્ષેત્રો વિશે સમજાવો.
2. સામાજિકીકરણ એટલે શુ? તેની સંકલ્પના આપી. સામાજિકીકરણ પ્રક્રિયા વિશે સમજાવો
3. સામાજિકીકરણ એટલે શું? તેના કાર્યવાદી અને સંઘર્ષ સિદ્ધાંત સમજાવો.
4. સામાજિક ગતિશીલતા એટલે શું? તેની સંકલ્પના આપી તેના પ્રકારો વિશે સમજાવો.
5. સામાજિક પરિવર્તનનો અર્થ આપી. સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો વિશે સમજાવો.
6. સામાજિક પરિવર્તન એટલે શું? તેના કોમ્ટે તથા સોરોકીના સિધ્ધાંતો સમજાવો.
7. સંસ્થાકરણનો અર્થ અને સંકલ્પના જણાવી. વિવિધ સંસ્થાઓના પ્રકારો વિશે સમજાવો.
8. માનવ અધિકારો એટલે શું? માનવ અધિકારની સંકલ્પના સમજાવી દસ મુખ્ય માનવ અધિકારોની સમજ આપો.
9. બહુ સાંસ્કૃતિક શિક્ષણ એટલે શું? તેના આયામો સમજાવો.
10. માનવ અધિકારોની પરિભાષા આપી માનવ અધિકાર અંગે યુનોનું ઘોષણાપત્ર (જોગવાઈ) વિશે સમજાવો.
11. લોકશાહીનો અર્થ આપી તેના સ્વરૂપો જણાવી જીવન જીવવા માટેની કેળવણીનું મહત્વ સમજાવો.
12. લોકશાહી એટલે શું? લોકશાહીના આયામો સમજાવો.
13. સાંપ્રત પરિસ્થિતિમાં રાષ્ટ્રીય એકતાની શું જરૂરીયાત છે. રાષ્ટ્રીય એકતાની સંકલ્પના સમજાવી. તેનું મહત્વ દર્શાવો.
14. ખાનગી કરણની સંકલ્પના જણાવી તેની આર્થિક અને સામાજિક અસરોની ચર્ચા કરો.
15. વૈશ્વિકીકરણ માટેના કારણભૂત પરિબળો જણાવી તેની સામાજિક અસરો વિશે સમજાવો.
16. ઉદારીકરણ એટલે શું? ઉદારીકરણ કરવાની નિતિ જણાવી તેની સામાજિક અસરો વિશે સમજાવો.
17. માનવ અધિકારોના સંદર્ભમાં નીચેના મુદ્દાઓની ચર્ચા કરો. (૧) સંકલ્પના (૨) અભ્યાસક્રમ (૩) શિક્ષણની પધ્ધતિઓ (૪) શિક્ષકની ભૂમિકા
18. જ્ઞાતિ અને સામાજિક વર્ગોના સંદર્ભમાં વર્ગ વિહિન સમાજરચનાની દિશામાં શિક્ષણ શો ફાળો આપી શકે તે સ્પષ્ટ કરો.
19. કેળવણી એ સામાજિક પરિવર્તન લાવવા માટેનું ચાલકબળ કેવી રીતે બની શકે? ઉદાહરણ સહિત ચર્ચા કરો.

### વિભાગ :- 02

**પ્રશ્ન - 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ**

1. શિક્ષણના સમાજશાસ્ત્રનું મહત્વ અને ઉપયોગિતા જણાવો.
2. શૈક્ષણિક સમાજશાસ્ત્રનો ઐતિહાસિક દ્રષ્ટિકોણ સમજાવો.

3. સામાજિક પરિર્તનની પ્રક્રિયા સ્વરૂપ જણાવી કેળવણીનો સામાજિક પરિવર્તનમાં શો ફાળો છે તે સમજાવો.
4. સામાજિક ગતિશીલતા અને શિક્ષણ વચ્ચેનો સંબંધ દર્શાવો.
5. સામાજિક ગતિશીલતા પર અસર કરતાં પરીબળો સમજાવો.
6. અનુઆધુનિકતાવાદના લક્ષણો વર્ણવો.
7. સમતા અને સમાનતાનો તફાવત ઉદાહરણ સહિત સમજાવો.
8. રાષ્ટ્રવાદ એટલે શું? રાષ્ટ્રવાદની શિક્ષણ પરની અસર સમજાવો.
9. શિક્ષણ સંબંધી બંધારણની કલમો

   સંસ્કૃતિની શિક્ષણ પરની અસરો

   સમજાવો.
10. માનવ અધિકારોના શિક્ષણ માટેના અભિગમો અને પધ્ધતિઓ વિશે સમજાવો.
11. લોકશાહી શિક્ષણમાં અભ્યાસક્રમ કેવી રીતે ઉપકારક બની શકે તે જણાવો.
12. લોકશાહી શિક્ષણમાં સહઅભ્યાસ પ્રવૃતિઓ કેવી રીતે ઉપકારક બની શકે તે જણાવો.
13. લોકશાહી શિક્ષણ માટે આચાર્ય અને શિક્ષકની ભૂમિકા વિશે સમજાવો.
14. રાષ્ટ્રીય એકતા માટે શિક્ષણના વિવિધ વિષયોના અભ્યાસક્રમો શો ફાળો આપી શકે?
15. ખાનગીકરણ એટલે શું? તેની નકારાત્મક અસરો વિશે સમજાવો.
16. વૈશ્વીકરણની શિક્ષણ ઉપર થતી અસરો જણાવો.
17. માસ મીડિયા અને શિક્ષણસમજાવો.
18. ઉદારીકરણના પડકારો જણાવો.
19. સામાજિક સંસ્થા તરીકે કેળવણીના કર્યો જણાવો.
20. ગતિશીલતા પર અસર કરતા પરિબળો જણાવો.

## વિભાગ :- 3

**પ્રશ્ન - 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. સમાજશાસ્ત્રની દષ્ટિએ કેળવણીના હેતુઓ જણાવો.
2. સમાજશાસ્ત્રની દષ્ટિએ શિક્ષણની પધ્ધતિઓ જણાવો.
3. શૈક્ષણિક સમાજશાસ્ત્રના પિતા કોને માનવામા આવે છે?
4. પ્રદત ગતિશીલતાનું એક ઉદાહરણ આપો.
5. HDI એટલે શું?
6. સાંસ્કૃતિક ગરીબ કોને ગણવામાં આવે છે?
7. લોકશાહીના ચાર આધાર સ્તંભો જણાવો.
8. સાંસ્કૃતિક પછાતપણું એટલે શુ?
9. આધુનિકતાવાદ અને અનુઆધુનિકતાવાદ વચ્ચેનો મુખ્ય તફાવત જણાવો.
10. બહુ સાંસ્કૃતિક શિક્ષણના બે અભિગમોના નામ આપો.
11. સામાજિકીકરણના પ્રકારો જણાવો.
12. સામાજિકીકરણની પ્રક્રિયાના કોઈપણ બે લક્ષણો જણાવો.
13. સામાજિક પરિવર્તનની કોઈપણ બે સંકલ્પના જણાવો.
14. સામાજિક ગતિશીલતાના કોઈપણ બે અવરોધક પરિબળો જણાવો.
15. સામાજિક સ્તરીકરણ એટલે શું?
16. માનવ અધિકાર અંગેના કોઈપણ બે શિક્ષણના ઉદેશો જણાવો.
17. શૈક્ષણિક લોકશાહી એટલે શું?
18. રાષ્ટ્રીય ઐકય એટલે શું?
19. સંસ્કૃતિ એટલે શું?
20. આધુનિકરણ એટલે શું?
21. વૈશ્વીકરણ એટલે શું?
22. સામાજિક પરિવર્તનના સાધન તરીકે કેળવણીની બે મર્યાદાઓ જણાવો.
23. શિક્ષણમાં સ્ત્રીઓના વિશેષ હકકો જણાવો.
24. લોકશાહીની કોઈ પણ ચાર ખામીઓ જણાવો.
25. કોઈ પણ ચાર માનવ અધિકારો જણાવો.
26. આધુનિકકીકરણ એટલે શું?
27. રાષ્ટ્રવાદ એટલે શું?
28. બહુસાંસ્કૃતિક શિક્ષણનાં બે અભિગમોનાં નામ આપો.
29. શિક્ષણમાં સમતા અને સમાનતા એટલે શું?
30. શૈક્ષણિક તકોની સમાનતાના અવરોધક પરિબળો જણાવો.
31. સંઘર્ષવાદની બે મર્યાદાઓ લખો
32. કાર્યાત્મવાદની બે મર્યાદાઓ લખો
33. વંચિતતાનો અર્થ આપો.

34. વંચિતતાના પ્રકારો જણાવો.
35. આડી ગતિશીલતાનું ઉદા. આપો.
36. ઉભી ગતિશીલતા એટલે શું?
37. ઔપચારિક સામાજિક સંસ્થાઓ જણાવો.
38. સંસ્કૃતિની લાક્ષણિકતાઓ જણાવો.
39. ઉદારીકરણ એટલે શું?

## CC - 203 અભ્યાસક્રમનો વિદ્યાભ્યાસ

### વિભાગ :- 01

**પ્રશ્ન – 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. અભ્યાસક્રમનો અર્થ સમજાવી અભ્યાસક્રમની વિવિધ વ્યાખ્યાઓ દર્શાવી અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તક વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી શાળાકીય શિક્ષણમાં તેમનું મહત્વ સ્પષ્ટ કરો.
3. અભ્યાસક્રમ વિકાસ એટલે શું? અભ્યાસક્રમ વિકાસની પ્રક્રિયામાં હેતુઓ અને અધ્યયન ધોરણોની સંરચના સમજાવો.
4. વિવિધ ક્ક્ષાએ અભ્યાસક્રમ વિકાસના સ્તર દર્શાવી રાજ્ય ક્ક્ષાએ અભ્યાસક્રમ વિકાસની ચર્ચા કરો.
5. અભ્યાસક્રમના આયોજનની પાયાની બાબતો જણાવી વિષયવસ્તુ સ્વરૂપ અને વિકાસાત્મક બાબતોનું અભ્યાસક્રમ આયોજન સમજાવો.
6. શાળામાં અભ્યાસક્રમ નિયોજનમાં અભ્યાસક્રમ સન્નિવેશ સમજાવી અધ્યયન સંસાધનોની ભૂમિકા સમજાવો.
7. અભ્યાસક્રમના વિકાસ, વ્યવહન અને મૂલ્યાંકનમાં શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરો.
8. હાર્દરૂપ-મુખ્ય(કોર) અભ્યાસક્રમનું મહત્વ સ્પષ્ટ કરી સ્થાનિક વિશિષ્ટ સંદર્ભિત અભ્યાસક્રમ વિશે જણાવો.
9. NCF - 2005 દ્વારા સૂચિત શાળાકીય અભ્યાસક્રમ સમાજાવો.
10. અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરી અભ્યાસક્રમના આધારો વિશે ચર્ચા કરો.
11. અભ્યાસક્રમ વિકાસ એટલે શું? અભ્યાસક્રમ વિકાસની પ્રક્રિયા સમજાવો વિવિધ ક્ક્ષાએ અભ્યાસક્રમ વિકાસ પર ચર્ચા કરો.

### વિભાગ :- 02

**પ્રશ્ન – 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ.**

1. રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા(NCF), અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તક વચ્ચેનો સબંધ સ્પષ્ટ કરો.
2. અભ્યાસક્રમના આધારો જણાવો.
3. હાર્દરૂપ અભ્યાસક્રમ અને સ્થાનિક સંદર્ભ વિશિષ્ટ અભ્યાસક્રમનું મહત્વ જણાવો.
4. અધ્યયન અનુભવો અને વિષયવસ્તુની અભ્યાસક્રમ વિકાસ માટેની પસંદગીના ધોરણો જણાવો.
5. અભ્યાસક્રમ મૂલ્યાંકનની સંકલ્પના સ્પષ્ટ કરી તેની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો.
6. અધ્યયન અનુભવો અને વિષયવસ્તુનું સંગઠન અને સુગ્રંથન સમજાવો.
7. શાળા કક્ષાએ અભ્યાસક્રમ વિકાસ સમજાવી વર્ગખંડ ક્ક્ષાએ તમે અભ્યાસક્રમ વિકાસ કેવી રીતે કરશો તે સમજાવો.
8. આંતરરાષ્ટ્રીય કક્ષાએ અભ્યાસક્રમ વિકાસ સમજાવો.
9. અભ્યાસક્રમ આયોજનની સામાજિક, આર્થિક અને પર્યાવરણીય બાબતો સમજાવી અભ્યાસક્રમ આયોજનની ચર્ચા કરો.
10. શાળામાં અભ્યાસક્રમના નિયોજનમાં શાળાના વાતાવરણની ભૂમિકા સ્પષ્ટ કરો.
11. અપેક્ષિત, અમલીકૃત અને સિધ્ધ અભ્યાસક્રમ વચ્ચેની ખાઈ પૂરવામાં શાળાની ભૂમિકા જણાવો.
12. અભ્યાસક્રમ વિકાસ, વ્યવહન અને મૂલ્યાંકનમાં શિક્ષક્ની ભૂમિકા સ્પષ્ટ કરો.
13. અભ્યાસક્રમ વિકાસ માટે અધ્યયન અનુભવોની પસંદગીના ધોરણો જણાવો.

### વિભાગ :- 03

**પ્રશ્ન - 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. અભ્યાસક્રમ એટલે શું?
2. પાઠ્યક્રમ એટલે શું?
3. હાર્દરૂપ અભ્યાસક્રમ એટલે શું?
4. અભ્યાસક્રમ સુગ્રથન એટલે શું?
5. સિધ્ધ અભ્યાસક્રમ એટલે શું?

6. અભ્યાસક્રમ પર પ્રભાવ સામાજિક બળો જણાવો.
7. વૃધ્ધિ અને વિકાસ બાબતમાં અધ્યેતા વિકાસના ક્ષેત્રો જણાવો.
8. અભ્યાસક્રમ વિકાસ માટેની અપેક્ષિત બાબતો કઈ છે?
9. રાષ્ટ્રીય કક્ષાએ અભ્યાસક્રમ નિર્માણ કરતી સંસ્થાઓ કઈ છે?
10. પૂર્ણ નામ લખો- NCERT, NUEPA, CABE
11. મુલ્યાંકનની લાક્ષણિકતાઓ કઈ કઈ છે?
12. સુગ્રથન અને સાતત્ય એટલે શું?
13. હાર્દરૂપ અભ્યાસક્રમનો મુખ્ય ઉદેશ્ય જણાવો.
14. અભ્યાસક્રમના આધારો ક્યાં છે?
15. છુપો અભ્યાસક્રમ એટલે શું?
16. અભ્યાસક્રમ અને પાઠ્યક્રમમાં શું તફાવત છે?
17. અભ્યાસક્રમ મૂલ્યાંકન એટલે શું?
18. અભ્યાસક્રમ શબ્દનો વ્યુત્પતિજનક અર્થ જણાવો.
19. NCF 2005 ના હેતુઓ જણાવો.
20. અભ્યાસક્રમની કોઈ એક વ્યાખ્યા આપો.
21. અભ્યાસક્રમ નિયોજન એટલે શું?
22. વિલ્સ અને બોન્ડીના જણાવ્યા મુજબ અભ્યાસક્રમનાં બે મુખ્ય પરિબળો ક્યા છે?
23. અભ્યાસક્રમ વિકાસ એટલે શું?
24. અનુબંધ એટલે શું?

## CC-204 અધ્યાપક શિક્ષણ-I

### વિભાગ :- 01

**પ્રશ્ન – 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. પૂર્વ સેવાકાલિન શિક્ષક શિક્ષણની જરૂરિયાત અને મહત્વની ચર્ચા કરો.
2. શિક્ષક શિક્ષણ કાર્યક્રમના અભિગમોની ચર્ચા કરો.
3. ઈન્ટર્નશીપ દરમિયાન તમારા અનુભવોની ચર્ચા કરો.
4. સેવાકાલિન શિક્ષક શિક્ષણના કાર્યક્રમની જરૂરિયાત સમજાવી તેના હેતુઓની ચર્ચા કરો.
5. અસરકારક શિક્ષક શિક્ષણના (Teacher Education) લક્ષણોની સમજૂતી આપો.
6. સેવાકાલિન શિક્ષક શિક્ષણના પ્રતિમાનો (Models) સમજાવો.
7. શિક્ષક શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરી પૂર્વ સેવા અને સેવાકાલિન શિક્ષક શિક્ષણ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.
8. રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષણ પરિષદ (NCTE) દ્વારા સૂચિત શિક્ષક શિક્ષણના અભ્યાસક્રમના માળખાની વિગતવાર સમજૂતી આપો.
9. સેવાકાલિન શિક્ષક શિક્ષણ માટે રાષ્ટ્રકક્ષાએથી જિલ્લા કક્ષા સુધી કાર્ય કરતી સંસ્થાઓ જણાવી રાજય કક્ષાએ શિક્ષક શિક્ષણનું કાર્ય કરતી કોઈ એક સંસ્થાની વિગતવાર માહિતી આપો.
10. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકીને પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષક શિક્ષણના હેતુઓ જણાવો.
11. રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ અભ્યાસક્રમ માળખું NCFTE-2009 સૂચિત શિક્ષક શિક્ષણના માધ્યમિક કક્ષાના (B.Ed) અભ્યાસક્રમનું માળખુ જણાવો.
12. સેવાકાલિન શિક્ષક શિક્ષણ માટેના કાર્યક્રમો જણાવીને ઓરીએન્ટેશન અને રીફ્રેશર કોર્સની વિગતવાર સમજૂતી આપો.
13. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરી તેનું સ્વરૂપ અને વ્યાપ જણાવો.
14. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકીને શિક્ષક શિક્ષણની વિવિધ કક્ષા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે તેના હેતુઓ જણાવો.
15. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણના પ્રકારો જણાવી કોઈ એકની વિગતવાર સમજૂતી આપો.
16. શાળા આધારિત ઈન્ટર્નશીપની સંકલ્પના સ્પષ્ટ કરી તેનું સ્વરૂપ, હેતુઓ અને પ્રવૃતિઓ વિશે વિગતવાર સમજાવો.
17. NCTE ના NCFTE-2009 માં સૂચિત શિક્ષક શિક્ષણના અભ્યાસક્રમ માટેના સૂચનો જણાવો.
18. અનુસ્નાતક શિક્ષક - પ્રશિક્ષણ આપતી સંસ્થાઓના નામ આપી તેના કાર્યો જણાવો.
19. કૌશલ્ય અને ક્ષમતા વિકાસ અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્ય અને પત્રકોની ચકાસણીમાં શું શું ધ્યાનમાં લેશો?

20. ભારતમાં સેવાકાલિન શિક્ષક પ્રશિક્ષણનો અર્થ આપી તેનો ઈતિહાસ અને કાર્યક્રમોની ચર્ચા કરો.
21. ઈન્ટર્નશીપની સંકલ્પના સ્પષ્ટ કરી, પૂર્વ ઈન્ટર્નશીપ, ઈન્ટર્નશીપ દરમ્યાન અને ઈન્ટર્નશીપ પછીની પ્રવૃતિઓ જણાવો.
22. અસરકારક સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમની ચર્ચા કરો.

## વિભાગ :- 02

**પ્રશ્ન - 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ**

1. એન્ડ્રોગોજી(Andragogy) વિશે ટૂંકનોંધ લખો.
2. યોગ્ય ઉદાહરણની મદદથી પાયાના અભ્યાસક્રમ અને વિશિષ્ટ ક્ષેત્રની સમજૂતી આપો.
3. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણના અભ્યાસક્રમોની સમજૂતી આપો.
4. સેવાકાલીન શિક્ષક શિક્ષણનું માળખું સમજાવો.
5. સેવાકાલીન શિક્ષક શિક્ષણના કાર્યક્રમના આયોજન દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
6. શિક્ષણના શિક્ષકોની સમસ્યાઓ સમજાવો.
7. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરી તેનું સ્વરૂપ અને વ્યાપ જણાવો.
8. સેવાકાલીન શિક્ષક શિક્ષણના વિવિધ પ્રતિમાનો દર્શાવવી કોઈ એક પ્રતિમાન વિશે સમજાવો.
9. એન્ડ્રોગોજી અને પેડેગોજીની સંકલ્પના સ્પષ્ટ કરી શિક્ષકની એક વયસ્ક અધ્યેતા તરીકેની લાક્ષણિકતાઓ દર્શાવો.
10. દૂરવર્તી શિક્ષણ એટલે શું ? પ્રવર્તમાન ભારતમાં સેવાકાલીન શિક્ષક શિક્ષણની દૂરવર્તી શિક્ષણ વ્યવસ્થા અંગે સમજૂતી આપો.
11. પૂર્વ સેવાકાલીન શિક્ષક શિક્ષણના અભ્યાસક્રમના વિવિધ ઘટકો સમજાવો.
12. આયોજન એટલે શું? તેના લક્ષણો જણાવી શિક્ષક શિક્ષણમાં આયોજનનું મહત્વ સ્પષ્ટ કરો.
13. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણના પૂર્વ પ્રાથમિક કક્ષાએ હેતુઓ જણાવો.
14. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણના પ્રાથમિક કક્ષાએ હેતુઓ જણાવો.
15. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણના ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ હેતુઓ જણાવો.
16. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણના માધ્યમિક કક્ષાએ હેતુઓ જણાવો.
17. પૂર્વ સેવા શિક્ષક શિક્ષણના ઉચ્ચ શિક્ષણ (અનુસ્નાતક શિક્ષણ - એમ. એડ.) કક્ષાએ હેતુઓ જણાવો.
18. NCFTE-2009 દ્વારા સૂચિત શિક્ષક શિક્ષણના અભ્યાસક્રમનું પુનઃગઠિત માળખું દર્શાવો.
19. શિક્ષક શિક્ષણ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની શાખાઓ જણાવી કોઈ એક શાખાના કાર્યો જણાવો.
20. પ્રવર્તમાન બી. એડ. ના અભ્યાસક્રમમાં મૂલ્યાંકન પ્રથા સમજાવો.
21. NCERT ના શિક્ષક શિક્ષણ માટેનાં કાર્યો જણાવો. તેનું મહત્વ સમજાવો.
22. NCTE ના શિક્ષક શિક્ષણના કાર્યો જણાવો. તેનું મહત્વ સમજાવો.
23. ઓનલાઈન શિક્ષણ એટલે શું? પ્રવર્તમાન ભારતમાં સેવાકાલીન શિક્ષક શિક્ષણની વ્યવસ્થામાં ઓનલાઈન શિક્ષણ કેટલે અંશે મદદરૂપ છે તેની સમજૂતી આપો
24. સેવાકાલીન શિક્ષક શિક્ષણમાં કેસ્કેડ મોડલ સમજાવી તેની મર્યાદાઓ જણાવો.
25. સેવાકાલીન શિક્ષક શિક્ષણ દ્વારા શિક્ષકના વ્યાવસાયી વિકાસ માટે શું કરી શકાય?
26. આયોજન એટલે શું? તેના લક્ષણો જણાવી શિક્ષક શિક્ષણમાં આયોજનનું મહત્વ સ્પષ્ટ કરો.
27. સેવા કાલીન શિક્ષક શિક્ષણમાં નવીન ઉપક્રમો કઈ રીતે ઉપયોગી બની શકે?
28. પાયાના અભ્યાસક્રમ અને વિશિષ્ટ ક્ષેત્ર સમજાવો.
29. સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણના કાર્યક્રમની જરૂરીયાત સમજાવી હેતુઓની ચર્ચા કરો.
30. પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણની પધ્ધતિઓની સમજ આપી ગુણ મર્યાદાઓ જણાવો.

## વિભાગ :- 03

**પ્રશ્ન 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. NCERT નું પુરૂ નામ આપો.
2. પેડેગોજી (Pedagogy) એટલે શુ?
3. સહપાઠી અધ્યયનના બે ફાયદા જણાવો.
4. શાળાના સંદર્ભમાં બે પ્રાયોગિક કાર્ય જણાવો.
5. સહપાઠી અધ્યયનની મર્યાદા જણાવો.
6. સેવાકાલીન શિક્ષક શિક્ષણ એટલે શું?
7. અભિમુખતાની (Orientation) જરૂરિયાત જણાવો.
8. સેમિનારના બે ફાયદા જણાવો.
9. આયોજન એટલે શું?
10. દૂરવર્તી શિક્ષણની જરૂરીયાત જણાવો.
11. DIET ના કાર્યો જણાવો.
12. અભિમુખતા કોર્સ એટલે શું?
13. NCTE નું મુખ્ય કાર્ય શું છે?
14. પ્રત્યક્ષ શિક્ષણ એટલે શું?
15. વર્કશોપ પધ્ધતિના બે લાભ અને બે ગેરલાભ જણાવો.
16. ઓનલાઈન શિક્ષણ એટલે શું?
17. NCERT અને NCTEનું પુરૂ નામ લખી તેમની સ્થાપનાનું વર્ષ જણાવો.
18. ઈન્ટરર્નશીપ કાર્યક્રમના કોઈ બે મુખ્ય હેતુઓ જણાવો.
19. સેવાકાલીન શિક્ષક શિક્ષણના પ્રકાર જણાવો.
20. ગુજરાતમાં શિક્ષક શિક્ષણના પ્રકાર જણાવો.
21. GCERT નું પુરૂ નામ લખી તેની સ્થાપનાનું વર્ષ જણાવો.
22. DIET ની PSTE શાખાનાં કાર્યો જણાવો.
23. GCERT ના બે કાર્યો જણાવો.
24. CASE નું પુરૂ નામ લખી તેના કાર્યો જણાવો.
25. NCTE સાથે સંકળાયેલી સંસ્થાઓના નામ જણાવો.
26. GCERT નું વડુ મથક કયાં છે? તેનુ પુરુ નામ જણાવો.
27. NAAC નું પુરૂ નામ જણાવો.
28. કેળવણી આજીવન પ્રક્રિયા છે. તેની સમજ આપો.
29. સહપાઠી અધ્યયનના બે ફાયદા જણાવો.
30. ઓપવર્ગો એટલે શુ?
31. શાળાના સંદર્ભમાં બે પ્રાયોગિક કાર્યો જણાવો.
32. DIET નું પૂરુ નામ જણાવો.
33. દૂરવર્તી શિક્ષણ શું છે?
34. કાર્યશાળાની ઉપયોગિતા જણાવો.

## સેમેસ્ટર 3

## CC-301 અદ્યતન સંશોધન પધ્ધતિઓ

### વિભાગ :- 01

**પ્રશ્ન – 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. ઐતિહાસિક સંશોધન એટલે શું? ઐતિહાસિક સંશોધનમાં દસ્તાવેજોના પ્રકાર જણાવો આ દસ્તાવેજોનું બાહય પરિશિલન અને આંતરિક પરિશિલન સમજાવો.
2. પ્રાયોગિક સંશોધન એટલે શું? પ્રાયોગિક સંશોધનના ઘટકો જણાવો. પ્રાયોગિક સંશોધનમાં બાહય યથાર્થતાને જોખમમાં મૂકતાં પરિબળો જણાવો.
3. પ્રાયોગિક સંશોધનમાં વપરાતી વિવિધ યોજનાઓનાં નામ જણાવો. (કોઈ પણ ત્રણ પૂર્ણ પ્રાયોગિક યોજનાઓ વિગતે સમજાવો.)
4. ઐતિહાસિક સંશોધન પધ્ધતિની સંકલ્પના સ્પષ્ટ કરો. આ સંશોધન પધ્ધતિના સોપાનો ઉદાહરણ સાથે સમજાવો.
5. વ્યાપવિશ્વ અને નિદર્શની (નમૂનો) સમજ આપો. સારા નિદર્શની લાક્ષણિકતાઓ જણાવો અને નમૂના પસંદગીનું સંશોધનમાં મહત્વ સ્પષ્ટ કરો.
6. નીચેના મુદ્દાના સંદર્ભમાં પ્રયોગિક સંશોધન પધ્ધતિની સમજ આપો.
   (i) ચલો (ii) પ્રાયોગિક યોજનાઓ (iii) આંતરિક અને બાહય યથાર્થતા
7. કારણતુલનાત્મક પ્રવૃતિ એટલે શું? તેના સોપાનો જણાવી. તેનું મહત્વ અને મર્યાદાઓ જણાવો.
8. વ્યાપવિશ્વ અને નિદર્શ એટલે શું? નિદર્શ પસંદગીની વિવિધ પધ્ધતિઓ જણાવી સંભાવ્ય નમૂના પસંદગીની પધ્ધતિઓની વિસ્તૃત ચર્ચા કરો.
9. સર્વેક્ષણ એટલે શું ? શાળાકીય સર્વેક્ષણ માટેનાં સોપાનો સવિસ્તર ચર્ચા કરો.

10. પ્રાયોગિક સંશોધનમાં આંતરિક યથાર્થતા અને બાહ્ય યથાર્થતાને જોખમમાં મૂકતાં પરિબળો જણાવો.
11. નિદર્શનો અર્થ સમજાવો. નિદર્શ પસંદગીની સંભાવ્ય પ્રયુકિતઓ પૈકી કોઈ પણ બે પ્રયુકિતઓ જણાવો.
12. પ્રાયોગિક સંશોધનમાં વપરાતી વિવિધ યોજનાઓનાં નામ જણાવો. કોઈ પણ બે પૂર્ણ પ્રાયોગિક યોજનાઓ વિગતે સમજાવો.
13. શૈક્ષણિક સંશોધનમાં નિદર્શ પસંદગીનું મહત્વ સમજાવો. તેમજ નિદર્શ પસંદગીનાં સોપાનો સમજાવો. નિદર્શ પસંદગીમાં થતી ભૂલોની ચર્ચા કરો.
14. ઐતિહાસિક સંશોધન પધ્ધતિના સોપાનો સમજાવો. ઐતિહાસિક સંશોધનમાં સંદર્ભ સ્થાનોનું મહત્વ જણાવો. સંદર્ભના પ્રકારોની ચર્ચા કરો.
15. વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો અર્થ સમજાવો. વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિના સોપાનોની ચર્ચા કરો.
16. પ્રાયોગિક સંશોધન પધ્ધતિનો અર્થ, સોપાનો અને પ્રયોગમાં અંકુશ મેળવવાની પધ્ધતિઓની ચર્ચા કરો.
17. સહસંબંધાત્મક અને કારણ તુલનાત્મક સંશોધન પધ્ધતિની તુલના કરો. કારણ તુલનાત્મક પધ્ધતિનાં લક્ષણો જણાવો.
18. નમૂના પસંદગી એટલે શું? નમૂના પસંદગીની રીતો જણાવી. બિન-સંભાવ્ય નમૂના પસંદગીની કોઈ પણ બે રીતો વર્ણવો.
19. પ્રાયોગિક સંશોધન પધ્ધતિની વિશેષતાઓ જણાવી પ્રાયોગિક સંશોધનમાં પૂર્ણ પ્રાયોગિક યોજનાઓ સમજાવો.
20. વિકાસાત્મક અભ્યાસ સંશોધન પધ્ધતિની સંકલ્પના સ્પષ્ટ કરો. સળંગસુત્રી અને આડછેદી અભ્યાસ પધ્ધતિ ઉદાહરણ સહ સમજાવો.
21. વ્યકિતઅભ્યાસ એટલે શું? વ્યકિતઅભ્યાસનાં સોપાનો સમજાવો.
22. સંખ્યાત્મક સંશોધન પધ્ધતિનો અર્થ આપો. આ સંશોધન પધ્ધતિના સોપાનો ઉદાહરણ સહ સમજાવો.

## <u>વિભાગ :- 02</u>

**પ્રશ્ન – 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ.**

1. વ્યકિતઅભ્યાસ એટલે શું? તેના સોપાનોની ચર્ચા કરો.
2. સળંગસુત્રી અભ્યાસ એટલે શું? તેનું મહત્વ અને મર્યાદાઓ જણાવો.
3. વિશ્લેષણ પધ્ધતિ એટલે શું? વિશ્લેષણ પ્રકારોની ચર્ચા કરો.
4. પ્રાયોગિક સંશોધનની આંતરિક યથાર્થતા પર અસર કરતાં પરિબળોની ચર્ચા કરો.
5. નમૂનો મોટો કયારે લેવામાં આવે છે?
6. પ્રાયોગિક સંશોધનમાં અર્ધ પ્રાયોગિક યોજનાઓ પૈકી કોઈ પણ બે યોજનાઓ સમજાવો.
7. પ્રાયોગિક સંશોધનમાં બાહ્ય યથાર્થતાને અસરકરતાં પરિબળોની ચર્ચા કરો.
8. ઐતિહાસિક સંશોધનમાં આંતરિક પરિશીલન અને બાહ્ય પરિશીલન સવિસ્તર સમજાવો.
9. સ્નો-બોલ નિદર્શ પ્રયુકિત એટલે શું?
10. યાદચ્છિક નિદર્શ પધ્ધતિ એટલે શું? તેના લાભ અને મર્યાદાઓ જણાવો.
11. કારણ-તુલનાત્મક અભ્યાસની મર્યાદાઓ જણાવો.
12. સારા નમૂનાનાં લક્ષણો જણાવો.
13. સહેતુક નમૂના પસંદગી અને સ્નો બોલ નમૂના પસંદગી ઉદાહરણ સહિત સમજાવો.
14. નમૂના પસંદગીમાં નિદર્શનું કદ અને નિદર્શ પ્રમાણમાં થતી ભૂલો જણાવો.
15. સળંગસુત્રી અને આડછેદી પધ્ધતિ ઉદાહરણ સહ સમજાવો.
16. સંભાવ્ય નમૂના પધ્ધતિ એટલે શું? તેના કોઈ પણ બે પ્રકારો સમજાવો.
17. કારણ-તુલનાત્મક પધ્ધતિની લાક્ષણિકતાઓ જણાવો.
18. વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિના સોપાનો ટૂંકમાં વર્ણવો.
19. ઐતિહાસિક સંશોધનમાં સંદર્ભસ્થાનોનું મહત્વ સમજાવો. ( સંદર્ભના પ્રકારોની ચર્ચા કરો )
20. ઐતિહાસિક સંશોધન પધ્ધતિના સોપાનો જણાવો.
21. ઉપકરણોના સંદર્ભમાં સર્વેક્ષણના પ્રકારો સમજાવો.

22. સારા નમૂનાના લક્ષણો જણાવો. નમૂના પસંદગીમાં થતી ભૂલો સમજાવો.
23. શિક્ષણમાં ઐતિહાસિક સંશોધનના પ્રકારો જણાવો.
24. સળંગસુત્રી અભ્યાસ એટલે શું? તેનું મહત્વ અને મર્યાદા જણાવો.
25. પ્રાયોગિક અને નિયંત્રિત જૂથને સમાન કરવાની કોઈ પણ બે પધ્ધતિઓ સમજાવો.
26. પ્રાયોગિક સંશોધન પધ્ધતિમાં પ્રયોગમાં અંકુશ મેળવવાની પધ્ધતિઓ સમજાવો.
27. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથને સમાન કરવા એટલે શું? તે માટેની વિવિધ પધ્ધતિઓ ઉદાહરણ સહિત સમજાવો.

## વિભાગ :- 03

**પ્રશ્ન 3- નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. આંતરિક યથાર્થતા એટલે શું?
2. કારણ-તુલનાત્મક પધ્ધતિ એટલે શું?
3. પ્રાયોગિક યોજનામાં કેટલા ચલ અને જૂથ હોય છે?
4. બાહય યથાર્થતા એટલે શું?
5. જહોન હેનરી અસર ઉદાહરણ આપી સમજાવો.
6. સોલોમન જૂથ યોજના સમજાવો.
7. ઐતિહાસિક સંશોધન પધ્ધતિનો અર્થ સ્પષ્ટ કરો.
8. શાળા સર્વેક્ષણ એટલે શું? ઉદાહરણ સહ સમજાવો.
9. વ્યકિતઅભ્યાસ એટલે શું?
10. સમાજ સર્વેક્ષણ એટલે શું?
11. સળંગસુત્રી અભ્યાસ પધ્ધતિનો અર્થ સ્પષ્ટ કરો.
12. પ્લેસેબો અસર એટલે શું?
13. પ્રાયોગિક યોજના એટલે શું?
14. સર્વેક્ષણના કોઈ પણ બે પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.
15. વ્યાપવિશ્વ એટલે શું ?
16. કઈ પરીસ્થિતિમાં વ્યકિતઅભ્યાસ હાથ ધરી શકાય?
17. વ્યકિત અભ્યાસના સોપાનોની ચર્ચા કરો.
18. નમૂના પસંદગી કરતી વખતે થતી કોઈ પણ બે ભૂલો લખો.
19. ઐતિહાસિક સંશોધનના પ્રકારોનાં નામ લખો.
20. પૂર્વગ્રહયુકત નમૂના પસંદગી એટલે શું ?
21. નમૂના પસંદગીનો અર્થ સમજાવો.
22. ઐતિહાસિક સંશોધનના કોઈ પણ બે હેતુઓ લખો.
23. નમૂનાની પ્રમાણભૂલ એટલે શું ?
24. નમૂનો મોટો કયારે લેવામાં આવે?
25. નિદર્શ એટલે શું?
26. યાદચ્છિક નમૂના પસંદગી એટલે શું?
27. પ્રાયોગિક સંશોધનના ઘટકો જણાવો.
28. કોહર્ટ એટલે શું?
29. સ્નો-બોલ નમૂનો કયારે લેવામાં આવે છે? સમજાવો.
30. વ્યકિતઅભ્યાસ સંશોધન પધ્ધતિ એટલે શું?તેના બે ઉદાહરણ આપો.
31. પ્રાયોગિક યોજનામાં કેટલા ચલ હોય છે?
32. સ્નો બોલ નિદર્શ પધ્ધતિ એટલે શું?
33. વર્ણનાત્મક સંશોધન પધ્ધતિનો અર્થ આપો.
34. કોઈ એક પૂર્ણ પ્રાયોગિક યોજના જણાવો.
35. શૈક્ષણિક સંશોધન પધ્ધતિઓનાં નામ જણાવો.
36. ઐતિહાસિક સંદર્ભના પ્રકારો જણાવો.
37. સર્વેક્ષણ સંશોધન પધ્ધતિની વ્યાખ્યા આપો.
38. પ્રાયોગિક યોજનાની રીત જણાવો.
39. સર્વેક્ષણ સંશોધન પધ્ધતિમાં કયા કયા સંશોધન
40. વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો અર્થ સમજાવો.

# CC -302 અધ્યાપક શિક્ષણ –II

## વિભાગ :- 01

**પ્રશ્ન – 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. શિક્ષક વિકાસ પર અસર કરતાં ઘટકોની વિગતે ચર્ચા કરો.
2. NCTE ની ભૂમિકાની ચર્ચા કરો.
3. માધ્યમિક શિક્ષણના સાર્વત્રિકરણની અસરોની ચર્ચા કરો.
4. અસરકારક શિક્ષક શિક્ષણના કાર્યક્રમની લાક્ષણિકતાઓની સમજૂતી આપો.

5. શિક્ષકોના વ્યાવસાયિક વિકાસની સમસ્યાઓ સમજાવી ઉપાયો સૂચવો.
6. શિક્ષક શિક્ષણની ગુણવતા સુધારવાના તમારા સૂચનોની ચર્ચા કરો.
7. શિક્ષક વિકાસની સંકલ્પના સ્પષ્ટ કરી શિક્ષક વિકાસ પર અસર કરતાં પરિબળોની વિસ્તૃત છણાવટ કરો.
8. ભારતમાં શિક્ષક શિક્ષણતંત્રનું માળખું, તેની ગુણવતા અને તેની મર્યાદાઓની વિગતવાર ચર્ચા કરો.
9. શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ સામેના પડકારોને શાળા શિક્ષણની ગુણવતા, શિક્ષકોની લાયકાત તથા શિક્ષક શિક્ષણ કાર્યક્રમોના સંદર્ભમાં ચર્ચા કરો.
10. માધ્યમિક શાળા શિક્ષકોની પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન શિક્ષણની ગુણવતા પર અસર કરતાં પરિબળોની વિશદ છણાવટ કરો.
11. શિક્ષક શિક્ષણ પર રાષ્ટ્રીય અને રાજય નીતિઓની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાં ચર્ચા કરો.
12. અધ્યાપક શિક્ષણ સંશોધનના વર્તમાન પ્રવાહોની રૂપરેખા આપી અધ્યાપક શિક્ષણમાં થયેલા પાંચ સંશોધનોની યાદી આપો.
13. શિક્ષક વિકાસના વિવિધ અભિગમોની ચર્ચા કરો.
14. શિક્ષક શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ સંસ્થાઓ અને એજન્સીઓની યાદી તૈયાર કરી તેમની ભૂમિકા સવિસ્તાર વર્ણવો.
15. શિક્ષક વિકાસની સંકલ્પના સ્પષ્ટ કરી બર્લિનરના તબક્કાઓ સમજાવો.
16. અધ્યાપક શિક્ષક શિક્ષણ કાર્યક્રમોની અસર- કારકતાના સંદર્ભમાં સંશોધનનું મહત્વ સ્પષ્ટ કરી અસરકારક શિક્ષક શિક્ષણ કાર્યક્રમની લાક્ષણિકતાઓ જણાવો.
17. શિક્ષક શિક્ષણના ક્ષેત્રમાં સંશોધનો કરતી વખતે ધ્યાનમાં રાખવાની પધ્ધતિશાસ્ત્રને લગતી બાબતોની ચર્ચા કરો.

## વિભાગ :- 02

**પ્રશ્ન – 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ.**

1. શિક્ષક ક્ષમતાની જરૂરિયાતની ચર્ચા કરો.
2. શિક્ષક શિક્ષણના સંશોધનને લગતા પધ્ધતિશાસ્ત્રની સમીક્ષા કરો.
3. શિક્ષક શિક્ષણની ગુણવતાને અસર કરતાં પરિબળોની સમજૂતી આપો.
4. બર્લિનરના તબક્કાની સમજૂતી આપો.
5. SSA વિશે ટૂંકનોંધ લખો.
6. વર્તમાન શિક્ષક શિક્ષણની સમીક્ષા કરો.
7. સેવાકાલીન શિક્ષક શિક્ષણ અંતર્ગત DPEP,SSA અને RMSA ની ભૂમિકા સ્પષ્ટ કરો.
8. ઉચ્ચતર માધ્યમિક સ્તરે અધ્યાપન માટે વિષયવસ્તુ જ્ઞાનની પર્યાપ્તતા પર તમારા વિચાર સ્પષ્ટ કરો.
9. શાળા શિક્ષણની ઉભયછેદી ગતિશીલતા એટલે શું? શિક્ષક વિકાસમાં ઉભયછેદી ગતિશીલતાની આવશ્યકતા પર તમારા વિચાર જણાવો.
10. શિક્ષક વિદ્વતા એટલે શું ? બર્લિનર દ્વારા સૂચિત શિક્ષક વિકાસના પગથિયા સમજાવો.
11. અસરકારક અધ્યાપક શિક્ષણ કાર્યક્રમોની લાક્ષણિકતાઓ અને મહત્વ ગુજરાતમાં અધ્યાપક શિક્ષણ આપતી સંસ્થાઓનું માળખું દર્શાવી કોલેજ ઓફ ટીચર એજયુકેશન (CET) ની ખાસ ભૂમિકાનું વર્ણન કરો.
12. નોંધ તૈયાર કરો. RMSA.
13. માધ્યમિક શિક્ષક શિક્ષણ સંસ્થા અને લોક સમુદાય વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.
14. સરકાર વિશ્વવિદ્યાલય અને NGOS માધ્યમિક શિક્ષક શિક્ષણ સંસ્થાઓમાં પોતાનો ફાળો કેવી રીતે આપી શકે છે ?
15. શિક્ષક ક્ષમતાની સંકલ્પના સ્પષ્ટ કરી તેના સુદઢિકરણમાં નડતા પડકારો જણાવો.

## વિભાગ :- 03

**પ્રશ્ન - 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. સહભાગી વિકાસ એટલે શું ?
2. RMSA નું પુરૂં નામ જણાવો.
3. લંબગત તરલતાનું યોગ્ય ઉદાહરણ આપો.
4. શિક્ષક વિકાસ પર અસરકર્તા ઘટકોની યાદી તૈયાર કરો.
5. અર્થ આપો- માધ્યમિક શિક્ષણનું સાર્વત્રિકરણ.

6. NCTEના કાર્યોની યાદી ટૂંકમાં બનાવો.
7. શિક્ષક શિક્ષણની ગુણવતા સુધારવા બે સૂચનો આપો.
8. SSAની અસર જણાવો.
9. શિક્ષક ક્ષમતા એટલે શું ?
10. શિક્ષણ સાથે સંકળાયેલા બે NGO ના નામ આપો.
11. વર્ગખંડ અવલોકનની વિશેષતા જણાવો.
12. શિક્ષક શિક્ષણના બે સામાયિકોનાં નામ આપો.
13. શિક્ષક શિક્ષણના અભ્યાસક્રમના નામ આપો.
14. IASE નું પુરૂં નામ લખી તેનું શિક્ષક વિકાસમાં મુખ્ય કાર્ય જણાવો.
15. NUEPA નું પુરૂં નામ લખી તેનું શિક્ષક શિક્ષણમાં મૂખ્ય યોગદાન જણાવો.
16. આંતર વિદ્યાશાખાકીય અને સુગ્રથિત શિક્ષક શિક્ષણ અભિગમ એટલે શું ?
17. અધ્યાપન સંશોધન એટલે શું ?
18. અધ્યાપક વ્યાવસાયિકવિકાસ એટલે શું ?
19. સ્વ નિર્દેશિત શિક્ષક વિકાસ એટલે શું ?
20. CASE નું પુરૂં નામ લખી તેનું શિક્ષક શિક્ષણમાં મુખ્ય પ્રદાન જણાવો.
21. શિક્ષણની સંશોધિત રાષ્ટ્રીય નીતિ ૧૯૯૨ સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
22. શિક્ષક શિક્ષણમાં અભ્યાસક્રમ અંગે કોઠારી પંચની કોઈ બે ભલામણો લખો.
23. NCTE દ્વારા શિક્ષક શિક્ષણનું માળખું NCFTE કયારે રજૂ કરવામાં આવ્યું.
24. NCTE અને NCFTE નું પુરૂં નામ લખો.
25. પ્રયોગશાળા સંશોધન અને ક્ષેત્ર સંશોધનનો અર્થ આપો.
26. શિક્ષક પ્રતિબધ્ધતા એટલે શું ?
27. બહુવિધવિષય શિક્ષકનો અર્થ આપો.
28. શિક્ષક કામગીરીને સુદઢ કરવામાં નડતી સમસ્યાઓ જણાવો.

## CC – 303 માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણ – 1

<u>વિભાગ :- 01</u>

**પ્રશ્ન – 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. માધ્યમિક શિક્ષણનું માળખું વિગતે સમજાવો.
2. માધ્યમિક શિક્ષણના ઉદ્દેશો અને હેતુઓ વર્ણવો.
3. માધ્યમિક અને ઉચ્ચ્તર માધ્યમિક કક્ષાએ કયા પ્રકારની શાળાઓ છે ? ભારતમાં પબ્લિક સ્કૂલોનાં લક્ષણો જણાવો.
4. ભારતમાં શૈક્ષણિક સાધનો અને વર્ગખંડોની ગુણવતા કેવીરીતે વધારી શકાય ? સૂચનો આપો.
5. ભારતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની વિવિધ શૈક્ષણિક નિતિઓના અમલીકરણ વિશે સમજાવો.
6. નવોદય વિદ્યાલય એટલે શું ? તેના હેતુઓ, કાર્યો અને સુવિધાવિશે સમજાવો.
7. માધ્યમિક અને ઉચ્ચ્તર માધ્યમિક શાળા કક્ષાએ ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક અને વર્ગખંડો સંબંધિત સમસ્યાઓ જણાવો.
8. માધ્યમિક અને ઉચ્ચ્તર માધ્યમિક શિક્ષણ સહાયકોની સમસ્યા તમારા શબ્દોમાં વર્ણવો.
9. ગુજરાત રાજયમાં માધ્યમિક શાળા સ્તરે આચાર્ય નિમણૂંક પ્રક્રિયાનાં સોપાનો સવિસ્તાર સમજાવો.
10. કેન્દ્રીય વિદ્યાલય એટલે શું ? તેના હેતુઓ, કાર્યો , અને સુવિધાઓ અંગે સવિસ્તાર સમજાવો.
11. આદર્શ નિવાસી શાળામાં શિક્ષકોની નિમણૂંક પ્રક્રિયાના સોપાનો સવિસ્તાર સમજાવો.
12. શાળા વ્યવસ્થાપનનો (સંચાલનનો) અર્થ આપી તેની જરૂરીયાત અને મહત્વ સમજાવો.
13. માધ્યમિક અને ઉચ્ચ્તર માધ્યમિક શાળામાં શિક્ષક ની નિમણૂંક પ્રક્રિયાના સોપાનો સવિસ્તાર સમજાવો.
14. સામાજિક સ્તરીકરણ એટલે શું ? માધ્યમિક સ્તરે સામાજિક સ્તરીકરણને લીધે નડતી સમસ્યાઓ અંગે ચર્ચા કરો.
15. UGC અને NCERT નાં કાર્યો જણાવી બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
16. માધ્યમિક શાળા સ્તરે માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકીને લીધે ઉદભવતી સમસ્યાઓ જણાવો.
17. માધ્યમિક શાળા સ્તરે કન્યા કેળવણીમાં નડતરરૂપ સમસ્યાઓ વર્ણવી અને

સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા ચાલતા કાર્યક્રમો અંગે જણાવો.

18. NCERT અને GCERT નું માળખું દોરી માધ્યમિક સ્તરનાં કાર્યો જણાવો.
19. ઉચ્ચ શિક્ષણ સુધારવા માટે NAAC ની ભૂમિકા શી છે ?
20. NCTE ની ભૂમિકા શું છે ? તે UGC થી કેવી રીતે જૂદી પડે છે ?
21. ગુજરાતમાં માધ્યમિક શિક્ષણના શૈક્ષણિક માળખાની સુધારણા માટે કોઈ પણ પાંચ મુદ્દા સૂચવો.
22. ગુજરાતમાં માધ્યમિક શાળા કક્ષાએ સીમાંતીકરણ શું છે ?
23. એકલવ્ય મોડેલ સ્કૂલના હેતુઓ, કાર્યો અને તેના દ્વારા પુરી પડાતી સગવડોની નોંધ કરો.

<u>વિભાગ :- 02</u>

**પ્રશ્ન – 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ.**

1. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની વ્યાવસાયિક નૈતિકતાવિશે સમજાવો.
2. એકલવ્ય મોડેલ સ્કૂલના કાર્યો અને સુવિધાઓ વિશે સમજાવો.
3. માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ એટલે શું ? તેના ધ્યેયો અને હેતુઓ જણાવો.
4. ભારતમાં માધ્યમિક શાળા કક્ષાએ કન્યા કેળવણીની જરૂરનું વર્ણન કરો.
5. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં બાળકોમાં સર્જનાત્મકતા વિકસાવવા માટેની પ્રવૃતિઓ સૂચવો.
6. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોની વ્યાવસાયિક નૈતિકતાવિશે સમજાવો.
7. ભારતમાં માધ્યમિક શાળાઓની સમસ્યાઓ જણાવો. તેનાં કારણોનું વિશ્લેષણ કરો.
8. માધ્યમિક શાળાઓમાં CABE નું મહત્વ જણાવો.
9. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સંશોધનમાં શૈક્ષણિક સંશોધનોમાં શિક્ષણની ભૂમિકા સ્પષ્ટ કરો.
10. માધ્યમિક શાળાઓમાં કઈ નાવિન્ય પૂર્ણ શૈક્ષણિક પ્રયુકિતઓનો ઉપયોગ થાય છે.
11. કેન્દ્રીય વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓને અપાતી સુવિધાઓ જણાવો.
12. પબ્લિક સ્કૂલના કાર્યો જણાવો.
13. માધ્યમિક શાળામાં ભૌતિક સુવિધાઓને લગતી સમસ્યાઓ સ્પષ્ટ કરો.
14. UGCનું માળખું વર્ણવીને સ્પષ્ટ કરો.
15. NCTEનાં કાર્યો જણાવો.
16. NUEPA નાં કાર્યો જણાવો.
17. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સ્તરે ICT ને લીધે ઉદભવતી સમસ્યાઓ અંગે ચર્ચા કરો.
18. નવોદય વિદ્યાલય અને કેન્દ્રીય વિદ્યાલય વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
19. શિક્ષક પ્રશિક્ષણમાં NCTE ની ભૂમિકા વિગતવાર સમજાવો.
20. માધ્યમિક શાળા કક્ષાની સમસ્યાઓ ઉપર કોઈ પણ પાંચ સંશોધનોના શીર્ષકો લખો.
21. ગુજરાતમાં માધ્યમિક શિક્ષણના શૈક્ષણિક માળખાની સુધારણા માટે કોઈ પણ પાંચ મૂદ્દાઓ સૂચવો.
22. ગુજરાતમાં માધ્યમિક શાળા કક્ષાએ સીમાંતીકરણ નિવારવા તમે શું કરશો?
23. માધ્યમિક શાળા કક્ષાએ NCERT ની ભૂમિકા વિગતવાર સમજાવો.

<u>વિભાગ :- 03</u>

**પ્રશ્ન - 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. શાળા વ્યવસ્થાપન એટલે શું?
2. એકલવ્ય મોડેલ સ્કૂલ કોને કહેવાય?
3. માધ્યમિક શાળાના આચાર્યની જરૂરી લાયકાત જણાવો.
4. આદર્શ નિવાસી શાળામાં કેવા પ્રકારના વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે?
5. વ્યાવસાયિક નૈતિકતા એટલે શું?
6. સામાજિક સ્તરીકરણ એટલે શું?
7. IASEનું પુરૂં નામ જણાવી. IASE હોય એવા કોઈ પણ એક શિક્ષણ વિભાગનું નામ લખો.
8. માધ્યમિક શાળાને લગતી કોઈ પણ બે સંશોધન સમસ્યાનું શીર્ષક લખો.
9. શિક્ષણ સહાયક કોને કહેવાય ?
10. GCERTનું પુરૂં નામ જણાવો અને તેનું મુખ્ય મથક કયાં આવેલું છે ?

11. પબ્લિક સ્કૂલના બે હેતુઓ લખો.
12. UGC નું પુરૂં નામ જણાવો અને તેનું મુખ્ય મથક કયાં આવેલું છે ?
13. NCTEનું પુરૂં નામ જણાવો અને તેનું મુખ્ય મથક કયાં આવેલું છે ?
14. NCERTનું પુરૂં નામ જણાવો અને તેનું મુખ્ય મથક કયાં આવેલું છે ?
15. નવોદય વિદ્યાલયમાં કયા ધોરણથી પ્રવેશ આપવામાં આવે છે ?
16. શાળાના મુખ્ય પ્રકારોનાં નામ આપો.
17. પબ્લિક સ્કૂલ એટલે શું ?
18. શિક્ષકની વ્યાવસાયિક નૈતિકતાના કોઈ પણ બે ઉદાહરણ આપો.
19. માધ્યમિક શાળાના શિક્ષક બનવા માટેની જરૂરી લાયકાત જણાવો.
20. માધ્યમિક શાળા સ્તરે કન્યાઓને નડતી કોઈ પણ બે સમસ્યાઓના ઉદાહરણ આપો.
21. NAAC નું પુરૂં નામ જણાવી તેનું મુખ્ય કાર્ય શું
છે?
22. CABEનું પુરૂં નામ લખો.
23. વિદ્યાદીપ યોજના શું છે?
24. કેન્દ્રીય વિદ્યાલયની બે સગવડો જણાવો.
25. માધ્યમિક શાળા સ્તરે વિદ્યાર્થીઓના અપવ્યયને લગતી સમસ્યાના બે ઉદાહરણ આપો.
26. શાળા છોડી જતાં બાળકોની કોઈ પણ બે સમસ્યાઓ જણાવો.
27. TAT અને HTATનું પુરૂં નામ લખો.
28. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય બનવા માટે ગુજરાત સરકાર દ્વારા કઈ પરીક્ષા લેવામાં આવે છે?
29. ગુજરાત રાજય પરીક્ષા બોર્ડનું મથક કયાં આવેલું છે ?
30. NUIEPA નું પુરૂં નામ લખો.
31. શાળા સંચાલન અને શાળા વ્યવસ્થાપન વચ્ચે શું ભેદ છે ?
32. માધ્યમિક કક્ષાએ આપનું શિક્ષણકાર્ય સુધારવા માટે તમે શું પગલાં લેશો ?
33. શિક્ષણમાં ICT નો ઉપયોગ વધારવા તમે શું કરશો ?
34. શિક્ષકના કોઈ પણ પાંચ વ્યાવસાયિક સિધ્ધાંતોનો ઉલ્લેખ કરો.
35. શિક્ષણ સહાયકની કોઈ પણ બે સમસ્યાઓ જણાવો.
36. વિદ્યાદીપ યોજનાના ચાર હેતુઓ જણાવો.
37. ગુજરાત રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષાકોની ભરતી માટે કઈ પરીક્ષા લેવામાં આવે છે ?

## CC- 304 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ – ૨

### વિભાગ :- 01

**પ્રશ્ન - 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. અધ્યેતાને સક્રિય રાખવાના જુદા-જુદા સ્વરૂપોની ચર્ચા કરો.
2. ગાંધીજીની અધ્યયન મીમાંસાની સમીક્ષા કરો.
3. માધ્યમિક શિક્ષણના સંદર્ભમાં જુદી જુદી મુલ્યાંકન પધ્ધતિઓની ચર્ચા કરો.
4. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના હેતુઓની ચર્ચા કરો.
5. NPE 1986ની ચર્ચા કરો.
6. કર્મયોગી તાલીમની વિસ્તૃતમાં સમીક્ષા કરો.
7. માધ્યમિક શાળાના બાળકોમાં સંકલિત વિકાસ માટે અભ્યાસક્રમમાં કઈ પ્રવૃતિઓનો સમાવેશ કરી શકાય?
8. વિવેચનાત્મક વિચાર અને ચિંતનના સંદર્ભમાં અધ્યેતાની સહભાગીપણાનાં વિવિધ સ્વરૂપોની વિસ્તૃત ચર્ચા કરો.
9. ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકોમાં સંકલિત વિકાસ માટે અભ્યાસક્રમમાં કઈ પ્રવૃતિઓનો સમાવેશ કરી શકાય ?
10. બાળ કેન્દ્રિત શિક્ષણશાસ્ત્રનો અર્થ આપી માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે લોજીક તર્ક સમજાવો.
11. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ થતાં મૂલ્યાંકનના પ્રકારોને સમજાવો.
12. ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારો ૧૯૭૨ની વિગતવાર ચર્ચા કરો.
13. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વહીવટ પૂર્ણ પ્રતિબધ્ધતાએ કેટલે અંશે થઈ રહયો છે ?

14. બાળ કેન્દ્રિત શિક્ષણશાસ્ત્રનો અર્થ આપી માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે લોજીક- તર્ક સમજાવો.
15. જે. કૃષ્ણમૂર્તિના શૈક્ષણિક વિચારો તથા શાળાના સંદર્ભમાં તેમની ઉપયોગિતા વિશે સમજાવો.
16. ગાંધીજીના શૈક્ષણિક વિચારો તથા શાળાના સંદર્ભમાં તેમની ઉપયોગિતા સમજાવો.
17. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસક્રમ વિકાસના સિધ્ધાંતો અને તેની અમલીકરણ પ્રક્રિયા વિશે સમજાવો.
18. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસક્રમનાં અભિગમો જણાવી તેની સહાયક સામગ્રીની ભૂમિકા વિશે સમજાવો.
19. અવલોકન અને શોધના સંદર્ભમાં અધ્યેતાના સહભાગીપણાનાં વિવિધ સ્વરૂપોની વિસ્તૃત ચર્ચા કરો.
20. અભ્યાસક્રમની સંકલ્પના આપી માધ્યમિક શાળાસ્તરના હેતુઓની સમજૂતી આપો.
21. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન RMSA અંગે વિસતૃત સમજૂતી આપો.
22. માધ્યમિક શાળા સ્તરે SWOT પૃથક્કરણ અંગે ચર્ચા કરો.

## વિભાગ :- 02

**પ્રશ્ન – 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ.**

1. જ્ઞાનની રચનાની પ્રક્રિયાની ટૂંકમાં સમજૂતી આપો.
2. સામાજિક શિક્ષણના સંદર્ભમાં ટાગોરના વિચારો સમજાવો.
3. અધ્યયન સહાયક સામગ્રીનું મહતવ જણાવો.
4. NCF 2005 અંગે માધ્યમિક શિક્ષણને ધ્યાનમાં રાખી ચર્ચા કરો.
5. (NCK) રાષ્ટ્રીય જ્ઞાન આયોગની ટૂંકમાં ચર્ચા કરો.
6. માધ્યમિક શિક્ષણમાં TQM સમજાવો.
7. જહોન ડયુઈના શૈક્ષણિક વિચારો અનુસાર શિક્ષણની ચર્ચા કરો.
8. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ હેતુઓ અને ધ્યેયો નો ઉલ્લેખ કરો.
9. નેશનલ નોલેજ કમિશન (NKC) વિશે તમે શું જાણો છો તેના હેતુઓ જણાવો.
10. અધ્યેતાકેન્દ્રી અભ્યાસક્રમને ટૂંકમાં સમજાવો.
11. અભ્યાસક્રમને સમયાંતરે પરિવર્તનની બાબતને તમે કઈ રીતે મૂલવો છો ?
12. રવિન્દ્રનાથ ટાગોરના શૈક્ષણિક વિચારોની ચર્ચા કરો અને તેની શાળા સંદર્ભમાં અમલીકરણને સમજાવો.
13. NPE 1986ની ટૂંકમાં ચર્ચા કરો.
14. સોક્રેટીસના શૈક્ષણિક વિચારો ટૂંકમાં જણાવો.
15. શ્રીઅરવિંદના શૈક્ષણિક વિચારો ટૂંકમાં જણાવો.
16. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસક્રમ સંબંધિત સંશોધન કાર્યો વિશે સમજાવો.
17. TAT અને HTAT એટલે શું ? તેની સંપૂર્ણ પ્રક્રિયા વિશે સમજાવો.
18. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ સામગ્રી અને સાધનોના પ્રકારો વિશે જણાવો.
19. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ આંતરિક મૂલ્યાંકનના ક્ષેત્રો જણાવી સંપૂર્ણ
20. ગુણવતાયુકત વ્યવસ્થાપન સમજાવો.
21. બાળ કેન્દ્રિત શિક્ષણશાસ્ત્ર અંગે ટૂંકમાં ચર્ચા કરો.
22. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સ્તરે અધ્યાપન સામગ્રીઓ અંગે સમજૂતી આપો.
23. મૂલ્યાંકનના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.
24. માધ્યમિક શિક્ષણના સંદર્ભમાં ગાંધીજીના વિચારોની સમીક્ષા કરો.

## વિભાગ :- 03

**પ્રશ્ન - 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. અધ્યયન સહાયક સામગ્રી એટલે શું ?
2. ભારતમાં માધ્યમિક શિક્ષણને લગતા કોઈ પણ બે કાર્યક્રમોનાં નામ આપો.
3. અભ્યાસક્રમ એટલે શું ?

4. માધ્યમિક શિક્ષણમાં ઉપયોગી બે અભિગમોનાં નામ આપો.
5. સમીક્ષાત્મક વિચારનું એક ઉદાહરણ આપો.
6. શિક્ષણના સંદર્ભમાં સોક્રેટીસનું વિશિષ્ઠ પ્રદાન જણાવો.
7. મૂલ્યાંકનની વ્યાખ્યા આપો.
8. SWOT પૃથક્કરણ એટલે શું?
9. TQM એ શું છે?
10. RMSA નું પુરૂં નામ જણાવો.
11. NPEનું પુરૂં નામ જણાવો.
12. NCF ૨૦૦૫ શું છે?
13. અભ્યાસક્રમના અભિગમો માધ્યમિક શાળા કક્ષાએ કયા કયા છે?
14. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિગમના બે હેતુઓ લખો.
15. કર્મયોગી તાલીમ શું છે?
16. માધ્યમિક કક્ષાએ કયા પ્રકારની સાધન સામગ્રીનો ઉપયોગ થાય છે?
17. વિવેચનાત્મક શિક્ષણશાસ્ત્ર એટલે શું?
18. સતત અને સર્વગ્રાહી શિક્ષણ એટલે શું?
19. NKC ની શિક્ષણ નીતિ જણાવો.
20. સમીક્ષાત્મક વિચારનું એક ઉદાહરણ આપો
21. POA અને TAT નું પુરૂ નામ જણાવો.
22. SWOTનું પુરૂં નામ આપો
23. TQM અને NCF નું પુરૂ નામ જણાવો.
24. NPE અને HTAT નું પુરૂ નામ જણાવો.
25. મૂલ્યાંકન માટે વપરાતા સાધનો જણાવો.
26. NPE ની નવી શિક્ષણનીતિ વિશે જણાવો
27. માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો તફાવત લખો.
28. જે. કૃષ્ણમૂર્તિની શિક્ષણની વ્યાખ્યા આપો.
29. શ્રીઅરવિંદની શિક્ષણની વ્યાખ્યા આપો.
30. ગાંધીજીએ કયા પ્રકારના શિક્ષણ પર ભાર મૂકયો હતો?
31. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય બનવા માટે કેટલા વર્ષનો અનુભવ જરૂરી છે?
32. વિષયવસ્તુનું પૃથક્કરણ એટલે શું?
33. સંકલ્પનાત્મક મૂલ્યાંકન એટલે શું?
34. ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારો કયા વર્ષથી અસ્તિત્વમાં આવ્યો હતો?
35. જહોન ડયુઈએ કયા પ્રકારના શિક્ષણને ભાર આપ્યો છે?

## સેમેસ્ટર- 4
## ES--401 માધ્યમિક શિક્ષણમાં અભ્યાસક્રમ અને મૂલ્યાંકન

### વિભાગ :- 01

**પ્રશ્ન -1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. અધ્યાપન યોજનાનો અર્થ અને સંકલ્પના જણાવી અધ્યાપન યોજના વિશે સમજાવો.
2. અધ્યાપન યોજના એટલે શું? અધ્યાપન યોજનાના પ્રતિમાનો સવિસ્તાર સમજાવો.
3. અધ્યાપન યોજનાની વ્યાખ્યા આપી. અધ્યાપન યોજના નિર્માણનાં કૌશલ્યોની વિસ્તૃત માહિતી આપો.
4. વાર્તાફલકનો અર્થ અને સંકલ્પના જણાવી વાર્તાફલકની વિગતે ચર્ચા કરો.
5. વાર્તાફલક એટલે શું? વાર્તાફલકના મનોવૈજ્ઞાનિક સિધ્ધાંતોની ચર્ચા કરો.
6. વાર્તાફલકની વ્યાખ્યા આપી વાર્તાફલકના ફાયદા અને ગેરફાયદા જણાવો.
7. સ્વ-અધ્યયનનો અર્થ અને સંકલ્પના જણાવી સ્વ-અધ્યયનની જરૂરિયાત વિશે સમજાવો.
8. અભિક્રમિત અધ્યયન સામગ્રી એટલે શું? અભિક્રમિત અધ્યયન સામગ્રીના સિધ્ધાંતો વિશે સમજાવો.
9. અભિક્રમિત અધ્યયન સામગ્રીની સંકલ્પના જણાવી તેના પ્રકારોની વિગતે ચર્ચા કરો.
10. અભિક્રમિત અધ્યયન સામગ્રીના ફાયદા અને મર્યાદાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરો.
11. અધ્યાપન સામગ્રીનો અર્થ આપી તેના નિર્માણનાં પગથિયા વિશે સમજાવો.
12. કમ્પ્યુટર આધારિત અધ્યાપનની સંકલ્પના જણાવી તેની વિકાસ પ્રક્રિયા અને લક્ષણો વિશે ચર્ચા કરો.
13. પ્રશ્નબેંક એટલે શું? પ્રશ્નબેંકના પ્રકારોની સમજૂતી આપો.
14. પ્રશ્નબેંકની સંકલ્પના જણાવી પ્રશ્નબેંકનું મહત્વ સમજાવો.

15. પ્રશ્નબેંકનો અર્થ આપી પ્રશ્નબેંક નિર્માણના પગથિયા વિશે સમજાવો.
16. ગ્રેડિંગની સંકલ્પના જણાવી તેના ફાયદા અને મર્યાદા વિશે સમજાવો.

## 17. વિભાગ :- 02

**પ્રશ્ન – 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ.**

1. અધ્યાપન યોજનાની સંકલ્પના જણાવી તેના પ્રતિમાનો જણાવો.
2. અધ્યાપન યોજના એટલે શું? અધ્યાપન યોજનાના કૌશલ્યો જણાવો.
3. વાર્તાફલકનો અર્થ જણાવી મનોવૈજ્ઞાનિક સિધ્ધાંતો જણાવો.
4. પ્રશ્નબેંકની સંકલ્પના જણાવી પ્રશ્નોના પ્રકારો વિશે જણાવો.
5. સ્વ અધ્યયન સામગ્રીની જરૂરિયાતો જણાવો.
6. વાર્તાફલકના ફાયદા અને ગેરફાયદા જણાવો.
7. અધ્યયન સામગ્રી નિર્માણના પગથિયાં જણાવો.
8. અભિક્રમિત અધ્યયન સામગ્રીના પ્રકારો જણાવો.
9. CAI આધારિત અધ્યાપનની વિકાસ પ્રક્રિયાના લક્ષણો જણાવો.
10. અધ્યયન સામગ્રીના ફાયદા અને મર્યાદા જણાવો.
11. પ્રશ્નબેંક એટલે શું ? તેની જરૂરિયાત જણાવો.
12. ગ્રેડિંગની સંકલ્પના જણાવી ગ્રેડિંગના પ્રકારો જણાવો.

## વિભાગ :- 03

**પ્રશ્ન – 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. અભ્યાસક્રમ એટલે શું?
2. મૂલ્યાંકન એટલે શું?
3. અધ્યાપન યોજના એટલે શું?
4. વાર્તાફલક એટલે શું ?
5. સ્વ-અધ્યયન એટલે શું?
6. CAIનું પુરૂ નામ જણાવો.
7. અધ્યાપન સામગ્રીનો અર્થ જણાવો.
8. અભિક્રમિત અધ્યયન એટલે શું?
9. પ્રશ્નબેંક એટલે શું?
10. ગ્રેડિંગના પ્રકારો જણાવો.
11. વાર્તાફલકના કોઈ પણ બે ફાયદા જણાવો.
12. સ્વ-અધ્યયન સામગ્રીની જરૂરિયાત જણાવો.
13. અભિક્રમિત અધ્યયન સામગ્રીના કોઈપણ બે સિદ્ધાંત જણાવો.
14. વાર્તાફલકના કોઈપણ બે મનોવૈજ્ઞાનિક સિધ્ધાંતો જણાવો.
15. અધ્યાપન યોજનાના પ્રતિમાનોનાં નામ જણાવો.
16. પ્રશ્નબેંકની કોઈપણ બે મર્યાદાઓ જણાવો.
17. અધ્યાપનની સંકલ્પના જણાવો.
18. પ્રશ્નોના પ્રકાર જણાવો.
19. ગ્રેડિંગની સંકલ્પના જણાવો.
20. અભિક્રમિત અધ્યયન સામગ્રીની કોઈપણ બે મર્યાદાઓ જણાવો.

# ES – 402 માર્ગદર્શન અને સલાહ

## વિભાગ :- 01

**પ્રશ્ન - 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. માર્ગદર્શનની વ્યાખ્યા આપી માર્ગદર્શનના સિધ્ધાંતોની વિગતવાર ચર્ચા કરો.
2. માર્ગદર્શનના આધારોની ચર્ચા કરો.
3. વ્યાવસાયિક વિકાસનો ગિન્ઝબર્ગનો સિદ્ધાંત વર્ણવો.
4. વ્યાવસાયિક માહિતી પ્રસારણની વિવિધ પધ્ધતિઓની ચર્ચા કરો.
5. માર્ગદર્શનના હેતુઓ જણાવી માર્ગદર્શન સેવાઓના પ્રકાર વર્ણવો.
6. શૈક્ષણિક માર્ગદર્શનની સંકલ્પના સ્પષ્ટ કરી વિવિધ કક્ષાએ શૈક્ષણિક માર્ગદર્શનનું સ્વરૂપ સ્પષ્ટ કરો.
7. કાર્ય માનવની કઈ કઈ જરૂરિયાત અને તેના વર્ગીકરણની રીતો સ્પષ્ટ કરો.
8. વ્યવસાય પસંદગી પર અસર કરતાં પરિબળો સમજાવો.
9. વ્યાવસાયિક વિકાસની સંકલ્પના સ્પષ્ટ કરી ગિન્ઝબર્ગનો વ્યાવસાયિક વિકાસનો સિધ્ધાંત રજૂ કરો.
10. વ્યાવસાયિક માહિતીની સંકલ્પના, તેની જરૂરિયાત અને તેના વર્ગીકરણની રીતો સ્પષ્ટ કરો.
11. વ્યાવસાયિક માહિતીના વિસ્તરણમાં કારકીર્દી પરિષદની ભૂમિકા સ્પષ્ટ કરો.
12. કોલેજ કક્ષાએ કઈ કઈ માર્ગદર્શન સેવાઓની જરૂર છે?
13. વ્યાવસાયિક વિકાસ એટલે શું? વ્યાવસાયિક વિકાસનો જહોન હોલેન્ડનો સિદ્ધાંત જણાવો.
14. વ્યાવસાયિક માહિતીના વિસ્તરણની વિવિધ તકનીકી જણાવી કોઈ પણ બે ને વિગતે સમજાવો.
15. વ્યવસાય પસંદ કરવા માટેની પ્રવર્તમાન સંકલ્પનાઓ જણાવી વ્યવસાય પસંદગી પાછળ કામ કરતા પ્રેરણો જણાવો.
16. કોલેજ કક્ષાએ માર્ગદર્શન સેવાનું આયોજન કરતી વખતે કઈ બાબતોનીનું ધ્યાન રાખશો.
17. એક શિક્ષક તરીકે તમારી શાળામાં કારકીર્દી સભાનું આયોજન કરો. શાળાના વિષયોના માધ્યમથી વ્યાવસાયિક માહિતી કેવી રીતે આપી શકાય ?
18. વ્યવસાય માહિતીનું વર્ગીકરણ અને એકત્રીકરણ કરવાની વિવિધ રીતની વિસ્તૃત ચર્ચા કરો.
19. સલાહ દર્શનનો અર્થ અને સ્વરૂપ જણાવી, તેના વિવિધ અભિગમો જણાવો.
20. હેવિંગ હર્સ્ટનો વિકાસાત્મક કાર્યસિદ્ધાંત સમજાવો.

## વિભાગ :- 02

**પ્રશ્ન -2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ.**

1. હોલેન્ડનો વ્યાવસાયિક વિકાસનો સિદ્ધાંત રજૂ કરો.
2. સમજાવો. ૧. વ્યાવસાયિક સફળતા
   ૨. વ્યાવસાયિક પરિપકવતા
3. ડોનાલ્ડ સુપરનો વ્યાવસાયિક વિકાસનો સિદ્ધાંત ટૂંકમાં સમજાવો.
4. પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ માર્ગદર્શન કોણ કોણ આપી શકે?
5. કારકીર્દી વાર્તાલાપની અગત્ય સ્પષ્ટ કરો.
6. વ્યાવસાયિક માહિતીના વિસ્તરણમાં પ્રકાશનોની ભૂમિકા સ્પષ્ટ કરી આ માટે ઉપયોગી વિવિધ પ્રકાશનો જણાવો.
7. વ્યાવસાયિક પરિપકવતા એટલે શું? વ્યાવસાયિક પરિપકવતાના ચલોની સમજૂતી આપો.
8. વ્યાવસાયિક માહિતીનો અર્થ જણાવી આદર્શ વ્યાવસાયિક માહિતીના લક્ષણો જણાવો.
9. કારકીર્દી વિકાસ માટે ગિન્ઝબર્ગનો સિદ્ધાંત જણાવો.
10. માહિતીના પ્રાથમિક અને ગૌણ સ્રોતોની ચર્ચા કરો.
11. કારકીર્દી વિકાસમાં લક્ષણકારક સિદ્ધાંત જણાવો.
12. વ્યાવસાયિક માહિતીનું ફાઈલીંગ કરવાની વિવિધ રીતો જણાવો.
13. વિવિધ પ્રકારના વ્યવસાયો વ્યકિતઓની જરૂરિયાતો કેવી રીતે સંતોષે છે?
14. કોલેજ કક્ષાએ માર્ગદર્શનની કઈ કઈ સેવાઓ જરૂરી છે?

15. વ્યવસાય પસંદ કરવાના માનદંડ લખો.
16. વ્યાવસાયિક માહિતી પ્રાપ્તિના સ્ત્રોત જણાવો. અને માધ્યમિક કક્ષાએ માર્ગદર્શન પ્રવૃતિઓ માટેના માનવ સ્ત્રોતોના નામ જણાવો.
17. વ્યાવસાયિક માહિતીનું એકત્રીકરણ કરવાની પ્રયુકિતઓ જણાવી કોઈ એકનો વિગતે ખ્યાલ આપો.
18. અસરકારક સલાહકારના ગુણો અને કૌશલ્યો જણાવો.

## વિભાગ :- 03

**પ્રશ્ન – 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. વ્યાવસાયિક સંતોષ એટલે શું?
2. કાર્ય એટલે શું?
3. હેવિંગ હર્સ્ટ જણાવેલ વ્યાવસાયિક વિકાસ સિદ્ધાંતના તબક્કાઓના માત્ર નામ લખો.
4. વ્યાવસાયિક પ્રેરણાનો અર્થ આપો.
5. વ્યાવસાયિક વિકાસની બે લાક્ષણિકતાઓ રજૂ કરો.
6. કારકીર્દી મુલાકાત એટલે શું?
7. શાળાના વિષયો દ્વારા વ્યાવસાયિક માહિતી કેવી રીતે આપી શકાય?
8. પ્રાથમિક કક્ષાએ કઈ કઈ માર્ગદર્શન સેવાઓ આપી શકાય? યાદી બનાવો.
9. વ્યાવસાયિક માહિતી કેવી હોવી જોઈએ?
10. પ્રાથમિક શાળામાં માર્ગદર્શનના હેતુઓ જણાવો.
11. વ્યવસાય પસંદ કરવાનો માનદંડ લખો.
12. કોઈપણ બે વ્યાવસાયિક માહિતીના પ્રકારોનાં નામ જણાવો.
13. ડોનાલ્ડ સુપરના સિદ્ધાંતની અવસ્થાઓ વ્યાવસાયિક વિકાસ સંદર્ભે જણાવો.
14. માર્ગદર્શનની બે વ્યાખ્યાઓ લખો.
15. કોલેજ કક્ષાએ માર્ગદર્શન કોણ આપી શકે?
16. વ્યાવસાયિક માહિતીનું એકત્રીકરણ કરવાની પ્રયુકિતઓ જણાવો.
17. વિવિધ પ્રકારના વ્યવસાયો વ્યકિતની જરૂરિયાતો કેવી રીતે સંતોષે છે?
18. વ્યાવસાયિક સંતોષ એટલે શું?
19. કોલેજ કક્ષાએ માર્ગદર્શનની સેવાઓ કઈ કઈ છે?
20. વ્યાવસાયિક પરિપકવતા એટલે શું?
21. તરૂણાવસ્થાના વિદ્યાર્થીઓને માર્ગદર્શનની ખાસ જરૂરિયાત શા માટે છે?
22. કોઈ પણ બે વ્યાવસાયિક માહિતી પ્રકાશનોનાં નામ જણાવો.
23. ગુજરાતમાં માર્ગદર્શન આપતી

    વ્યાવસાયિક માહિતી પ્રાપ્તિના સ્ત્રોત

    જણાવો.
24. વ્યાવસાયિક વિકાસના જીવન સોપાનો જણાવો.
25. જૂથના પ્રકાર જણાવો.
26. ભારતના રાષ્ટ્રકક્ષાના માર્ગદર્શન બ્યુરોનું નામ જણાવો.
27. રોજગાર કચેરીના બે કાર્યો જણાવો.
28. વ્યવસાય પસંદ કરવાના માનદંડ લખો.
29. માર્ગદર્શનના વિવિધ ક્ષેત્રો જણાવો.
30. સલાહદર્શનનો અર્થ એટલે શું?
31. સલાહદર્શનના અભિગમો જણાવો.
32. દિશાસૂચક એટલે શું?
33. બિનદિશાસૂચક એટલે શું?
34. સમન્વયાત્મક (મધ્યવર્તી) એટલે શું?
35. અસરકારક સલાહકારના ગુણો અને કૌશલ્યો જણાવો.
36. જૂથ માર્ગદર્શનની વ્યાખ્યા આપો.

# ES-૪03 પર્યાવરણ શિક્ષણ

## વિભાગ :- 01

**પ્રશ્ન - 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 500 શબ્દોમાં હોવો જોઈએ.**

1. પર્યાવરણની સંકલ્પના સ્પષ્ટ કરી પર્યાવરણ ના ઘટક તત્વો વચ્ચેના જૈવ-અજૈવ સંબંધ સમજાવો.
2. પર્યાવરણના વિવિધ ચક્રો દર્શાવી જળચક્ર વિસ્તૃત રીતે સમજાવો.
3. આહાર કડી અને જીવન નેટવર્ક સમજાવી આહારકડીની વિસ્તૃત સમજ આપો.
4. પ્રદુષણ એટલે શું? પ્રદુષણના પ્રકાર જણાવી પ્રદુષણને એક પર્યાવરણીય મુદ્દા તરીકે ચર્ચા
5. પ્રદુષણને વ્યાખ્યાયિત કરી હવા, પાણી અને જમીનના પ્રદુષણની છણાવટ કરો.

6. અવક્ષેપન એટલે શું? માટી, પાણી અને ખનીજનું અવક્ષેપન કેવી રીતે થાય છે તે સમજાવો.
7. પર્યાવરણ સંરક્ષણ એટલે શું? પર્યાવરણ સંરક્ષણની જરૂરિયાત જણાવો.
8. પર્યાવરણ સંરક્ષણમાં ઉર્જા સંરક્ષણ અને ખનીજ સંરક્ષણની વિસ્તૃત સમજૂતી આપો.
9. પર્યાવરણ સંરક્ષણના આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કાયદાઓની ચર્ચા કરો.
10. પર્યાવરણ શિક્ષણનો અર્થ આપી તેની વ્યાખ્યા અને ઉદ્દેશો સમજાવો.
11. પર્યાવરણ શિક્ષણના હેતુઓ અને જરૂરિયાત જણાવો.
12. NCF ૨૦૦૫ની પર્યાવરણ શિક્ષણ બાબતની ભલામણો જણાવો.
13. પર્યાવરણ શિક્ષણના અભિગમો અને પધ્ધતિઓ વિશે વિગતવાર સમજૂતી આપો.
14. પર્યાવરણ શિક્ષણમાં માહિતી અને પ્રત્યાયન પ્રોદ્યોગિકીની ભૂમિકા સમજાવો.
15. પર્યાવરણ શિક્ષણની અધ્યયન - અધ્યાપન સામગ્રી કેવી પસંદ કરવી તેની ચર્ચા કરો.
16. પર્યાવરણ શિક્ષણમાં સરકારી અને બિનસરકારી સંસ્થાઓની ભૂમિકા વિશે ચર્ચા કરો.
17. પર્યાવરણ શિક્ષણમાં શિક્ષકો અને સ્ત્રીઓની ભૂમિકા સ્પષ્ટ કરો.

## વિભાગ :- 02

**પ્રશ્ન – 2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. પ્રત્યેક ઉત્તર આશરે 250 શબ્દોમાં હોવો જોઈએ.**

1. પર્યાવરણ એટલે શું? પર્યાવરણ ઘટક તત્વો સમજાવો.
2. પર્યાવરણના વિવિધ ચક્રો દર્શાવી જૈવ રાસાયણિક ચક્ર સમજાવો.
3. આહારકડી ને પર્યાવરણ સંદર્ભમાં સમજાવો.
4. પ્રદૂષણ એટલે શું? પ્રદૂષણની વ્યાખ્યા આપી સમજાવો.
5. પ્રદુષણ એટલે શું? હવા, પાણી અને જમીનનું સમજાવો.
6. ઉર્જાના સ્ત્રોત જણાવી વિસ્તૃત સમજૂતી આપો.
7. જૈવ વિવિધતા એટલે શું ? વિસ્તૃત સમજ આપો.
8. અવક્ષેપનની સંકલ્પના સ્પષ્ટ કરી માટી, પાણીનું અવક્ષેપન સમજાવો.
9. પર્યાવરણ સંરક્ષણ એટલે શું? સમજાવો.
10. પર્યાવરણ સંરક્ષણની જરૂરિયાત સમજાવો.
11. ઉર્જા સંરક્ષણ, પાણી સંરક્ષણ અને માટી સંરક્ષણ વિશે વિસ્તૃત માહિતી આપો.
12. પર્યાવરણ સંરક્ષણ સંબંધિત રાષ્ટ્રીય કાયદાઓ જણાવો.
13. પર્યાવરણ એટલે શું? પર્યાવરણ શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરો.
14. પર્યાવરણ શિક્ષણને વ્યાખ્યાયિત કરી કોઈ એક વ્યાખ્યા વિસ્તૃત સમજાવો.
15. પર્યાવરણ શિક્ષણના હેતુઓ અને ઉદ્દેશ જણાવો.
16. પર્યાવરણ શિક્ષણનું કાર્યક્ષેત્ર જણાવો.
17. પર્યાવરણ શિક્ષણની જરૂીરયાત સ્પષ્ટ કરો.
18. NCF ૨૦૦૫ની પર્યાવરણ શિક્ષણની ભલામણો જણાવો.
19. પર્યાવરણ શિક્ષણના અભિગમો જણાવો કોઈ એક અભિગમ વિસ્તૃત સમજાવો.
20. પર્યાવરણ શિક્ષણમાં ICTની ઉપયોગિતા જણાવો.
21. પર્યાવરણ શિક્ષણમાં GOs, NGOs ની ભૂમિકા જણાવો.

## વિભાગ :- 03

**પ્રશ્ન – 3 નીચે આપેલ તમામ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. પર્યાવરણ એટલે શું?
2. પર્યાવરણ શિક્ષણ એટલે શું?
3. પ્રદૂષણ એટલે શું?
4. પ્રદૂષણના પ્રકારો જણાવો.
5. પર્યાવરણ શિક્ષણની પધ્ધતિઓ જણાવો.
6. પર્યાવરણ શિક્ષણના અભિગમો જણાવો.
7. ચર્ચા નિદર્શન એટલે શું?
8. ક્ષેત્ર મુલાકાતનું પર્યાવરણ શિક્ષણમાં મહત્વ સમજાવો.
9. પર્યાવરણ શિક્ષણમાં પ્રકલ્પ (પ્રોજેકટ) મેથડના ફાયદા જણાવો.
10. NCF ૨૦૦૫નું પુરૂ નામ જણાવો.
11. જળચક્રની વ્યાખ્યા આપો.
12. અવક્ષેપન એટલે શું?
13. પુન: પ્રાપ્ય ઉર્જા એટલે શું?
14. જૈવ વિવિધતા એટલે શું?

15. ઉર્જા સંરક્ષણની કોઈ એક વ્યાખ્યા આપો.
16. કયોટો પ્રોટોકોલ શું છે?
17. પર્યાવરણ શિક્ષણનું મહત્વ લખો.
18. આહારકડી એટલે શું?
19. જીવન નેટવર્ક એટલે શું?
20. ઉર્જાના સ્ત્રોત વિશે જણાવો.
21. ઓકિસજન ચક્ર સમજાવો.
22. કાર્બન ચક્ર સમજાવો.
23. જૈવ રાસાયણિક ચક્ર સમજાવો.
24. ટકાઉ વિકાસ એટલે શું?

## <u>સંશોધન દરખાસ્ત (RESEARCH PROPOSAL)</u>

### સંશોધન દરખાસ્ત (RESEARCH PROPOSAL)

સંશોધન દરખાસ્તમાં સામાન્ય રીતે સમાવાતી વિગતો આ પ્રમાણે છે.

**શીર્ષક પેજ (Title Page)** - સંશોધન દરખાસ્તનાં શીર્ષક પેજમાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

પેજની સૌથી ઉપર લીટીની બરાબર વચ્ચે સંશોધન સમસ્યા દર્શાવતું શીર્ષક લખવું . શીર્ષક લખતી વખતે નીચે જણાવેલી બાબતો ધ્યાનમાં રાખવી

Effectiveness of Principal's Leadership Style on
Teaching Competency of Secondary
Teachers of Palanpur

**મુખ્ય દરખાસ્ત (Main Proposal)**

**પ્રસ્તાવના (Introduction)** - સંશોધન દરખાસ્તની શરૂઆત પ્રસ્તાવનાથી થાય છે. તેમાં ખૂબ જે ટૂંકમાં સમસ્યા ક્ષેત્ર અંગેની સૈદ્ધાંતિક ભૂમિકા રજૂ કરવામાં આવે છે .તેમાં અંતે સંશોધન સમસ્યાની પસંદગી કરવાનો મુખ્ય હેતુ શું છે અને આ સંશોધન કરવાથી શું જાણવા મળશે તેની વાત રજૂ કરવામાં આવે છે.

**સમસ્યા શીર્ષક (Title of Problem)** -અહીં સંશોધન શીર્ષક રજૂ થાય છે. શીર્ષક સામાન્ય લખાણમાં અને સીંગલ સ્પેશમાં લખાય છે .શીર્ષકનુ લખાણ અન્ય લખાણની અંદરની બાજુએ રાખવામાં આવે છે અને તેમાં કોઈ અવતરણ ચિહ્નો ઉપયોગ કરવામાં આવતો નથી .

Effectiveness of Principal's Leadership Style on
Teaching Competency of Secondary And
Higher Secondary Teachers of Palanpur

**સમસ્યા કથન ( Statement of the Problem )** – ત્યારબાદ સમસ્યા કથન કરવામાં આવે છે જેમાં સંશોધન સમસ્યાના શીર્ષકની છણાવટ કરીને સંશોધન માટેના પ્રશ્નોની સ્પષ્ટતા કરવામાં આવે છે તથા આ તબક્કે સંશોધનના ચલો વિશે સામાન્ય ખ્યાલ આપવામાં આવે છે આ રજૂઆત ખૂબ જ ટૂંકમાં કરવામાં આવે છે.

**સંબંધિત સાહિત્યની સમીક્ષા (Review of the Related Literature)**- સંશોધન અવકાશ શોધતી વખતે સંશોધકે પૂર્વ સંશોધનોનો જે અભ્યાસ કર્યો હોય તેની ખૂબ જ ટૂંકી વિગત અહીં રજૂ કરવામાં આવે છે. ખાસ કરીને પૂર્વે થયેલા સંશોધનના પરિણામોની એક સામાન્ય તરાહ તથા જુદા જુદા સંશોધનોના પરિણામોમાં જોવા મળેલ તફાવત અંગે ખૂબ જ ટૂંકમાં રજૂઆત કરવામાં આવે છે. આ વિગતોને આધારે સંશોધક સ્પષ્ટતા કરે છે કે પૂર્વ સંશોધનના કયા પરિણામોએ સંશોધન માટેનું સંશોધન અવકાશ સ્પષ્ટ કર્યો છે.

**સંશોધનની સાર્થકતા (Significance of the research)** - પ્રસ્તુત સંશોધનનું મહત્વ આ મુદ્દામાં સ્પષ્ટ કરવામાં આવે છે સંશોધન દ્વારા કયા પ્રશ્નોના ઉતર મળશે તેની સ્પષ્ટતા કરીને પ્રસ્તુત સંશોધન કોને અને કઈ રીતે ઉપયોગી થશે તેનું વર્ણન અહી કરવામાં આવે છે.

**સંશોધન ક્ષેત્ર (Area of Research )** અહી સંશોધન કયા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે. તેની સ્પષ્ટતા કરવામાં આવે છે કોઈ પણ સંશોધન એક કરતાં વધુ ક્ષેત્રો સાથે જોડાયેલુ હોય શકે છે.

**સંશોધનનો પ્રકાર( Type of research)** સંશોધન ક્યાં પ્રકારનું છે તેની કારણ સહિતની રજુઆત અહી કરવામાં આવે છે.

**સંશોધન પદ્ધતિ Research Methodology)** સંશોધન કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં માંગે છે તેની સ્પષ્ટતા (કારણ સહિત) અહી કરવામાં આવે છે જો પ્રાયોગિક સંશોધન હોય તો અહી પ્રાયોગિક યોજના અંગેની સ્પષ્ટતા પણ કરવી જોઈએ.

**સંશોધનના હેતુઓ (Objectives of Research)-** અહીં સંશોધનના તમામ હેતુ એક પછી એક ક્રમિક રીતે લખવામાં આવે છે.

**ઉત્કલ્પનાઓ અથવા અભ્યાસ પ્રશ્નો (Hypothesis or/and Research Questions ) -** સંશોધન માટે રચવામાં આવેલી ઉત્કલ્પનાઓ અથવા અભ્યાસ પ્રશ્નો અહી ક્રમિક રીતે રજૂ કરવામાં આવે છે સંશોધકે જો શૂન્ય ઉત્કલ્પનાની રચના કરી હોય તો તેણે પહેલા સંશોધન ઉત્કલ્પનાઓ લખવી જોઈએ ફકત અભ્યાસ પ્રશ્નોની જો પછી શૂન્ય ઉત્કલ્પનાઓ લખવી જોઈએ જો ઉત્કલ્પનાઓ અને અભ્યાસ પ્રશ્નો બનેની રચના કરવી હોય તો બંનેની રચના કરી હોય તો અહી તેની રજૂઆત કરવી વારાફરતી રજૂઆત કરવી જોઈએ.

**સંશોધન ચલો ( Variable of Research ) -** સંશોધન માટે પસંદ કરવામાં આવેલા ચલો વિશેની માહિતી અહી રજૂ કરવામાં આવે છે તેમાં દરેક ચલના પ્રકાર અને તેના જુદા જુદા સ્તરોની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**ચાવીરૂપ શબ્દોની વ્યાખ્યા (Definition of Keyword) -** શીર્ષકમાં પ્રયોજવામાં આવ્યા હોય તેવા તમામ પારિભાષિક શબ્દોની સૈદ્ધાંતિક અને વ્યવહારિક વ્યાખ્યાઓ અહી જણાવવામાં આવે છે ચલોનો નિર્દેશ કરવા માટે જે વિશિષ્ટ શબ્દો ચલના તમામ સ્તરોને પણ અહી વાપરવામાં આવ્યા હોય તેમની વ્યવહારિક વ્યાખ્યા આ તબકકે સ્પષ્ટ કરવી જોઈએ જે શબ્દો સામાન્ય ચલણની ભાષામાં વપરાતા હોય તેવા શબ્દ વ્યાખ્યાયિત કરવા જોઈએ જેની વ્યાખ્યા આપવાનું ટાળવું જોઈએ પણ શબ્દનો સંશોધનના સંદર્ભમાં વિશિષ્ટ અર્થ થતો હોય તો તેની સ્પષ્ટતા કરવી જોઈએ.

**સંશોધનની મર્યાદા (Limitation of Research) -** અહીં સંશોધકે સંશોધનના વ્યાપનું સીમાંકન કરવું જોઈએ એટલે કે કાર્યક્ષેત્ર સ્પષ્ટ થતું હોય તો તેની સ્પષ્ટતા કરવાની જો શીર્ષકમાં સંશોધનના કાર્યક્ષેત્રની સ્પષ્ટતા અહીં કરવામાં આવે છે. સંશોધન ઉપકરણની રચના અને તેના ઉપયોગની જરૂર રહેતી નથી તેના સંદર્ભમાં કોઈ મર્યાદા રહેવાની શક્યતા હોય તો તેની સ્પષ્ટતા પણ કરવામાં આવે છે.તે ઉપરાંત નિદર્શ પસંદગીની મર્યાદા અહીં સ્પષ્ટ કરવામાં આવે છે.

**વ્યાપવિશ્વ અને નિદર્શ (Population and Sample) -** વ્યાપવિશ્વની સ્પષ્ટ વ્યાખ્યા કરીને તેમાંથી નિદર્શ પસંદ કરવા માટેની પદ્ધતિ અને નિદર્શના પાત્રોની અપેક્ષિત સંખ્યાનો અહીં ઉલ્લેખ કરવામાં આવે છે પ્રાયોગિક સંશોધનમાં પ્રયોગનું પુનરાવર્તન કરવા માટે કસોટી કલમોનું કલમ પૃથક્કરણ કરવા માટે કે કસોટીની વિશ્વસનીયતા શોધવા માટે અલગથી નમૂનાની પસંદગી કરવાની હોય તો તેના વિશેની વિગતો અહીં દર્શાવવામાં આવે છે.

**સંશોધન ઉપકરણ (Research Tool) -** સંશોધન માટે તૈયાર ઉપકરણ પસંદ કર્યું હોય તો તે ઉપકરણ અંગેની વિગતો અહીં દર્શાવવામાં આવી છે જો ઉપકરણની રચના કરવાની હોય તો તેની રચનાના સોપાનો અતિ સક્ષિપ્તમાં રજુ કરવામાં આવે છે

**પ્રદત્ત એકત્રીકરણની રીત (Procedure of Data Collection)-** પ્રદત્ત એકત્ર કરવા માટેની વિધિનું અહીં વર્ણન કરવામાં આવે છે રજૂ કર્યા બાદ જો કોઈ પ્રાયોગિક કાર્ય કરવાનું હોય તો તેનું આયોજન પ્રદત્ત એકત્રીકરણ માટેની વિધિનું વર્ણન કરવામાં આવે છે.

**<u>પ્રદત્ત વિશ્લેષણની રીત</u>**

**સમયનું આયોજન (Time Planning )** - સમગ્ર સંશોધન પ્રક્રિયા માટેના અંદાજિત સમયનું આયોજન તૈયાર કરવામાં આવે છે અને અપેક્ષિત સમયનું ક્રમિક રીતે ઉલ્લેખ કરવામાં આવે તેમાં સંશોધનના દરેક તબક્કે મુખ્ય કાર્યો અંગેના અંદાજિત છે

**ખર્ચનો અંદાજ (Financial Budgeting )** - સંશોધન પ્રક્રિયા સાથે સંકળાયેલા વિવિધ કર્યો કરવા માટે અંદાજિત તમામ ખર્ચની વિગતો અહીં લખવામાં આવે છે. (કોઈ સંસ્થા પાસેથી સંશોધન માટે અનુદાન કે નાણાકીય સહાય મેળવવાની હોય ત્યારે સંશોધન દરખાસ્ત માં આ મુદ્દો લખવામાં આવે છે)

**સંદર્ભ સૂચિ (Bibliography)** - સંશોધકે સંશોધન પ્રસ્તાવ તૈયાર કરવા સુધીમાં જેટલા પણ સંદર્ભ સાહિત્ય અને સંબંધિત સાહિત્યનો અભ્યાસ કર્યો હોય તે તમામની સૂચિ સંશોધન પ્રસ્તાવને અંતે રજુ કરવામાં આવે છે સૂચિ ચોક્કસ સંદર્ભ માળખામાં રજૂ કરવામાં આવે છે.

## સંશોધન અહેવાલનું માળખું

### (Structure of Research Report)

### સંશોધન અહેવાલના વિભાગો (Divisions of Research Paper)

સામાન્ય રીતે સંશોધન અહેવાલમાં નીચે જણાવેલા મુખ્ય ચાર વિભાગો હોય છે.
પ્રાથમિક વિભાગ*(Primary Section)
મુખ્ય વિભાગ*(Body/ Main Section)
*સંદર્ભ સૂચિ (Bibliography)
*પરિશિષ્ટ (Appendicies)

### પ્રાથમિક વિભાગ (Primary Section)

આ સંશોધન અહેવાલનો શરૂઆતનો વિભાગ છે.જેમાં આ બાબતોનો સમાવેશ થાય છે.

*મુખ પૃષ્ઠ Cover Page)
* શીર્ષક પૃષ્ઠ (Title Page)
* પ્રમાણપત્ર (Certificate)
* એકરાર નામું પ્રખ્યાપન((Declaration)
* ઋણ સ્વીકાર (Acknowledgement)
* અનુક્રમણિકા (Index)
* સારણીની યાદી (List of Tables)
* આલેખની યાદી (List of Graphs)
* શબ્દ સંક્ષેપ (Abbreviations)

હવે આપણે આ તમામ બાબતો અંગે વિગતે ચર્ચા કરીશું.

### મુખ પૃષ્ઠ (Cover Page)

**સંશોધન શીર્ષક**

ઉદાહરણ: 1

શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપન અભિયોગ્યતા

ઉદાહરણ 2

ધોરણ 10 ના વિદ્યાર્થીઓની વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની સિદ્ધિ પર સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન અને કમ્પ્યુટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રીની અસરકારકતા

ઉદાહરણ 3

Effectiveness of Concept Attainment Model and Computerised Programmed Learning Material on the Achievement of the Students of Grade X in Science and Technology

ઉદાહરણ 4

EFFECTIVENESS OF CONCEPT ATTAINMENT MODEL AND COMPUTERISED PROGRAMMED LEARNING MATERIAL ON THE ACHIEVEMENT OF THE STUDENTS OF GRADE X IN SCIENCE AND TECHNOLOGY

**પદવી અને નિયમની રજૂઆત (Presentation of Degree and Rule)**

ઉદાહરણ 5

**માસ્ટર ઓફ એજ્યુકેશન**

ની ઉપાધિ માટે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એજ્યુકેશનલ રૂલ 6 મુજબ આંશિક
જરૂરિયાતના ભાગરૂપે રજુ કરેલ
લઘુશોધ નિબંધ

**સંશોધક અને માર્ગદર્શકની સંક્ષિપ્ત વિગત (Brief detail of Researcher and Guide)**

ઉદાહરણ 6

| **અભ્યાસ સંશોધક** | **માર્ગદર્શક** |
|---|---|
| સાળવી છાયાબેન સી. | ડૉ .પિનાક્ષીબેન બી .પટેલ |
| M.A., B.Ed. | પ્રોફેસર એન્ડ હેડ |
| શ્રીમતી આર.કે.ડી ખણુસિયા ડી.કે. | શ્રીમતી આર.કે.ડી ખણુસિયા ડી.કે. |
| એમ.એડ.કોલેજ, પાલનપુર | એમ.એડ.કોલેજ, પાલનપુર |

**શીર્ષક પૃષ્ઠ(Title Page)**
**એકરારનામું પ્રખ્યાપન(( (Declaration)**
**પ્રમાણપત્ર (Certificate)**
**ઋણ સ્વીકાર (Acknowledgement)**
**અનુક્રમણિકા (Index)**

ઉદાહરણ 7

**અનુક્રમણિકા (Table of Content)**


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|
| | એકરારનામું /પ્રખ્યાપન | II |
| | પ્રમાણપત્ર | III |
| | ઋણસ્વીકાર | IV |
| | સારણી સૂચિ | VI |
| | આલેખ સૂચિ | IX |
| | શબ્દ સંક્ષેપ | XI |
| 1 | **સમસ્યાનો પરિચય** | **1 થી 16** |
| | પ્રસ્તાવના | 1 |
| | સમસ્યા કથન | 4 |
| | શબ્દોની વ્યવહારિક વ્યાખ્યા | 6 |
| | સંશોધનનાં હેતુઓ | 9 |
| | ........ | |
| 2 | | |
| 3 | | |
| 4 | | |
| 5 | | |
| | સંદર્ભ સૂચિ | 341 થી 349 |


**અનુક્રમણિકા (Table of Content)**

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|

પરિશિષ્ટ 350 થી 387
અ .સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની પાઠ આયોજન નોંધ 350
બ .કમ્પ્યુટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રીના ફરમાઓ 362

અનુક્રમણિકાના દરેક પૃષ્ઠને અંતે,રોમનમાં પૃષ્ઠ ક્રમ આપવામાં આવે છે અગાઉના પૃષ્ઠ ક્રમને ધ્યાનમાં રાખીને અહી પૃષ્ઠ ક્રમ આપવામાં આવે છે.

**સારણી સૂચિ (List of Tables)**

ઉદાહરણ 8

**સારણી સૂચિ (List of Tables)**

| સારણી ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|
| 1.1 | સંશોધનના ચલ | 11 |
| 3.1 | સંશોધન માટેનો નિદર્શ | 41 |
| 3.2 | સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા અધ્યાપન માટેનું સમય પત્રક | 48 |

**આલેખ /આકૃતિ સૂચિ (List of Graphs / Figures)**

ઉદાહરણ 9

**આલેખ /આકૃતિ સૂચિ (List of Graphs / Figures )**

| ક્રમ | સારણી ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|---|
| 1 | 3.1 | બંને જૂથના પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી | 96 |
| 2 | 4.1 | સ્વતંત્ર ચલોની કક્ષાએ પાત્રોએ મેળવેલા પ્રાપ્તાંકોની આવૃત્તિઓ | 129 |
| 3 | 4.2 | બંને જુથોના પાત્રોના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી | 144 |

**શબ્દો સંક્ષેપ (Abbreviations)**

**અહેવાલનો મુખ્ય વિભાગ (Main Section/ Body of the Report)**

સંશોધન અહેવાલના મુખ્ય વિભાગમાં સંશોધન પ્રક્રિયાના તમામ કાર્યોની સ્પષ્ટ રજૂઆત કરવામાં આવે છે . સામાન્ય રીતે પ્રકરણોમાં વહેંચાયેલો હોય છે. આ પ્રકરણો નીચે મુજબ છે .

- પ્રકરણ1 : સંશોધન સમસ્યાનો પરિચય (Chapter 1: Introduction to Research Problem)
- પ્રકરણ 2: સંદર્ભ સંબંધિત સાહિત્યની સમીક્ષા/ (Chapter 2: Review of Reference/ Related Literature)
- પ્રકરણ૩-: સંશોધનની આધારશિલા અને સંશોધન યોજના (Chapter 3: Foundation of Research and Research Design)
- પ્રકરણ૪-: પ્રદતનું એકત્રીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન (Chapter 4: Data Collection, Analysis and Interpretation)
- પ્રકરણ૫-: સંશોધન સારાંશ, પરિણામો અને ભલામણો (Chapter 5: Summary and Findings of Research and Recommendations)

## સંશોધન અહેવાલનું પ્રથમ પ્રકરણ

**(First Chapter of Research Report)**

**પ્રકરણ એકનું શીર્ષક (Title of Chapter One)**

પ્રકરણ એકને સામાન્ય રીતે 'સંશોધન સમસ્યાનો પરિચય (Chapter 1: Introduction to Research Problem)' શીર્ષક અપાય છે .સંશોધક કયા પ્રશ્નોનો ઉકેલ મેળવવા માગે છે તેની સ્પષ્ટતા આ પ્રકરણમાં થાય છે.

**પ્રસ્તાવના (Introduction to Chapter One)**

**સમસ્યા કથન (Statement of the Problem)**

ઉદાહરણ 1

ધોરણ 10 ના વિદ્યાર્થીઓની વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની સિદ્ધિ પર સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન અને કમ્પ્યુટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રીની અસરકારકતાનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study of the Effectiveness of Concept Attainment Model and Computerized Programmed Learning Material on the Achievement of the Students of Grade X in Science and Technology

**સંશોધન ક્ષેત્ર (Area of the Research** - (જો આ મુદ્દાનો ઉલ્લેખ પ્રકરણ-3 માં કરવાનો હોય તો અહીં આની રજૂઆત કરવાની જરૂર રહેતી નથી)

**સંશોધનના પ્રકાર (Type of Research)** - (જો આ મુદ્દાનો ઉલ્લેખ પ્રકરણ-3 માં કરવાનો હોય તો અહીં આની રજૂઆત કરવાની જરૂર રહેતી નથી)

**સંશોધન પદ્ધતિ (Research Method)** -(જો આ મુદ્દાનો ઉલ્લેખ પ્રકરણમાં કરવાનો હોય તો અહી આની રજૂઆત ૩ –કરવાની જરૂર રહેતી નથી

**અભ્યાસના હેતુઓ (Objectives of the Study)**

**ઉત્કલ્પનાઓસંશોધન પ્રશ્નો/(Hypotheses/ Research Questions)**- સંશોધન અહેવાલમાં સંશોધન ઉત્કલ્પનાઓ માટે $H_1$, $H_2$, $H_3$ જેવા અને શૂન્ય ઉત્કલ્પના માટે $Ho_1$, $Ho_2$, $Ho_3$ જેવા સંકેતોનો ઉપયોગ કરવામાં આવે છે.

**અભ્યાસના ચલો (Variables of the Study)**

ઉદાહરણ: 2

**સારણી: 1**

**અભ્યાસ હેઠળના ચલો**

| ક્રમ<br>1 | ચલ<br>2 | પ્રકાર<br>3 | કક્ષા/સ્તર<br>4 |
|---|---|---|---|
| 1. | મૂલ્ય જાગૃતિ કાર્યક્રમ<br>(Value Awareness Program) | સ્વતંત્ર<br>(Independent) | 1. મૂલ્ય જાગૃતિ અંગેની ફિલ્મ<br>(Film based on value awareness)<br>2. સામૂહિક પરામર્શ(Group Counseling)<br>3.વ્યાખ્યાન (Lecture) |
| .2 | સમાજિક આર્થિક સ્થિતિ<br>(Socio-Economic Status) | પરિવર્તક<br>(Moderator) | ઉચ્ચ (Higher)<br>મધ્યમ (Middle)<br>નિમ્ન (Lower) |
| 3. | જાતિ (Gender) | અંકુશિત (Controlled) | 1. કુમાર (Boy) |
| .4 | મૂલ્યો પ્રત્યેની જાગૃતિ<br>(Value Awareness) | પરતંત્ર<br>(Dependent) | ………….. |
| 5. | જિજ્ઞાસા, રહેણાક, વિસ્તાર, ઈતર વાચન, મિત્ર વર્તુળ કુટુંબનો પ્રકાર | આંતરવર્તી<br>(ntervening) | |

**ચાવીરૂપ શબ્દોની વ્યાખ્યા (Definition Of Keywords)**

- સૈદ્ધાંતિક વ્યાખ્યા
- વ્યવહારિકકાર્ય /કારી વ્યાખ્યા

**અભ્યાસની મર્યાદાઓ (Limitation of the Study)**

- વ્યાપ વિશ્વનો ભૌગોલિક વિસ્તાર
- નિદર્શ પસંદગીનો સમયગાળો
- સંશોધન ઉપકરણ
- પ્રદત એકત્રીકરણની વિશિષ્ટ રીત(ઉપયોગ કર્યો હોય તો
- **અભ્યાસનું મહત્વ (Importance of the Study)**

**પછીના પ્રકરણોની રૂપરેખા (Layout of the Next Chapters)**

## સંશોધન અહેવાલનું બીજું પ્રકરણ

**(Second Chapter of Research report)**

**બીજા પ્રકરણનું શીર્ષક (Title of Second Chapter)**

સામાન્ય રીતે પ્રકરણનું શીર્ષક સંબંધિત સાહિત્યની સમીક્ષા ૨- (Review of Related Literature) લખવામાં આવે છે .

**પ્રકરણ-2 માં સમાવાતા મુદ્દાઓ (Points to be Included in Chapter: 2)**

**પ્રસ્તાવના (Introduction)**

**સૈદ્ધાંતિક સાહિત્યની સમીક્ષા (Review of Theoretical Literature)**

**પૂર્વ સંશોધન આધારિત સમીક્ષા (Review Based on Previous Researches)**

- પૂર્વ સંશોધનોના સારાંશ (Abstracts based on Previous Researches)

| | |
|---|---|
| સંશોધનનું શીર્ષક | સંશોધનનો પ્રકાર અને સંશોધન પદ્ધત્તિ |
| સંશોધકનું નામ | વ્યાપવિશ્વ |
| સંશોધનની કક્ષા એમ.એડ,એમ.ફિલ.,પીએચ.ડી.,વગેરે | નિદર્શનું કદ અને નિદર્શન પદ્ધત્તિ |
| યુનિવર્સિટીનું નામ | ચલ અને તેના સ્તરો |
| વર્ષ | સંશોધન ઉપકરણ |
| હેતુઓ | પ્રદત્ત એકત્રીકરણ અને વિશ્લેષણની રીત |
| અભ્યાસ પ્રશ્નો અથવા ઉત્કલ્પનાઓ | આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ |
| | મુખ્ય તારણો |

જો ફકરા સ્વરૂપે સારાંશની રજૂઆત કરવાની હોય તો દરેક સારાંશની શરૂઆત સંશોધકની અટક સાથે કરવી અને અટકની સાથે સંશોધનનું વર્ષ કૌંસમાં દર્શાવવું અમદાવાદ શહેરની માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓના એ (2014)શુક્લ "જેમ કે માનસિક સ્વાસ્થ્ય પર સામાજિક આર્થિક સ્થિતિ અને જાતિયતાની અસર તપાસવા માટે કરેલ અભ્યાસમાં આ રીતે "........ જો આ રીતે સારાંશની રજૂઆત કરવામાં આવી હોય તો સંશોધક અને શરૂઆત કરીને બેથી ત્રણ ફકરમાં સારાંશ રજૂ કરવો ને લગતી તમામ વિગતો પાદનોંધમાં અથવા શીર્ષક અંત્યનોધમાં નિયમ મુજબ લખવી.સંદર્ભ સૂચિમાં તેનો ઉલ્લેખ કરવો .

- પૂર્વ સંશોધનોની સંયોજનાત્મક સમીક્ષા (Synthetical Review of Previous Researches)
- અધિવિશ્ર્લેષણ આધારિત સમીક્ષા ( Review based on Meta Analysis)

**પ્રસ્તુત સંશોધનનું ઔચિત્ય (SIGNIFICANCE OF STUDY)**

આ તબક્કે, પ્રસ્તુત સંશોધન નીચેનામાંથી કઈ બાબતોમાં પૂર્વ સંશોધનોથી જુદું પડે છે તેની મુદ્દાસર રીતે એક પછી એક રજૂઆત કરવામાં આવે છે.

| | |
|---|---|
| હેતુઓ | ચલ અને તેની કક્ષા |
| અભ્યાસ પ્રશ્નો અથવા ઉત્કલ્પનાઓ | સંશોધન ઉપકરણ |
| સંશોધનના પ્રકાર અને સંશોધન પદ્ધતિ | પ્રદત્ત એકત્રીકરણ અને |
| વિશ્લેષણની રીત | આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ |
| વ્યાપવિશ્વ | |
| નિદર્શન કદ નિદર્શન પદ્ધતિ | |

**ઉપરોક્ત મુદ્દાની રજૂઆત કર્યા બાદ અધિવિશ્લેષણાત્મક સમીક્ષાને આધારે જણાવવામાં આવે છે કે પૂર્વ સંશોધનોના કયા પરિણામોએ અને કઈ રીતે પ્રસ્તુત સંશોધન માટે પ્રેરિત કર્યા છે.**

**ઉપસંહાર (Resume)**

**નોંધ (Note):** જો સંશોધક, સંશોધનના વિષય અને ક્ષેત્ર પર આધારિત સૈદ્ધાંતિક સાહિત્ય અંગે સ્વતંત્ર રીતે વિસ્તૃત ચર્ચા કરવા માગતો હોય અને તેના માટે અલગ પ્રકરણ રાખવા માગતો હોય તો પ્રકરણ 2 ને બે પ્રકરણોમાં વિભાજિત કરી શકે છેઆમ કરવાથી બીજું પ્રકરણ અને ત્રીજું પ્રકરણ નીચે જણાવ્યા પ્રમાણે બનશે.

- પ્રકરણ-2 સૈદ્ધાંતિક સંદર્ભ સાહિત્યની સમીક્ષા (Chapter 2: Review of Theoretical Reference Literature)
- પ્રકરણસંબંધિત સંશોધ -3નોની સમીક્ષા અથવા પૂર્વ સંશોધનોની સમીક્ષા (Chapter 3: Review of Related/ Previous Researches)

## સંશોધન અહેવાલનું ત્રીજું પ્રકરણ

**(Third Chapter of Research Report)**

**ત્રીજા પ્રકરણનું શીર્ષક (Title of Third Chapter)**

પ્રકરણનું શીર્ષક ૩-'સંશોધનની આધારશીલા અને સંશોધન યોજના (Foundation of Research and Research Design)' રાખવામાં આવે છે .

**ત્રીજા પ્રકરણમાં સમાવાતા મુદ્દાઓ (Points Included in Third Chapter)**

**સમસ્યાનો ઉદ્ભવ (Origin of the Problem)**

**સંશોધન ક્ષેત્ર (Area of the Research)**

(જો આ મુદ્દાનો ઉલ્લેખ પ્રકરણ-1 માં કરવામાં આવ્યો હોય તો પ્રકરણ૩- માં આની રજૂઆત કરવાની જરૂર રહેતી નથી)

**સંશોધનના પ્રકાર (Type of Research)**

(જો આ મુદ્દાનો ઉલ્લેખ પ્રકરણ-1 માં કરવામાં આવ્યો હોય તો પ્રકરણ ૩-માં આની રજૂઆત કરવાની જરૂર રહેતી નથી)

**સંશોધન પદ્ધતિ (Research Method)**

(જો આ મુદ્દાનો ઉલ્લેખ પ્રકરણ-1 માં કરવામાં આવ્યો હોય તો પ્રકરણ૩- માં આની રજૂઆત કરવાની જરૂર રહેતી નથી)

**સંશોધનનું વ્યાપવિશ્વ (Population of the Study)**

**નિદર્શન પદ્ધતિ અને નિદર્શ (Sampling Method and Sample)**

નિદર્શ પસંદ કરવા માટેની પદ્ધતિનો ઉલ્લેખ આ મુદ્દામાં કરવામાં આવે છે.તેમાં નીચે જણાવેલી બાબતો અંગે ખાસ સ્પષ્ટતા કરવામાં આવે છે.

ઉદાહરણ 1

**સારણી 1**

**સ્વતંત્ર ચલોની જુદી જુદી- કક્ષાએ નિદર્શનના પાત્રોની સંખ્યા**

| વિદ્યાશાખા | વાણિજ્ય | | વિનિયન | | વિજ્ઞાન | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| જાતીયતા | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ |
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **9** |
| સંખ્યા (n) | 123 | 123 | 123 | 123 | 123 | 123 | 369 | 369 |
| કુલ | 246 | | 246 | | 246 | | 738 | |

**સંશોધન ઉપકરણ (Research Tool)**

**પ્રદત્ત એકત્રીકરણની રીત (Procedure of Collecting data)**

**પ્રદત્ત વિશ્લેષણની રીત (Procedure Of Data Analysis)**

**સંશોધન દરમિયાન થયેલા અનુભવો (Experience gained during Research)**

**ઉપસંહાર (Resume)**

## સંશોધન અહેવાલનું ચોથું પ્રકરણ

**(Fourth Chapter of Research Report)**

**ચોથા પ્રકરણનું શીર્ષક (Title of Fourth Chapter)**

સામાન્ય રીતે પ્રકરણ-4 નું શીર્ષક પ્રદત્તનું એકત્રીકરણ, વિશ્લેષણ, અને અર્થઘટન (Data Collection, Analysis, and Interpretation) રાખવામાં આવે છે.

**ચોથા પ્રકરણમાં સમાવાતા મુદ્દાઓ (Points to be included in Fourth Chapter)**

**પ્રસ્તાવના (Introduction)**

**પ્રદત્તનું એકત્રીકરણ (Data Collection)**

**પ્રદત્ત વર્ગીકરણ (Classification of Data)**

ઉદાહરણ 1

સારણી 1

સ્વતંત્ર ચલોની જુદી જુદી કક્ષાએ મૂલ્ય જાગૃતિ કસોટીમાં
વિદ્યાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકો

| વિદ્યાશાખા | વાણિજ્ય | | વિનિયન | | વિજ્ઞાન | | |
|---|---|---|---|---|---|---|---|
| જાતીયતા | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ | |
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | |
| 1 | 87 | 81 | 40 | 73 | 76 | 91 | |
| 2 | 63 | 82 | 54 | 55 | 88 | 91 | |
| 3 | 73 | 64 | 74 | 76 | 82 | 48 | |
| … | … | … | … | … | | … | |
| … | | | | | | | |
| 142 | 52 | 39 | 51 | 35 | 67 | 82 | |
| 143 | 41 | 45 | 46 | 43 | 46 | 72 | |

ઉદાહરણ 2

સારણી 2

સ્વતંત્ર ચલોની જુદી જુદી કક્ષાએ મૂલ્ય જાગૃતિ કસોટીમાં
વિદ્યાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ

| વિદ્યાશાખા | વાણિજ્ય | | વિનિયન | | વિજ્ઞાન | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| જાતીયતા | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ | **આવૃત્તિઓ** |
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** |
| વર્ગો | | | | | | | |
| 31-35 | 3 | 8 | 6 | 7 | 0 | 0 | 24 |
| 36-40 | 26 | 32 | 21 | 28 | 2 | 4 | 113 |
| 41-45 | 13 | 18 | 10 | 11 | 8 | 27 | 87 |
| ….. | ….. | …. | ….. | …. | …. | …. | …. |
| 91-95 | 0 | 0 | 1 | 0 | 5 | 7 | 13 |
| 96-100 | 0 | 0 | 0 | 0 | 2 | 0 | 2 |
| કુલ | 143 | 143 | 143 | 143 | 143 | 143 | 758 |

**પ્રદતનું વિશ્લેષણ અને અર્થઘટન (Data Analysis and Interpretation)**

ઉદાહરણ 3

સારણી 3

સ્ત્રી અને પુરુષ શિક્ષકોના અધ્યાપન અભિયોગ્યતા કસોટી
પરના પ્રાપ્તાંકોને આધારે ક્રાંતિક ગુણોત્તર

| જાતિ | N | મધ્યક | પ્રમાણ વિચલન | મધ્યકના તફાવતની પ્રમાણભૂલ | મધ્યકનો તફાવત | ક્રાંતિક ગુણોત્તર |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| પુરુષ | 72 | 47.39 | 16.150 | | | |
| | | | | 2.55 | 5.400 | 2.12 |

| | | | |
|---|---|---|---|
| સ્ત્રી | 72 | 41.99 | 14.399 |

df=142 માટે, .05 કક્ષાએ ક્રાંતિક ગુણોત્તરનું સારણી મૂલ્ય 1.976
.01 કક્ષાએ ક્રાંતિક ગુણોત્તરનું સારણી મૂલ્ય 2.609

ઉદાહરણ 4

સારણી 4
અનુકૂલન માપદંડ પરના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોને આધારે
વિચરણ પૃથક્કરણ

| વિચરણના સ્ત્રોત | df | વર્ગોના સરવાળા | વર્ગોની સરેરાશ | f મૂલ્ય |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| સા .આસ સ્થિતિ .SES) | 2 | 858.16 | 429.08 | 7.17** |
| બુદ્ધિ કક્ષા (IL) | 1 | ` 192.00 | 192.00 | 3.21 |
| જાતિ (Gender) | 1 | .32 | .32 | .01 |
| SES x IL | 2 | 180.79 | 90.40 | 1.51 |
| SES x Gender | 2 | 263.16 | 131.58 | 2.20 |
| IL x Gender | 1 | 17.29 | 17.29 | .29 |
| SES x IL x Gender | 2 | 473.75 | 236.88 | 3.96* |
| જૂથ અંતર્ગત | 238 | 14238.73 | 59.83 | |
| **TOTAL** | **249** | **16224.20** | | |

*.કક્ષાએ સાર્થક 05
** 01.કક્ષાએ સાર્થક
df=( (1,238માટે, 05.કક્ષાએ F નું સારણી મૂલ્ય 3.89
01.કક્ષાએ F નું સારણી મૂલ્ય 6.76
df=(2માટે (238,, 05.કક્ષાએ F નું સારણી મૂલ્ય 3.04
01.કક્ષાએ F નું સારણી મૂલ્ય 4.71

ઉદાહરણ 5

**સારણી 5**
**શિક્ષકના વ્યવસાય પ્રત્યેના શિક્ષકોના પ્રતિભાવોના આધારે મેળવેલ કાઈ વર્ગના મૂલ્યો**

| ક્રમ | વિધાન | સંપૂર્ણ સંમત | સંમત | તટસ્થ | અસંમત | સંપૂર્ણ સંમત | કુલ | કાઈ વર્ગ | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 . | શિક્ષકોને પાંચ વર્ષ સુધી ફિક્સ વેતન આપવું યોગ્ય નથી. | 35 | 10 | 8 | 15 | 7 | 75 | 35.87 | .01** |
| 2. | બિનશૈક્ષણિક સરકારી કાર્યો કરવા છતાં શિક્ષકે તેમનું અભ્યાસક્રમ નિશ્ચિત સમયમાં કરી શકે છે. | 20 | 12 | 16 | 15 | 12 | 75 | 2.93 | NS |

*.05 કક્ષાએ સાર્થક
**.01 કક્ષાએ સાર્થક
NS =અસાર્થક
df=4 માટે, .05 કક્ષાએ $x^2$ નું સારણી મૂલ્ય 9.49
.01 કક્ષાએ $x^2$ નું સારણી મૂલ્ય 13.28

ઉપસંહાર (Conclusion)

## સંશોધન અહેવાલનું પાંચમું પ્રકરણ

**(Fifth Chapter of Research Report)**

**પાંચમા પ્રકરણનું શીર્ષક (Title of Fifth Chapter)**

સામાન્ય રીતે પ્રકરણ 5 નું શીર્ષક ‘સંશોધનનો સારાંશ, તારણો અને ભલામણો (Summary of Research, Findings and Recommendations)’ રાખવામાં આવે છે.

**પાંચમા પ્રકરણમાં સમાવાતા મુદ્દાઓ**

**પ્રસ્તાવના (Introduction)**

**સંશોધન સારાંશ (Summary of Study)**

કોઇપણ જાતની પૂર્વ ભૂમિકા કે સૈદ્ધાંતિક ભૂમિકા સિવાય નીચે જણાવેલી બાબતો અંગે અતિ ટૂંકમાં અહીં રજૂઆત કરવામાં આવે છે.

- સંશોધનનું શીર્ષક
- સંશોધનના હેતુઓ
- સંશોધનની ઉત્કલ્પનાઓ અથવા અભ્યાસ પ્રશ્નો

ઉદાહરણ 1

**સારણી 1**

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

| ક્રમ | ઉત્કલ્પના | t મૂલ્ય | સાર્થકતા કક્ષા | સ્વીકાર /અસ્વીકાર |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| $Ho_1$ | પાલનપુરની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સંસ્થાઓના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના અધ્યાપનમાં અભિયોગ્યતા કસોટીના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય | 3.50 | .01 | અસ્વીકાર |
| $Ho_2$ | પાલનપુરની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓના પુરુષ અને સ્ત્રી શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના અધ્યાપનમાં અભિયોગ્યતા કસોટીના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય | 1.32 | અસાર્થક | અસ્વીકાર થતો નથી |

- ચલ
- વ્યાપવિશ્વ
- નિદર્શન પદ્ધતિ અને નિદર્શ
- સંશોધન ઉપકરણ
- સંશોધનનો પ્રકાર અને સંશોધન પદ્ધતિ
- પ્રદત્ત એકત્રીકરણની રીત
- પ્રદત્ત વિશ્લેષણની પદ્ધતિ

**સંશોધનના તારણો (Findings of the Research)**

**તારણોની સમીક્ષા તરણોની ચર્ચા /(Review/ Discussion of Findings)**

**સંશોધનના ફલિતાર્થો (Implications of the Study/ Research)**

**સંશોધનની અન્ય નીપજો (Other Outcomes of Research)**

**ભાવિ સંશોધન અંગેની ભલામણો (Recommendations for Future Researches)**

## સંદર્ભ સૂચિ - REFERENCES


1. Best, J. W. (1959), Research in Education, Prentice Hall.
2. Canning, N. (2010). Playing with heutagogy: Exploring strategies to empower mature learners in higher education. *Journal of Further and Higher Education*, *34*(1), 59-71.
3. Government of India (2004). India Vision 2020. New Delhi: Planning Commission.
4. Hase, S. and Kenyon, C. (2000). From Andragogy to Heutagogy. *Ultibase Articles* Australia: Southern Cross University.

5. Merriam, S. (2001). Andragogy and Self Directed Learning: Pillars of Adult Learning Theory. *New Directions for Adult and Continuing Education*, No. 89.
1. Moursund, D.G. (October 2000). Roles of IT in Improving Our Educational System. Part 2: Compelling Applications. *Learning and Leading with Technology*. Eugene, OR: ISTE. Accessed12/14/04:http://darkwing.uoregon.edu/~moursund/dave/editorial_2_2000-2001.htm.
2. National Skill Development Corporation. Human Resource and Skill Requirements in the Capital Goods Sector (2012-17, 2017-22).
3. Shukla, Satishprakash, (2018) Education and Psychology. Ahmedabad: Rishit Publications.
4. ----------- (2018) Research Methodology and Statistics. Ahmedabad: SSS Publications.
5. ઉચાટ, ડી. એ. (૨૦૦૯). શિક્ષણઅને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ) રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી.
6. ઉચાટ, ડી. એ. અને અન્યો.(સં.) (૨૦૦૬), શૈક્ષણિક સંશોધનના સારાશ રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન ,સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
7. દેસાઈ કે. જી. (૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવીધિઓ. અમદાવાદ: યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ ,ગુજરાત રાજ્ય
8. ભગવતસિંહજી (૧૯૪૪), ભગવદ ગોમંડલ (ભાગ-૩) રાજકોટ: પ્રવિણ પ્રકાશન.
9. ત્રિવેદી,એમ. ડી. અને બી. યુ. પારેખ,(૧૯૮૯). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર ( તૃતીય આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય.
10. www.curriculumredesign.org
11. www.livemint.org

## <u>લઘુશોધ નિબંધ સારાંશ સમાવતા મુદ્દાઓ (**Synopsis**) 10 પેજમાં</u>

1.0 પ્રસ્તાવના (Introduction)

2.0 સંશોધન શીર્ષક (Title of Problem)

3.0 સમસ્યા કથન (Statement of the Problem)

4.0 સંશોધન ક્ષેત્ર (Area of Research)

5.0 સંશોધના હેતુઓ (Objectives of Research)

6.0 સંશોધનના પ્રશ્નો/ઉત્કલ્પનાઓ (Hypothesis or/and Research Questions)

7.0 સંશોધનના ચલો (Variable of Research)

8.0 વ્યાપવિશ્વ અને નમૂનો (Population and Sample)

9.0 સંશોધન પ્રકાર, પદ્ધતિ, ઉપકરણ, પ્રદત્ત એકત્રીકરણ અને પૃથક્કરણની રીત (Details of Research Type, Method, Tool, Procedure of Data Collection And Stasticical Analysis)

10.0 સંશોધનની અગત્યતા/મહત્વ/જરૂરિયાત/સાર્થકતા (Importance, Need, Significance of the research)

11.0 સંશોધનના તારણો અને ફલિતાર્થ (findings and Implications)

12.0 સંશોધનની મર્યાદા (Limitation of Research)

13.0 ભાવિ સંશોધન અંગેની ભલામણો (Recommendations for Future Researches)

14.0 ઉપસંહાર (Conclusion)

# <u>સંશોધન સારાંશ (2024-2026) (એક પેજમાં)</u>

સંશોધકનું નામ

______________________________________________________________________________

કોલેજનું નામ :

______________________________________________________________________________

ગાઈડનું નામ :

______________________________________________________________________________

વર્ષ /યુનિવર્સિટિ/ડિગ્રી:

______________________________________________________________________________

સંશોધન શીર્ષક: (Eng. Guj)

______________________________________________________________________________

સંશોધનનું ક્ષેત્ર:

______________________________________________________________________________

સંશોધનના હેતુઓ :

______________________________________________________________________________

સંશોધનનીઉત્કલ્પના

______________________________________________________________________________

સંશોધનના ચલ

______________________________________________________________________________

સંશોધનનો પ્રકાર:

______________________________________________________________________________

સંશોધનની પદ્ધતિ:

______________________________________________________________________________

વ્યાપવિશ્વ અને નમૂનો

______________________________________________________________________________

ઉપકરણ:

______________________________________________________________________________

પૃથકકરણની રીત:

______________________________________________________________________________

સંશોધનના તારણો:

______________________________________________________________________________

સંશોધનના ફલિતાર્થ:

______________________________________________________________________________

ઉપસંહાર:

______________________________________________________________________________

ચાવીરૂપ શબ્દો:

______________________________________________________________________________

## લઘુશોધ નિબંધ તૈયાર કરતાં ધ્યાનમાં રાખવાની બાબતો

1. પાકા પૂઠાંમાં લઘુશોધ નિબંધનું સેટીંગ કરવું અથવા કરાવવું.
2. પાકા પૂઠાંનો કલર સફેદ રાખવો. પાક્કા પૂઠાં ઉપરના ફોન્ટના કલર બ્લેક અથવા ડાર્ક બ્લૂ રાખવા.
3. પાકા પૂઠાં ઉપરના શીર્ષકના ફોન્ટની સાઈઝ **24** થી **20** શ્રુતિ યુનિકોડ ફોન્ટમાં રાખવી. અન્ય SUBTITLE ફોન્ટ સાઈઝ **16** થી **18** વચ્ચે રાખવી. પ્રકરણની શરૂઆત, દાખલા તરીકે પ્રકરણ-૧ એટલું જ લખવું. અલગ પેજ તરીકે ટાઈપ કરવા માટે **GOOGLE INPUT TOOLS** ના ગુજરાતી ફોન્ટ **SHRUTI FONT** નો **જ** ઉપયોગ કરવાનો રહેશે.
4. લખાણમાં પ્રકરણમાં ટાઇટલના લખાણની ફોન્ટ સાઈઝ **14** રાખવી, વિષય પ્રવેશ અને સંશોધન પ્રક્રિયા મુદ્દાઓની ફોન્ટ સાઈઝ **12** રાખવી અને લખાણ **BOLD LETTERS** રાખવું.
5. પ્રકરણ ૧ થી પાના નંબર આપવાની શરૂઆત કરવી.
6. A4 સાઈઝના સારી ગુણવત્તાના કાગળનો ઉપયોગ કરવો.
7. ટાઇપ કરતી વખતે પાનાની ઉપર નીચે અને જમણી બાજુએ એક ઇંચ અને ડાબી બાજુએ દોઢ ઇંચની જગ્યા રાખવી.
8. લઘુશોધ નિબંધના ટાઈપ કરેલ લખાણમાં બોર્ડર મૂકવી નહીં. સેપરેટર પેજ પ્રકરણના મુખ્ય પાના ઉપર બોર્ડર મૂકવી હોય તો મૂકી શકાય.
9. દરેક સંશોધન અહેવાલ ફરજિયાત પણે યુનિવર્સિટી દ્વારા સાહિત્ય ચોરી વિરુદ્ધ સોફ્ટવેર દ્વારા ચકાસણી કરવામાં આવશે, કોઈપણ અહેવાલમાં **10%** સાહિત્ય ચોરી જણાય તો સંશોધનને ગેરલાયક ઠેરવી અથવા તો નકારી કાઢવામાં આવશે.

## યુનિવર્સિટીના વાયવામાં પૂછવામાં આવતા પ્રશ્નો લઘુશોધ નિબંધ

1. આપના સંશોધનનું શીર્ષક જણાવો, સાથે સંશોધન ક્ષેત્ર અને સંશોધનનો મુખ્ય હેતુ જણાવો.
2. તમારા સંશોધનની પદ્ધતિ જણાવો.
3. તમારા સંશોધનના હેતુઓ/ઉત્કલ્પનાઓ જણાવો.
4. સંશોધન માટે નમૂનાની પસંદગી કેવી રીતે કરી તે જણાવો.
5. માહિતીના એકત્રીકરણ માટે તમે કયા ઉપકરણનો ઉપયોગ કર્યો ?
6. ઉપકરણ જાતે બનાવ્યું હતું ? કે કોઈના પ્રમાણિત ઉપકરણનો ઉપયોગ કર્યો હતો ?
7. સંશોધનની એકત્રિત માહિતીના પૃથક્કરણ માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો ?
8. સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરવા માટે તમે કયા સ્ત્રોતનો ઉપયોગ કર્યો હતો ?
   - પ્રારંભિક સ્ત્રોત
   - પ્રાથમિક સ્ત્રોત
   - ગૌણ સ્ત્રોત
   - ઉપયોગ કરેલ સ્ત્રોતનું કોઈ એક ઉદાહરણ આપો
9. તમે પસંદ કરેલ ઉત્કલ્પના કયા પ્રકારની હતી.
   - દિશાસૂચક - બિન દિશાસૂચક
   - પ્રશ્ન સ્વરૂપ - શુન્ય ઉત્કલ્પના
10. તમારા સંશોધનમાં આવરાએલા ચલો કયા હતા સ્વતંત્ર ૧. પરતંત્ર ૨. અંકુશિત ૩. પરિવર્તિક ૪. આંતરવર્તી
11. માર્ગદર્શક કોણ હતા ? અને કોણ અધ્યાપક હતા જેમણે તમને માર્ગદર્શન આપ્યું.
12. કસોટી/અભિપ્રાયાવલી/માપદંડની વિશ્વસનીયતા અને યથાર્થતા કેવી રીતે ચકાસી ?
13. ઉત્કલ્પના ચકાસણી દરમિયાન કેવા પ્રકારની ભૂલો જણાઈ ? શું ટાઈપ- ૧ અને ટાઈપ- ૨ ભૂલ વિશે જાણો છો ?
14. $X^2$ કસોટી માટે કયા સૂત્રનો ઉપયોગ કર્યો ? અસહ સંબંધિત જૂથ માટે કયું સૂત્ર વપરાય ?
15. ટી - કસોટી માટે કયા સૂત્રનો ઉપયોગ કર્યો ?
16. અભ્યાસ માટે તમે કયા કયા સંદર્ભનો ઉપયોગ કર્યો હતો ?
17. તમારા અભ્યાસનું વ્યાપવિશ્વ શું હતું ?
18. તમારા અભ્યાસની અગત્યતા શી ગણાય ?

19. આ અભ્યાસ પરથી તમને કયા પરિણામો પ્રાપ્ત થયા હતા ?
20. અભ્યાસની ઉણપો / ખામીઓ કઈ હતી ?
21. અભ્યાસ માટે તમે ઉપયોગ કરેલ કાર્યક્રમ કેવી રીતે રચ્યો હતો ?
22. નમુના પસંદગી પછી લીધેલ નમૂનો કેટલો હતો ? નમૂનો આટલો લેવો તે શી રીતે નક્કી કર્યું ?
23. તમારા સંશોધન માટે તમે કયા કયા નિષ્ણાતોના અભિપ્રાય લીધા હતા ?
24. સમીક્ષામાં લીધેલ કોઈ એક પૂર્વ સંશોધનનું શીર્ષક સંશોધક જણાવો.
25. તમારા આ અભ્યાસુઓની કોઈપણ એક ખાસ વિશેષતા જણાવો.
26. તમારા સંશોધનના તારણોમાંથી કોઈ પણ બે તારણો જણાવો.
27. સંદર્ભ સૂચિમાં કઈ શૈલીનો ઉપયોગ કર્યો છે? APA ?/ અન્ય ?

**WISH YOU ALL THE BEST**

**"શિક્ષણ એ માણસમાં રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ છે -"સ્વામી વિવેકાનંદ**

**-----------------------------------------------------**

# શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ. કોલેજ, પાલનપુર

## અખબારની અટારીએથી

દિવ્ય ભાસ્કર પાલનપુર 29-07-2022

### પાલનપુરની બી.એડ્.કોલેજના છાત્રોએ બનાસ ડેરીની મુલાકાત કરી



પાલનપુર |બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ દ્વારા તારીખ 27 જુલાઇ-2022 ને બુધવારના રોજ બનાસ ડેરીની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાતમાં કોલેજના 100 તાલીમાર્થીઓ તેમજ બી.એડ્. અને એમ.એડ્. કોલેજના પ્રિન્સિપાલ અને સમગ્ર અધ્યાપકગણ જોડાયા હતા. ડેરીના તમામ પ્લાન્ટ જેવા કે આઈસ્ક્રિમ પ્લાન્ટ, પાવડર પ્લાન્ટ, પનીર પ્લાન્ટ, દુધ પેકેજ પ્લાન્ટ અને ચીઝ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ પ્લાન્ટના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને દરેક ઉત્પાદિત વસ્તુઓની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી અને ડેરીના સમગ્ર સ્ટાફ દ્વારા સહકાર મળ્યો હતો.તસવીર-ભાસ્કર

### અભ્યાસ વર્તુળ શ્રેણી - 5.2 હેઠળ તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું



**પાલનપુર :** બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા શનિવારે અભ્યાસ વર્તુળ શ્રેણી-5.2 હેઠળ સંશોધન ઉપકરણ પસંદગી અને રચના વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન કોલેજના પ્રોફેસર અને હેડ ડો. પિનાક્ષીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું હતું, આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો.સુધીરભાઇ ટંડેલ (એસોસિયેટ પ્રોફેસર, IITE, ગાંધીનગર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. કોલેજના આચાર્યા તથા સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વન જીવો તા.૨-૦૮-૨૦૨૨ મંગળવાર

### અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૨ હેઠળ તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું.



જનસેતુ પ્રતિનિધી તા.૧

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૩૦/૦૭/૨૦૨૨ને શનિવારના રોજ અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૨ હેઠળ સંશોધન ઉપકરણ પસંદગી અને રચના વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કોલેજના પ્રોફેસર અને હેડ ડો.પિનાક્ષીબેન પટેલ હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો.સુધીરભાઈ ટંડેલ (એસોશિયેટ પ્રોફેસર, IITE, ગાંધીનગર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. કોલેજના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### પાલનપુર એમ.એડ.કોલેજમાં શિક્ષક દિન યોજાયો



ફોટો । સંજય જોશી

પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા શિક્ષક દિવસ તારીખ ૦૩/૦૯/૨૦૨૧ને શનિવારના રોજ યોજાયો હતો. આ દિવસે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણકાર્ય અને સમગ્ર સંચાલન કરવામાં આવ્યું હતું. કોલેજના હેડ એન્ડ પ્રોફેસર ડૉ. પિનાક્ષીબેન પટેલ તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### એક દિવસીય રાષ્ટ્રીય સંશોધન સેમિનાર યોજાયો

જનસેતુ પ્રતિનિધી તા.૧૭



શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ અને શ્રીમતી આર. કે. ડી.ખણુસીયા એમ.એડ્. કોલેજના સંયુકત ઉપક્રમે તારીખ ૧૬/૧૦/૨૦૨૨ને રવિવારના રોજ શાળા શિક્ષણમાં અધ્યયન અધ્યાપનનું ભાવિ નવી શિક્ષણ નિતિના સંદર્ભમાં વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના ઉદ્‌ઘાટન સેશનના અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ હાજર રહ્યા હતા. ડૉ. ડી. એ. ઉચાટ (નિવૃત, પ્રો એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) અને ડૉ. અનિલ અંબાસણા (નિવૃત, પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) મુખ્ય મહેમાન અને ડૉ. ડો.ઉષાબેન શારદા (એસો. પ્રો., એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ) અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી, ખજાનચી, વહિવટી અધિકારી, એમ.એડ્. કોલેજના હેડ એન્ડ પ્રોફેસર અને સેમિનારા અધ્યક્ષ ડૉ. પિનાક્ષીબેન પટેલ,બી.એડ્. કોલેજના આચાર્યા ડૉ. છાયાબેન ત્રિવેદી અને અન્ય કોલેજના આચાર્યઓ હાજર રહ્યા હતા. એક દિવસીય આ સેમિનારમાં ભારતભરથી કુલ ૧૯૯ સંશોધકોએ ભાગ લીધો હતો અને કુલ એકસોથી વધારે સંશોધન પેપર રજુ કરવામાં આવ્યા હતાં. સેમિનારના અધ્યક્ષ, કન્વીનર, સહકન્વીનર તથા સેમિનાર કમિટિ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું અને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં એમ.એડ્. કોલેજના પ્રો એન્ડ હેડના ત્રણ પુસ્તકોનું અને એમ.એડ્. કોલેજના એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

# પાલનપુરની બી.એડ અને એમ. એડ કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



ફોટો | સંજય જોશી

(રખેવાળ ન્યૂઝ) પાલનપુર, તા.૬

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત માતુશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્.કોલેજ,પાલનપુર અને શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજમાં તારીખ ૨૬/૯/૨૦૨૨ને સોમવારના રોજ પ્રવેશોત્સવ ઉજવાયો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ અને અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ચંદ્રેશભાઈ ઠાકર હાજર રહ્યાં હતા તેમને નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આશીર્વચન આપી અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાના પ્રમુખ, બી.એડ્. કોલેજના આચાર્યા ડૉ.છાયાબેન ત્રિવેદી અને એમ.એડ્. કોલેજના હેડ એન્ડ પ્રોફેસર ડૉ. પિનાક્ષીબેન પટેલે તમામ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા તથા તમામ અધ્યાપકઓએ નવા વિદ્યાર્થીઓને આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

# અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૪ હેઠળ તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું.



જનસેતુ,પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૦૧/૧૦/૨૦૨૨ને શનિવારના રોજ અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૪ હેઠળ શૈક્ષણિક સંશોધન દરખાસ્ત વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુહતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ.હિમાંશુ આચાર્ય (આ.પ્રોફેસર, અંગ્રજી માધ્યમ બી.એડ્. કોલેજ વિદ્યામંદિર, પાલનપુર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. કોલેજના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પાલનપુરમાં G20 અંતર્ગત આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઊજવણી કરાઈ



**પાલનપુર | પાલનપુરની** આર.કે.ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજ અને માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા સોમવારના રોજ G20 અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીની કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ નાથાભાઈ પટેલ, મંત્રી અમરતભાઈ પટેલ, ખજાનચી યશવંતભાઈ પટેલ, કોરોબારી સભ્ય શામળભાઈ પટેલ, એમ.એડ્.કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ તથા બી.એડ્.કોલેજના આચાર્યા ડૉ.છાયાબેન ત્રિવેદી તથા તમામ અધ્યાપકો હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તથા તજજ્ઞ તરીકે રમીલાબા રાઠોડ (દહેજ પ્રતિબંધક અધિકારી,બ.કાં.), જી.ડી.આહિર (મહિલા પી.આઈ.,પાલનપુર, બ.કાં.), ડૉ. બ્રિજલબેન પટેલ (ફીજીયોથેરાફિસ્ટ, પાલનપુર) હાજર રહ્યાં હતા.

# G20 અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીની કરવામાં આવી



જનસેતુ,પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ, અને માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૦૬/૦૩/૨૦૨૩ને સોમવારના રોજ ૮૨૦ અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીની કરવામાં આવી હતી. આ કાર્યક્રમ હેઠળ સ્ત્રી યોજનાઓ અને દહેજ પ્રથા, મહિલા સશક્તિકરણ અને મહિલા અધિકારો અને મહિલા સ્વાસ્થ્ય જાગૃતિ વિષય પર તજજ્ઞ દ્વારા વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી નાથાભાઈ પટેલ, મંત્રીશ્રી અમરતભાઈ પટેલ, ખજાનચીશ્રી યશવંતભાઈ પટેલ, કોરોબારી સભ્ય શામળભાઈ પટેલ, એમ. એડ્. કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ તથા બી. એડ્.કોલેજના આચાર્યા ડૉ.છાયાબેન ત્રિવેદી તથા તમામ અધ્યાપકશ્રીઓ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તથા તજજ્ઞ તરીકે શ્રી રમીલાબા રાઠોડ (દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી ,બ.કા.), શ્રી જી.ડી.આહિર (મહિલા પી.આઈ.,પાલનપુર, બ.કા.) તથા ડૉ. બ્રિજલબેન પટેલ (ફીજીયોથેરાફિસ્ટ, પાલનપુર) હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે બંને કોલેજના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. બન્ને કોલેજના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દિવ્ય ભાસ્કર

## પાલનપુર 23-01-2023

# પાલનપુર શહેરની કોલેજમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની ઊજવણી

પાલનપુર | શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજમાં સ્વામી વિવેકાનંદની જન્મ જ્યંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વામી વિવેકાનંદના જીવન પર વક્તવ્ય આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કોલેજના આચાર્યા ડૉ.પિનાક્ષીબેન પટેલ હતાં. કોલેજના પ્રિન્સિપાલ તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૬ હેઠળ તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું.



જનસેતુ,પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ, અને માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી. એડ્. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૦૩/૦૨/૨૦૨૩ને શુક્રવારના રોજ અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૬ હેઠળ સ્ત્રી શિક્ષણ અને કાયદો વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં એમ. એડ્. કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ તથા બી. એડ્.કોલેજના આચાર્યા ડૉ.છાયાબેન ત્રિવેદી તથા તમામ અધ્યાપકશ્રીઓ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. બિનલબેન પટેલ (ઈ.આચાર્યા, લો કોલેજ, હિંમતનગર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. બન્ને કોલેજના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# All Press Note (Year-2023-24)

## પાલનપુરની ગોવિંદા બી.એડ. કોલેજમાં તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું

ફોટો । સંજય જોશી



(રખેવાળ ન્યૂઝ) પાલનપુર, તા.૨૧ શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ. એડ્. કોલેજ અને માતુશ્રી એસ. એસ. ગોવિંદા બી. એડ્. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૨૦/૦૯/૨૦૨૩ને મંગળવારના રોજ અભ્યાસ વર્તુળ શ્રેણી -૬.૧ હેઠળ ભાષા સજ્જતા (TAT પરીક્ષા લક્ષી) વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં એમ. એડ્. કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ તથા બી. એડ્.કોલેજના આચાર્યા ડો. છાયાબેન ત્રિવેદી તથા તમામ અધ્યાપકઓ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે દશરથ ભાઈ પટણી (પ્રવાસી શિક્ષક એમ.બી. કરણાવત હાઈસ્કૂલ, પાલનપુર) હતા.

આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. બન્ને કોલેજના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દિવ્ય ભાસ્કર પાલનપુર 08-07-2023

## પાલનપુરની કોલેજમાં અભ્યાસ વર્તુળ શ્રેણી 6.2 હેઠળ તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન



પાલનપુર । શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ અને માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા ગુરુવારના રોજ અભ્યાસ વર્તુળ શ્રેણી -6.2 હેઠળ એનસીએફએસ અભ્યાસક્રમ માળખુ -2022 વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં એમ. એડ્. કોલેજના પ્રોફેસર અને હેડ ડો.પિનાક્ષીબેન પટેલ તથા બી.એડ્. કોલેજના આચાર્યા ડો.છાયાબેન ત્રિવેદી તથા તમામ અધ્યાપકો હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે દિનેશભાઈ બલોળિયા અને નિશાબેન દવે આ.પ્રોફેસર, માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં.

### શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર દ્વારા

## નવરાત્રી મહોત્સવની ઊજવણી કરવામાં આવી



જનસેતુ,પાલનપુર,તા.૧૯ : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ દ્વારા તારીખ ૧૯/૧૦/૨૦૨૩ને ગુરુવારના રોજ એક દિવસીય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કે.બી. કરણાવત પ્રાથમિક શાળા, શ્રી કે. એમ. ઈલાસરિયા બાલમંદિર, શ્રી એમ. જે જગાણિયા અંગ્રેજી માધ્યમ બાલમંદિર, શ્રી કે.વી. જગાણિયા અંગ્રેજી માધ્યમ શાળા, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અંગ્રેજી માધ્યમ શાળા, માતુશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્. કોલેજ, શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્.કોલેજ અને બી.એ. અને બી. કોમ કોલેજના તમામ વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, શિક્ષણશ્રીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ આ મહોત્સવમાં જોડાયા હતાં. સંસ્થાના હોદ્દેદારો, તમામ સંસ્થાના વડાઓ અને શિક્ષકશ્રીઓ દ્વારા માતાજીની આરતી ઉતારવામાં આવી ત્યાર બાદ તમામ ખેલૈયાઓ ગરબે ઝુમ્યા હતા. માતાજીની આરાધના કરી નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

## શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ અને હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે પાલનપુર ખાતે પરમવીર વંદન કાર્યક્રમ યોજાયો

### હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાનના ઘનશ્યામભાઈ વ્યાસે પરમવીર ચક્ર વિજેતાઓની શોર્ય ગાથાનું વર્ણન કર્યું



#### ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓને વંદન કરી દેશદાઝની ભાવના વ્યક્ત કરાઈ

માહિતી બ્યુરો, પાલનપુર, તા.૧૪ : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ પાલનપુર અને હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે કર્ણાવત સ્કૂલ, પાલનપુર ખાતે પરમવીર વંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નૈતિક મૂલ્યો દ્વારા રાષ્ટ્ર નિર્માણની સાથે રાષ્ટ્ર ભક્તિ જાગરણ અન્વયે રાષ્ટ્ર માટે સર્વસ્વ અર્પણ કરનાર ૨૧ પરમવીર ચક્ર વિજેતા દેશભક્તોનું ઋણ ચૂકવવા અનોખો પરમવીર વંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના બાળકો એ ૨૧ પરમવીર ચક્ર મેળવેલા દેશભક્તોની તસવીર લઈને સંપૂર્ણ માન સન્માન સાથે સ્ટેજ પર આવ્યા હતા અને જ્યાં સમાજના જુદા જુદા આગેવાનો દ્વારા પરમવીર ચક્ર મેળવેલા દેશભક્તો ના માથે તિલક કરી વંદન કરવામાં આવ્યા હતા. જે બાદ તમામ બાળકો ને પરમવીર ચક્રની છબી સાથે શોર્ય ગાથાનું આલેખન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના અન્ય નિવૃત આર્મીમેનનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાના સચિવ અને સંઘના પ્રાંત કાર્યકારી ઘનશ્યામભાઈ વ્યાસે બાળકોમાં દેશભાવના જાગૃત કરવા જુદા જુદા દ્રષ્ટાંતો આપી આપણે સલામત જીવન જીવી રહ્યા છીએ તેની પાછળ તેમનું બલિદાન છે એ આપણે ન ભૂલવું જોઈએ તેવો સંદેશ પાઠવ્યો હતો. હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થા દ્વારા હિન્દુ સામ્રાજ્યના સ્થાપક શિવાજી મહારાજ તેમજ ભારતીય નારીના સન્માનની સાથે ભારતીય સંસ્કૃતિની કામગીરી વર્ષોથી કરે છે. આપણા તહેવારો ઉજવવા ઉપરાંત સમગ્ર વિશ્વને મિત્રતાનો સંદેશ શીખવે છે. આ સંસ્થા દ્વારા માતૃપિતૃ વંદન-પ્રકૃતિ વંદન સહિતના કાર્યક્રમ કરવામાં આવે છે. અને નૈતિકતા સાથે દેશભક્તિનું કામ કરવામાં આવે છે. કાર્યક્રમ અંતર્ગત વીર જવાનોની જીવનગાથા રજૂ કરી દેશભક્તિનો માહોલ સર્જવામાં આવ્યો હતો. બાળકોએ પરમવીર ચક્ર વિજેતાઓની તસવીરને લઈ નીકળતા ફોજી ભાઈઓને સલામી અપાઈ હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર વરુણકુમાર બરનવાલ, ધારાસભ્ય અનિકેત ઠાકર, મણિભદ્ર વીર મહારાજના ગાદીપતિ વિજયસોમજી મહારાજ, અને બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ સહિત સમગ્ર સંચાલક મંડળ શિક્ષકો વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## એક દિવસીય રાજ્ય કક્ષાનો સેમિનાર યોજાયો



જનસેતુ,પાલનપુર,તા.૦૫ : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત માતૃશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્. કોલેજ અને શ્રીમતી આર. કે. ડી.ખણુસીયા એમ.એડ્. કોલેજના સંયુક્ત ઉપક્રમે તારીખ ૦૪/૧૧/૨૦૨૩ને શનિવારના રોજ ભારતીય જ્ઞાન પરંપરા વિષય પર એક દિવસીય રાજ્ય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના ઉદ્ઘાટન સેશનના અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ હાજર રહ્યા હતા. ડૉ. ગિરીશભાઈ ઠાકર (પુર્વ કુલપતિ, સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથ) અને ડૉ. જયનાબેન જોષી (પ્રોફેસર, IITE, ગાંધીનગર) ડૉ.દિપિકાબેન પટેલ (એસો. પ્રોફેસર, IITE, ગાંધીનગર) તજજ્ઞ તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના ખજાનચી, વહિવટી અધિકારી, એમ.એડ્. કોલેજના હેડ એન્ડ પ્રોફેસર ડૉ. પિનાક્ષીબેન પટેલ તથા બી.એડ્. કોલેજના આચાર્યા ડૉ. છાયાબેન ત્રિવેદી હાજર રહ્યા હતા. એક દિવસીય આ કાર્યક્રમમાં તજજ્ઞ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ભારતીય જ્ઞાન પરંપરા અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. બંને કોલેજના પ્રિન્સિપાલ તથા સમગ્ર સ્ટાફ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું અને સફળ બનાવ્યો હતો.

## ગોવિંદા બી.એડ.કોલેજમાં એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો



પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ કોલેજ અને શ્રીમતી આર. કે.ડી.ખણુસીયા એમ.એડ કોલેજના સંયુક્ત ઉપક્રમે તારીખ ૪-૧૧-૨૩ને શનિવારના રોજ ભારતીય જ્ઞાન પરંપરા વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સેમિનારના ઉદ્ઘાટન સેશનના અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ હાજર રહ્યા હતા. ડો.ગિરીશભાઈ ઠાકર (પુર્વ કુલપતિ, શ્રી સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથ) અને ડો.જયનાબેન જોષી (પ્રોફેસર,ગાંધીનગર), ડો.દિપિકાબેન પટેલ (એસો.પ્રોફેસર,ગાંધીનગર) તજજ્ઞ તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના ખજાનચી, વહિવટી અધિકારી, એમ.એડ કોલેજના હેડ એન્ડ પ્રોફેસર ડો.પિનાક્ષી બેન પટેલ તથા બી.એડ કોલેજના આચાર્યા ડો. છાયાબેન ત્રિવેદી હાજર રહ્યા હતા. એકદિવસીય આ કાર્યક્રમમાં તજજ્ઞ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ભારતીય જ્ઞાન પરંપરા અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. બંને કોલેજના પ્રિન્સિપાલ તથા સમગ્ર સ્ટાફ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું અને સફળ બનાવ્યો હતો.

# Golden Jubilee And Convocation Programme ( DATE:- 31/03/2024)














# Wel Come Ceremony Day (Date:- 27/07/2023)














# State Level Seminar (Dr. Girish Thakar, Dr. J. K. Joshi, Dr. D. B. Patel )
# ( Date:- 04/11/2023)















## સંશોધન પ્રક્રિયાના સોપાનો / Steps of Research Process

| | |
|---|---|
| Setection of Research Problem | ⇨ સંશોધન સમસ્યાની પસંદગી |
| Statement of Research Problem & Objectives | ⇨ હેતુઓ અને શીર્ષકનું નિર્ધારણ |
| Formulation of Hypotheses | ⇨ ઉત્કલ્પનાઓની રચના |
| Identification of variablas & their behaviour ? | ⇨ ચલોની ઓળખ અને તેમનું વ્યવહારિક વ્યાખ્યાયીકરણ |
| Selection / construction of tool | ⇨ ઉપકરણની પસંદગી / રચના |
| Selection of Sample | ⇨ નમૂનાની પસંદગી |
| Implimenition of Research method | ⇨ સંશોધન પદ્ધતિનું અમલીકરણ |
| Date callection | ⇨ માહિતીનું એકત્રીકરણ |
| Date anaiysis & interpretation | ⇨ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન |
| Implication of research findings | ⇨ સંશોધન ફલિતાર્થોની તારવણી |
| Research report writing | ⇨ સંશોધન અહેવાલનું લેખન |

## સંશોધન દરખાસ્ત / Research Proposal

### પરિચયાત્મક વિભાગ
### Introduction Section

- પરિચય / Introduction
- શીર્ષક / Title
- સમસ્યા કથન / Statement of The Problem
- સંબધિત સાહિત્યની સમીક્ષા / Review of Related Literature
- સંશોધનનું ક્ષેત્ર / Area of Research
- અભ્યાસના હેતુઓ / Objectives of The Study
- ઉત્કલ્પનાઓ / Hypotheses
- અભ્યાસની અર્થ સૂચકતા / Significance of study
- અભ્યાસની ક્ષેત્ર મર્યાદાઓ / Delimitations of the study

### કાર્ય પદ્ધતિ વિભાગ
### Method Section

- નમૂનો / Sample
- ઉપકરણો / Tools
- સંશોધન પદ્ધતિ / Method of Research
- પૃથક્કરણ પ્રવિધિ / Analysis procedure
- સમય આયોજન / Time Schedule
- આર્થિક ખર્ચનું આયોજન / Budget
- સંદર્ભ સૂચિ / Bibliography


ચલો વચ્ચેના સબંધો / Relatienship ameng Varibles
સ્વતંત્ર ચલ
Independent variblas
પરિવર્તક ચલ
Moderati
અંકુશિત ચલ
Controller
આંતરવર્તી ચલ
Intervening
પરતંત્ર ચલ
Dependent Variblas


સંશોધનના પ્રકાર / Types of Research
હેતુના આધારે પ્રકાર
On the basis of aim
માહિતીના આધારે પ્રકાર
On the basis of data
મૂલગત સંશોધન
Basis or Research
ક્રિયાત્મક સંશોધન
Action Research
વ્યાવહારિક સંશોધન
Applied Research
સંખ્યાત્મક
Suantitative
ગુણાત્મક
Qualitative


નમૂના પસંદગી / Sampling
સંભાવ્ય નમૂના પસંદગી
Probability Sampling
વિશિષ્ટ નમૂના પસંદગી
Specific Sampling
બિન સંભાવ્ય નમૂના પસંદગી
Non Probability Sampling
આકસ્મિક નમૂના પસંદગી
Random Sampling
બમણા નમૂના પસંદગી
Double Sampling
અનુકૂલની સહજ નમૂના પસંદગી
Convenient incidental Sampling
સ્તરીકૃત આકસ્મિક નમૂના પસંદગી
Staratitied Random Sampling
જોડકા નમૂના પસંદગી
Matched Pair Sampling
સહેતુક નમૂના પસંદગી
Purposive Sampling
યોજના બધ્ધ નમૂના પસંદગી
Systematic Sampling
ક્રમશ: નમૂના પસંદગી
Seauential Sampling
નિયત હિસ્સા નમૂના પસંદગી
Quota Sampling
ઝૂમખા નમૂના પસંદગી
Cluster Sampling
સ્નોબોલ નમૂના પસંદગી
Snowball Sampling
વ્યાવહારિક સંશોધન
Applied Research

## ઉત્કલ્પનાઓ / Hypotheses

- દિશા સૂચક
  Directive
- બિન દિશા સૂચક
  Non Directive
- પ્રશ્ન સ્વરૂપ
  Question form
- સંશોધન ઉત્કલ્પનાઓ
  Research Hypotheses
- શૂન્ય ઉત્કલ્પનાઓ
  Null Hypotheses
- શાસ્ત્રીય
  Classical
- વ્યાવહારિક
  Behavioural

## ચલ / Varibles

- સ્વતંત્ર ચલ
  Independent Variblas
  - પરિવર્તક ચલ
    Moderati
  - અંકુશિત ચલ
    Controller
- પરતંત્ર ચલ
  Dependent Variblas
- આંતરવર્તી ચલ
  Intervening

## સંશોધનના ઉપકરણો
## Tools of Research

- પ્રશ્નાવલી
  Questionnaire
- મુલાકાત
  Interview
- અવલોકન
  Obeservation
- ક્રમ માપદંડ
  Rating scale
- મનોવૈજ્ઞાનિક કસોટી
  Paychologic test
- વલણ માપદંડ
  Attitude scale

## અન્ય ઉપકરણો
## Other Tools

- મુલ્યાંનકન પત્ર
  Score card
- આલેખ યાદી
  Check list
- Q-વર્ગીકરણ
  Q-shert
- સેમાન્ટીક ડિફ્રન્શિયલ
  Semantic differantial

## પૂર્ણ પ્રયોગિક યોજનાઓ / True - enperimental design

- બે જુથો આકસ્મિક પાત્રો, માત્ર ઉત્તર કસોટી યોજના ⇨ Two groups randomized subjeets. post test only design
- આકસ્મિક બે જુથો જોડકાં પાત્રો, માત્ર ઉત્તર કસોટી યોજના ⇨ Two groups randomized matched subgectrs post test design
- આકસ્મિક બે જૂથો પૂર્વ કસોટી, ઉત્તર કસોટી યોજના ⇨ Randomized two groups per test design
- સોલોમન આકસ્મિક ચાર જુથો યુસ્ત યોજના ⇨ Randomized solomon four groups design
- આવયવિક યોજના ⇨ Factorial design

## આંશિક પ્રયોગિક યોજનાઓ / Quasi - enpirimental design

- બિન આકસ્મિક બે જુથો, પૂર્વ કસોટી-ઉત્તર કસોટી યોજના ⇨ Non-Randomized tow groups pretestr design
- સંતુલીત યોજના / પરિવર્તિત જુથોની યોજના ⇨ Counter balanc design / rotation group design
- સમય ક્રમિક યોજનાઓ ⇨ Time series design

# દાતાશ્રી



સ્વ. કરસનભાઈ દેવાભાઈ ખણુંસિયા (પટેલ)



સ્વ. રેવાબેન કરસનભાઈ ખણુંસિયા (પટેલ)













